અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 24 ઓક્ટોબર 2026 શનિવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, આસો સુદ - 13 | અંક : 115 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 અમેરિકામાં પહેલીવાર પંજાબીના નામે કાયદો: 'રોમાંચ લૉ' પસાર, ઘોડાગાડી પર પ્રતિબંધ લાગ્યો

4  ગ્રીન એનર્જીના મોટા દાવાઓ અને પ્રજાને વીજકાપનો કરંટ!

6  'અનેક રામાયણમાં રાવણને હીરો અને રામને મૌન બતાવાયા...', મહાભારતના 'દુર્યોધન'નું નિવેદન ચર્ચામાં

7 શેરબજારમાં ભારે ઉતાર-ચઢાવ, સેન્સેક્સ દિવસની ઊંચી સપાટીથી 800 પૉઇન્ટ ગગડ્યો, મેટલ શેરોમાં વેચવાલી

ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની ખુરશી જોખમમાં!

ઓમ બિરલાએ કહ્યું- વિપક્ષ નવો પ્રસ્તાવ લાવશે તો તપાસ થશે, આ પહેલાં વિપક્ષની 2 નોટિસ ફગાવાઈ

નવી દિલ્હી, તા.23

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું કે જો મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા માટે વિપક્ષ નવો મહાભિયોગ પ્રસ્તાવ લાવશે, તો તેના પર વિચાર કરવામાં આવશે. તેમણે કહ્યું કે નોટિસ મળ્યા બાદ નિયમો અને નિર્ધારિત પ્રક્રિયા હેઠળ તેની તપાસ કરવામાં આવશે.

જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા માટે વિપક્ષ અત્યાર સુધીમાં બે વખત નોટિસ આપી ચૂક્યો છે. પહેલીવાર લોકસભા અને રાજ્યસભામાંથી નોટિસ ફગાવી દેવામાં આવી હતી. બીજીવાર રાજ્યસભામાં આપવામાં આવેલી નોટિસ પર હજુ નિર્ણય લેવાયો નથી. સરકાર આ જ મહિને સંસદનું વિશેષ સત્ર બોલાવી શકે છે. વિપક્ષ તેમાં ત્રીજીવાર જ્ઞાનેશ કુમારને હટાવવાનો પ્રસ્તાવ લાવી શકે છે.

વિપક્ષ સહિત અનેક સંગઠનો SIRમાં ગેરરીતિનો આરોપ લગાવીને દેશના જુદા જુદા ભાગોમાં જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગને લઈને પ્રદર્શન કરી રહ્યા છે.

મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવાની પ્રક્રિયા સામાન્ય સરકારી અધિકારીઓથી અલગ છે. તેમને સુપ્રીમ કોર્ટના જજની જેમ જ વિશેષ બંધારણીય પ્રક્રિયા હેઠળ હટાવી શકાય છે. આ માટે સંસદના બંને ગૃહોમાં પ્રસ્તાવ પસાર થવો જરૂરી છે.

પ્રસ્તાવ દરેક ગૃહની કુલ સભ્ય સંખ્યાના બહુમતી અને હાજર રહીને મતદાન કરતા સભ્યોના ઓછામાં ઓછા બે-તૃતીયાંશ સમર્થનથી પસાર કરવો પડે છે. પદ પરથી હટાવવાનો આધાર સાબિત થયેલું ગેરવર્તન અથવા કામ કરવામાં અસમર્થતા હોવી જોઈએ. માત્ર વિરોધ પ્રદર્શન અથવા રાજીનામાની માંગથી CECને પદ પરથી હટાવી શકાય નહીં.

જજોને હટાવવા સંબંધિત 1968ના કાયદા હેઠળ પ્રસ્તાવ સ્વીકારવામાં આવે તો લોકસભાના અધ્યક્ષ અથવા રાજ્યસભાના અધ્યક્ષ ત્રણ સભ્યોની તપાસ સમિતિ બનાવી શકે છે. તેમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ, હાઈકોર્ટના મુખ્ય જસ્ટિસ અને કાયદાના ક્ષેત્રના એક પ્રતિષ્ઠિત નિષ્ણાતનો સમાવેશ થાય છે.

સમિતિ આરોપોની તપાસ કરીને અહેવાલ આપે છે. આરોપો સાબિત થયા પછી પણ પદ પરથી હટાવવા માટે સંસદના બંને ગૃહોમાં નિર્ધારિત બહુમતીથી પ્રસ્તાવ પસાર થવો જરૂરી છે. ત્યારબાદ રાષ્ટ્રપતિ પદ પરથી હટાવવાની ઔપચારિક કાર્યવાહી કરે છે.

યુરોપનું બીજું સૌથી મોટું હથિયાર સપ્લાયર બન્યું ભારત

- પહેલા 28મું હતું, રશિયા-યુક્રેન યુદ્ધ પછીથી ₹8000 કરોડના દારૂગોળાની સપ્લાય કરી, નિકાસ 1600% વધી

નવી દિલ્હી, તા.23

ભારત વૈશ્વિક હથિયાર નિકાસકાર તરીકે ઉભરી આવ્યું છે. ટ્રેડ ડેટા મોનિટર અનુસાર, રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ ભારતે યુરોપિયન દેશોને 8,271 કરોડ રૂપિયાનો દારૂગોળો સપ્લાય કર્યો છે, જેમાં આર્ટિલરી અને મોર્ટાર શેલ્સનો સમાવેશ થાય છે.

રિપોર્ટ મુજબ, પૂર્વી અને મધ્ય યુરોપમાં ભારતની સંરક્ષણ નિકાસમાં 1,600%નો વધારો થયો છે. ભારત હવે દક્ષિણ કોરિયા બાદ આ ક્ષેત્રનો બીજો સૌથી મોટો દારૂગોળો સપ્લાયર છે. ચાર વર્ષ પહેલાં તે 28મા સ્થાને હતું.

બીજી તરફ, માર્ચ 2026 સુધીમાં ભારત ઈઝરાઈલને વિમાન, હેલિકોપ્ટર અને ડ્રોનના પાર્ટ્સ સપ્લાય કરનાર ત્રીજો સૌથી મોટો વિદેશી સપ્લાયર બની ગયો છે, જ્યારે 2023માં તે નવમા સ્થાને હતું. હથિયારોના વેપાર પર સંશોધન કરતી સ્વીડનની સંસ્થા સિપરીના વરિષ્ઠ સંશોધક સિમોન વેઝમેનનું કહેવું છે કે યુક્રેનની જરૂરિયાતો અને યુરોપની સંરક્ષણ માંગણીઓ પૂરી કરવા માટે ભારત પાસેથી હથિયારોની આયાત કરવામાં આવી રહી છે.

ભારત પાસે આ ક્ષેત્રમાં એક વિકસિત સંરક્ષણ ઉદ્યોગ છે. બીજી તરફ, કિંગ્સ કોલેજ લંડનમાં રાજકીય વિજ્ઞાની વૉલ્ટર લાડવિગ કહે છે કે ભારતીય કંપનીઓ સીધા યુક્રેનને હથિયારો આપવાને બદલે યુરોપીય દેશોને વેચી રહી છે.

ભારતનો સંરક્ષણ ઉદ્યોગ એક તરફ યુરોપ અને યુક્રેનના સહયોગી દેશોને દારૂગોળો પૂરો પાડી રહ્યો છે, તો બીજી તરફ પશ્ચિમ એશિયામાં ઈઝરાઈલની સૈન્ય જરૂરિયાતો પણ મોટા પાયે પૂરી કરી રહ્યો છે.

પીયૂષ ગોયલે કહ્યું- જળવાયુ સંકટ માટે યુરોપ વધુ જવાબદાર: દુનિયાની 17% વસ્તી ભારતમાં, તેમ છતાં કાર્બન ઉત્સર્જનમાં હિસ્સો 3%થી ઓછો

બર્લિન, તા.23

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે ગુરુવારે જળવાયુ સંકટ માટે યુરોપને મોટું જવાબદાર ઠેરવ્યું છે. તેમણે કહ્યું કે ભારતમાં વિશ્વની 17% વસ્તી છે, પરંતુ કાર્બન ઉત્સર્જનમાં તેનો ફાળો 3%થી પણ ઓછો છે. ગોયલે જર્મનીમાં બર્લિન ગ્લોબલ ડાયલોગ કાર્યક્રમમાં કહ્યું કે ભારતની સરખામણીએ યુરોપનું પ્રતિ વ્યક્તિ કાર્બન ઉત્સર્જન 7થી 8 ગણું વધારે છે. મંત્રીએ કહ્યું કે ભારતે જળવાયુ પરિવર્તન સાથે જોડાયેલી પોતાની જવાબદારીઓ નિભાવવાની સાથે 1.4 અબજ લોકોની જરૂરિયાતો પણ પૂરી કરવાની છે.

ગોયલે કહ્યું કે જળવાયુ સંકટનો સામનો કરવાની જવાબદારી તે દેશોની વધુ હોવી જોઈએ, જેમણે દાયકાઓ સુધી કુદરતી સંસાધનોનો ઉપયોગ કરીને આર્થિક વિકાસ કર્યો અને પર્યાવરણને નુકસાન પહોંચાડ્યું. તેમણે 2015માં યોજાયેલી પેરિસ જળવાયુ પરિષદનો ઉલ્લેખ કરતાં

કહ્યું કે તે સમયે વિકસિત દેશોએ વિકાસશીલ અને ઓછા વિકસિત દેશોની મદદ કરવા પર સહમતિ વ્યક્ત કરી હતી. આમાં પ્રશાંત મહાસાગર અને કેરેબિયન ક્ષેત્રના નાના દ્વીપીય દેશો પણ સામેલ હતા, જે જળવાયુ પરિવર્તનના જોખમથી વધુ અસર થાય છે. ગોયલના જણાવ્યા અનુસાર, વિકસિત દેશોએ દર વર્ષે 100 અબજ ડૉલર એટલે કે આશરે 9 લાખ કરોડ રૂપિયાની આર્થિક મદદ આપવાનું વચન આપ્યું હતું. ગોયલે કહ્યું કે ભારત સંસાધનોનો બગાડ રોકવા અને વસ્તુઓનો ફરીથી ઉપયોગ કરવા પર ભાર મૂકી રહ્યું છે. આ પડકારો છતાં ભારત સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. દેશનો સ્વચ્છ ઊર્જા કાર્યક્રમ વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા કાર્યક્રમોમાંનો એક છે. ઊર્જા ક્ષેત્ર પર નજર રાખતી સંસ્થા એમ્બરના જણાવ્યા અનુસાર, 2024માં ભારત પવન અને સૌર ઊર્જાથી વીજળી ઉત્પન્ન કરવાના મામલે જર્મનીને પાછળ ધકેલીને વિશ્વમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું હતું. જ્યારે, 2025માં ભારતમાં નવીનીકરણીય ઊર્જાથી વીજળી ઉત્પાદનમાં વિક્રમી વધારો થયો. સૌર, પવન, જળવિદ્યુત અને જૈવ ઊર્જાથી વીજળીનું ઉત્પાદન કુલ 98 ટેરાવોટ-કલાક વધ્યું. ફેક્ટ ચેક-2023માં દુનિયાના કુલ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ભારતનો હિસ્સો આશરે 7.8% હતો. જ્યારે, પ્રતિ વ્યક્તિ ઉત્સર્જનના મામલે યુરોપિયન યુનિયન ભારતથી આગળ છે. ત્યાં દરેક વ્યક્તિ વાર્ષિક સરેરાશ 7.2 ટન ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જિત કરે છે, જ્યારે ભારતમાં આ આંકડો 2.9 ટન છે.

પુંછમાં સેનાએ 7 શંકાસ્પદ IED જપ્ત કર્યા: લાઈટ મશીન ગનના મેગેઝિન પણ મળ્યા

પુંછ, તા.23

જમ્મુ-કાશ્મીરના પૂંછમાં સેનાએ સર્ચ ઓપરેશન દરમિયાન 7 શંકાસ્પદ IED અને 7.62 મિમી લાઈટ મશીન ગન (LMG)ની મેગેઝિન જપ્ત કરી. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુપ્ત માહિતી મળ્યા બાદ 156 ટેરિટોરિયલ આર્મી અને 37 રાષ્ટ્રીય રાઈફલ્સે કાસબલારી ગામ નજીક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

આ દરમિયાન ભૂરી ટેપથી લપેટેલા 6 કન્ટેનર, વાદળી ટેપથી લપેટેલું 1 કન્ટેનર અને એક શંકાસ્પદ મેગેઝિન કન્ટેનર મળી આવ્યું. આ ઉપરાંત એક કાળી બેગ, કોમ્બેટ પાઉચ, પાવર ઍડેપ્ટર, વીજળીનો સ્ત્રોત, એલ્યુમિનિયમ કન્ટેનર અને ટિફિન પણ મળી આવ્યા.

બીજી તરફ, બારામુલ્લામાં સુરક્ષાદળોએ 22 ઑક્ટોબરે 2 શંકાસ્પદ આતંકવાદી મદદગારોની ધરપકડ કરી હતી. તેમની પાસેથી તુર્કીમાં બનેલી કનિક પિસ્તોલ, 10 કારતૂસવાળી મેગેઝિન અને 2 IED મળી આવ્યા હતા. છેલ્લા 60 દિવસમાં 18 આતંકવાદી મદદગારોની ધરપકડ કરવામાં આવી છે.

બારામુલામાં બંને શંકાસ્પદ ઓવરગ્રાઉન્ડ વર્કર (OGW) તરીકે કામ કરી રહ્યા હતા. તેમના પર આતંકવાદીઓ સુધી હથિયારો અને વિસ્ફોટકો પહોંચાડવામાં મદદ કરવાનો શંકા છે. બંને સોપોરના ચિંકીપોરાના રહેવાસી છે.

ગુપ્ત માહિતીના આધારે સેનાની 52 રાષ્ટ્રીય રાઈફલ્સ અને બારામુલા પોલીસે સંયુક્ત

કાર્યવાહી કરીને બંનેની ડેલિના ઘાટ પાસે આવેલા દારપુરા નર્સરી વિસ્તારમાંથી ધરપકડ કરી. મામલાની તપાસ ચાલુ છે.

જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં સુરક્ષા દળોએ 9 સપ્ટેમ્બરે હિઝબુલ મુજાહિદ્દીન સાથે જોડાયેલા પૂર્વ આતંકવાદી મંજૂર અહમદ ભટની ધરપકડ કરી. તેની પાસેથી ચીનમાં બનેલી પિસ્તોલ, 2 મેગેઝિન અને 16 ગોળીઓ મળી આવી.

પોલીસના જણાવ્યા મુજબ, મંજૂરની અગાઉ પણ 2 કેસમાં ધરપકડ થઈ ચૂકી છે. તે સંગઠન માટે આતંકવાદી પ્રવૃત્તિઓમાં મદદ કરવા ઉપરાંત હથિયારો પૂરા પાડવાનું કામ કરતો હતો.

જમ્મુ-કાશ્મીરના શોપિયાં જિલ્લામાં સુરક્ષાદળોએ 24 ઓગસ્ટની રાત્રે ચેકિંગ દરમિયાન 6 શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરી હતી. તેમની પાસેથી 2 હેન્ડ ગ્રેનેડ અને હિઝબુલ મુજાહિદ્દીનનાં 5 પોસ્ટર મળ્યાં હતાં.

બીજી તરફ, પુલવામામાં પણ સુરક્ષાદળોએ ચરવાન જંગલમાં સર્ચ ઓપરેશન દરમિયાન બે શંકાસ્પદ આતંકવાદી સહયોગીઓની ધરપકડ કરી હતી. તેમની પાસેથી એક પિસ્તોલ, 12 કારતૂસ અને હેન્ડ ગ્રેનેડ જપ્ત કરવામાં આવ્યા હતા.

આ પહેલાં સોપોરના મંજીસર વિસ્તારમાં સુરક્ષાદળોએ સંયુક્ત સર્ચ ઓપરેશનમાં હથિયારો જપ્ત કર્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, એક ખાલી પડેલા મકાનમાંથી AK-47 રાઈફલ, 3 મેગેઝિન, 72 કારતૂસ, 4 હેન્ડ ગ્રેનેડ અને એક IED જપ્ત કરવામાં આવ્યું હતું.

જમ્મુ-કાશ્મીર પોલીસે લશ્કર-એ-તૈયબા ટેરર મોડ્યુલ સાથે જોડાયેલા કુલ 5 લોકોને ધરપકડ કરી હતી. તેમાંના બે પાકિસ્તાની આતંકવાદીઓ હતા અને બાકીના તેમના મદદગાર હતા. એક આતંકવાદીની ઓળખ અબ્દુલ્લા ઉર્ફે અબુ હુરૈરા તરીકે થઈ હતી. અબ્દુલ્લા 16 વર્ષથી ફરાર હતો. જ્યારે બીજા પાકિસ્તાની આતંકવાદીનું નામ ઉસ્માન ઉર્ફે ખુબૈબ હતું.

PM મોદીએ સ્વામી ચિન્મયાનંદના હોલોગ્રામ સાથે વાત કરી: ચિન્મય મિશનના 75 વર્ષ પૂર્ણ

નવી દિલ્હી, તા.23

પીએમ નરેન્દ્ર મોદી શુક્રવારે દિલ્હીના ભારત મંડપમમાં 'ચિન્મય અમૃત મહોત્સવ'ના સમાપન કાર્યક્રમમાં પહોંચ્યા. અહીં તેમણે સ્વામી ચિન્મયાનંદના હોલોગ્રામ સાથે વાત કરી. સ્વામીજીના હોલોગ્રામે કહ્યું કે આપણી પ્રથમ મુલાકાત ફેબ્રુઆરી 1993માં થઈ હતી. તમે મને શિકાગોમાં યોજાયેલી વિશ્વ ધર્મ સંસદના શતાબ્દી કાર્યક્રમમાં આમંત્રિત કરવા આવ્યા હતા. મોદીએ કહ્યું કે હું ખુબ નસીબદાર છું કે ફરી એકવાર મને તમારા દર્શનનું સૌભાગ્ય મળ્યું.

હોલોગ્રામ એક એવી 3D ટેક્નોલોજી છે, જેમાં કોઈ વ્યક્તિ અથવા વસ્તુની તસવીર વાસ્તવિક જેવી દેખાય છે અને તેને અલગ-અલગ એંગલથી જોવાનો અનુભવ થાય છે. મોદીએ કહ્યું- ચિન્મય એક વિચાર છે, જેની શરૂઆત એક ચિન્મય ઋષિએ કરી હતી. જે ચિન્મય છે, તે સ્વયં અમર છે. તેથી આ કાર્યક્રમનું નામ પણ એટલું જ મહત્વપૂર્ણ છે.

આ આયોજનને ટેક્નોલોજીએ આજે વધુ ઉત્તમ બનાવી દીધું છે. આજે સ્વામીજીના હોલોગ્રામ સાથે વાત કરતાં લાગ્યું, જાણે હું 33 વર્ષ પહેલાં પહોંચી ગયો હોઉં. 1993માં ગુરુદેવ સાથે થયેલી મારી વાતચીત, તેમનો સ્નેહ અને આશીર્વાદ આજે મારી આંખો સામે આવી ગયા. આ ત્રણ દિવસીય કાર્યક્રમ 23થી 25 ઓક્ટોબર સુધી ચાલશે. તેમાં દેશ-વિદેશમાંથી 9 હજારથી વધુ લોકો સામેલ થઈ રહ્યા છે. ચિન્મય મિશનનાં 75 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વર્ષભરથી દેશના અલગ-અલગ ભાગોમાં કાર્યક્રમો યોજાઈ રહ્યા હતા.

આ મિશનની શરૂઆત 1951માં સ્વામી ચિન્મયાનંદે કરી હતી, જેથી ગીતા અને વેદોનું જ્ઞાન સામાન્ય લોકો સુધી સરળતાથી પહોંચી શકે. વીતેલા દાયકાઓમાં



સમય બદલાયો છે. દેશ સામે નવા પડકારો ઊભા થયા છે. આજે તેના ઉકેલનું કામ આપણા સૌની સામે છે. આજે આપણે આત્મનિર્ભરતા માટે દેશને જાગૃત કરવાનો છે. આપણે 2047ના વિકસિત ભારતના સંકલ્પ સાથે સૌને જોડવાના છે. જ્યારે ભારત પોતાની આઝાદીના 100 વર્ષ પૂર્ણ કરશે, ત્યારે ચિન્મય મિશન પણ 100 વર્ષ પૂર્ણ કરશે. એટલે કે વિકસિત ભારત અને ચિન્મય મિશનનો માર્ગ એક છે. મને વિશ્વાસ છે કે આપ સૌ મળીને વિકસિત ભારતના નિર્માણમાં પોતાની ભૂમિકા ભજવશો.

આજે ઉત્તરથી દક્ષિણ, પૂર્વથી પશ્ચિમ ભારતનું સાંસ્કૃતિક પુનર્જાગરણ થઈ રહ્યું છે. અયોધ્યાનું રામ મંદિર હોય, ઉજ્જૈનનું મહાકાલ ધામ હોય કે કેદારનાથ અથવા બદ્રીનાથ હોય, દરેક જગ્યાએ આવું જ થઈ રહ્યું છે.

એક સમયે ભારતમાંથી ઘણી મૂર્તિઓ ચોરી કરીને વિદેશ લઈ જવામાં આવી હતી. તેને વેચી દેવામાં આવી હતી. તેમને પૂછનાર કોઈ નહોતું. અમે છેલ્લા 12 વર્ષમાં આવી 600 મૂર્તિઓ પાછી લાવ્યા છીએ. દેશ હવે એ માર્ગ પર આગળ વધી રહ્યો છે, જેનું સ્વપ્ન આપણા ઋષિઓ અને રાષ્ટ્રભક્તોએ જોયું હતું. તેમની વિચારશક્તિ આપણી તાકાત છે

2015માં મને સ્વામીજીની સ્મૃતિમાં એક સિક્કો બહાર પાડવાની તક મળી હતી. મેં કહ્યું હતું કે સ્વામીજીનું જીવન એક પ્રતીક છે. તેમના ગુરુએ તેમને આશીર્વાદ આપ્યા હતા- 'ગો, રોર લાઈક અ લાયન' એટલે કે જાઓ, સિંહની જેમ ગર્જના કરો. મહાન લોકોનું મિશન તેમના પછી પણ જીવંત રહે છે. તેથી આપણે જોઈ રહ્યા છીએ કે આજે ચિન્મય મિશનનાં સ્કૂલના બાળકોને શિક્ષિત કરી રહ્યાં છે. આપણી શિક્ષણવ્યવસ્થા સાચી દિશામાં હોય તે માટે અમે 2020માં નવી શિક્ષણ નીતિ પણ લાવ્યા. જેમાં સંસ્કૃતિની સાથે ટેક્નોલોજી વિશે શીખવવામાં આવી રહ્યું છે.

અમદાવાદ જેવા સ્માર્ટ શહેરમાં પીવાનું પાણી દૂષિત, રોગચાળો વકરતાં તંત્રનું સેમ્પલનું નાટક

અમદાવાદ, તા.23

શહેરના પૂર્વ વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા ગંભીર બની છે. બહેરામપુરાના સંતોષનગર વિસ્તારમાં છેલ્લા બે મહિનાથી દૂષિત પાણી મળતું હોવા છતાં મ્યુનિસિપલ તંત્ર સમસ્યાનો ઉકેલ લાવી શક્યું નથી. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, નળમાંથી ગટર જેવું ડહોળું પાણી આવે છે. તેના વપરાશને કારણે લોકો પાણીજન્ય અને ચામડીના રોગોનો ભોગ બની રહ્યા છે. બીજી તરફ, રામોલના ગરુડિયા ટેકરા પાસેના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં બે દિવસથી પાણીનાં ટેન્કર બંધ થતાં સ્થાનિક લોકોની મુશ્કેલી વધી છે.

બહેરામપુરાના સંતોષનગર વિસ્તારમાં ચામુંડા માતા ચોકની ચાલી, ચાંદ શહીદ મસ્જિદની ચાલી અને આસપાસના વિસ્તારોમાં સવારે અને સાંજે મ્યુનિ. તંત્ર દ્વારા પાણીનું વિતરણ કરવામાં આવે છે. જોકે, સ્થાનિક રહીશોની ફરિયાદ છે કે આ પાણી અત્યંત દૂષિત છે અને ગટરના પાણી જેવું દેખાય છે. આ સમસ્યા લગભગ બે મહિનાથી યથાવત્ છે. વિસ્તારના ગરીબ પરિવારો માટે પીવાનું પાણી ખરીદવું આર્થિક રીતે મુશ્કેલ હોવાથી તેમને નાછૂટકે દૂષિત પાણીનો ઉપયોગ કરવો પડે છે. પરિણામે લોકો બીમાર પડી રહ્યા હોવાની ફરિયાદો સામે આવી છે.

સ્થાનિક રહીશોમાં દૂષિત પાણીની સમસ્યાનો લાંબા સમયથી ઉકેલ નહીં આવતાં રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો આક્ષેપ છે કે તંત્ર પાણીનાં સેમ્પલ લેવાની કામગીરી કરે છે, પરંતુ સમસ્યાના કાયમી ઉકેલ માટે અસરકારક પગલાં લેવાતાં નથી. વધુમાં, બીમાર પડતા લોકોની સારવાર માટે પૂરતી આરોગ્ય સુવિધાઓનો અભાવ હોવાની પણ ફરિયાદ છે. સ્થાનિક રહીશોએ રોગચાળાની સ્થિતિને ધ્યાનમાં રાખીને સત્વરે મેડિકલ કેમ્પ યોજવાની માગ કરી છે.

બીજી તરફ, અમદાવાદના પૂર્વ ઝોનમાં આવેલા રામોલના ગરુડિયા ટેકરા પાસેના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પાણીની મુશ્કેલી ઊભી થઈ છે. અહીં મ્યુનિ. તંત્ર દ્વારા ટેન્કર મારફતે પીવાનું પાણી પહોંચાડવામાં આવતું હતું, પરંતુ છેલ્લા બે દિવસથી ટેન્કર બંધ કરી દેવાતાં સ્થાનિક લોકો પરેશાન છે. દિવાળીના તહેવારો નજીક હોવા છતાં પાણી વિતરણની વ્યવસ્થા ખોરવાતાં રહીશોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. બંને વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાને પગલે સ્થાનિક રહીશોએ તંત્ર પાસે તાત્કાલિક પગલાં લઈ નિયમિત અને સ્વચ્છ પાણી પૂરું પાડવાની માગ કરી છે. બહેરામપુરાના સંતોષનગર વિસ્તારમાં ચામુંડા માતા ચોકની ચાલી, ચાંદ શહીદ મસ્જિદની ચાલી અને આસપાસના વિસ્તારોમાં સવારે અને સાંજે મ્યુનિ. તંત્ર દ્વારા પાણીનું વિતરણ કરવામાં આવે છે. જોકે, સ્થાનિક રહીશોની ફરિયાદ છે કે આ પાણી અત્યંત દૂષિત છે અને ગટરના પાણી જેવું દેખાય છે. આ સમસ્યા લગભગ બે મહિનાથી યથાવત્ છે. વિસ્તારના ગરીબ પરિવારો માટે પીવાનું પાણી ખરીદવું આર્થિક રીતે મુશ્કેલ હોવાથી તેમને નાછૂટકે દૂષિત પાણીનો ઉપયોગ કરવો પડે છે. પરિણામે લોકો બીમાર પડી રહ્યા હોવાની ફરિયાદો સામે આવી છે.

સ્થાનિક રહીશોમાં દૂષિત પાણીની સમસ્યાનો લાંબા સમયથી ઉકેલ નહીં આવતાં રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો આક્ષેપ છે કે તંત્ર પાણીનાં સેમ્પલ લેવાની કામગીરી કરે છે, પરંતુ સમસ્યાના કાયમી ઉકેલ માટે અસરકારક પગલાં લેવાતાં નથી. વધુમાં, બીમાર પડતા લોકોની સારવાર માટે પૂરતી આરોગ્ય સુવિધાઓનો અભાવ હોવાની પણ ફરિયાદ છે. સ્થાનિક રહીશોએ રોગચાળાની સ્થિતિને ધ્યાનમાં રાખીને સત્વરે મેડિકલ કેમ્પ યોજવાની માગ કરી છે. બીજી તરફ, અમદાવાદના પૂર્વ ઝોનમાં આવેલા રામોલના ગરુડિયા ટેકરા પાસેના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પાણીની મુશ્કેલી ઊભી થઈ છે. અહીં મ્યુનિ. તંત્ર દ્વારા ટેન્કર મારફતે પીવાનું પાણી પહોંચાડવામાં આવતું હતું, પરંતુ છેલ્લા બે દિવસથી ટેન્કર બંધ કરી દેવાતાં સ્થાનિક લોકો પરેશાન છે. દિવાળીના તહેવારો નજીક હોવા છતાં પાણી વિતરણની વ્યવસ્થા ખોરવાતાં રહીશોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. બંને વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાને પગલે સ્થાનિક રહીશોએ તંત્ર પાસે તાત્કાલિક પગલાં લઈ નિયમિત અને સ્વચ્છ પાણી પૂરું પાડવાની માગ કરી છે.

પૈસાની લેતી દેતીમાં આવુ પણ થાય! શહેરમાં ઘર સામે પડેલું સ્કૂટર સળગાવી નાખ્યું

અમદાવાદ, તા.23

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં પૈસાની લેતીદેતીની જૂની અદાવત રાખી એક યુવકે તેના જ મિત્રના ઘર આગળ પાર્ક કરેલા ટુ-વ્હીલરમાં આગ લગાવી દીધી હોવાની ઘટના સામે આવી છે. રાત્રિના દોઢ વાગ્યાની આસપાસ વાહનમાં લાગેલી આગ જોઈને પરિવાર અને આસપાસના રહીશોએ તાત્કાલિક પાણી છાંટી આગ કાબૂમાં લીધી હતી. આ મામલે યુવકના કાકાએ વાહન સળગાવીને ભાગી રહેલા આરોપી સામે બાપુનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

બાપુનગર ગુજરાત હાઉસિંગ બોર્ડ, સોમનાથ મંદિર પાસે રહેતા અ ને પ્લાસ્ટિક કંપનીઓમાં માર્કેટિંગનું કામ કરતા 44 વર્ષીય પ્રવીણ રાઈકુવડે નોંધાવેલી ફરિયાદ મુજબ, મકાનના નીચેના માળે તેના મોટાભાઈ હિતેન્દ્રના પત્ની, પુત્ર જય અને પુત્રી વંશિકા રહે છે. પ્રવીણે તેના ભત્રીજા જયને મોપેડ ખરીદી આપ્યું હતું, જેનો ઉપયોગ જય કરતો હતો. 21 ઓક્ટોબરના રોજ સાંજે 6 વાગ્યે જય પોતાનું મોપેડ ઘર આગળ પાર્ક કરીને તેના મિત્રને મળવા ચંદીગઢ જવા નીકળ્યો હતો.

આ દરમિયાન રાત્રે દોઢ વાગ્યાની આસપાસ પ્રવીણ પાણી પીવા માટે ઊભા થઈ બહાર આવ્યા, ત્યારે ઘર આગળ પાર્ક કરેલા એક્સેસમાં આગ લાગેલી જોવા મળી હતી. તે વખતે જયનો મિત્ર 25 વર્ષીય પુષ્પરાજસિંહ વાઘેલા ત્યાંથી ભાગતો નજરે પડ્યો હ તો . પ્રવીણે અને આસપાસના લોકોએ ભેગા થઈ પાણી છાંટી આગ બુઝાવી હતી.

બાદમાં જયને ફોન કરતાં તેણે જણાવ્યું હતું કે, 'અગાઉ પૈસાની લેતીદેતી બાબતે પુષ્પરાજસિંહ સાથે બોલાચાલી થઈ હોવાથી તેની અદાવત રાખીને તેણે વાહન સળગાવ્યું છે.' આ સમગ્ર મામલે તેમણે બાપુનગર પોલીસે સ્ટેશનમાં પુષ્પરાજ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અમદાવાદના બાપુનગર વિસ્તારમાં પૈસાની લેતીદેતીની જૂની અદાવત રાખી એક યુવકે તેના જ મિત્રના ઘર આગળ પાર્ક કરેલા ટુ-વ્હીલરમાં આગ લગાવી દીધી હોવાની ઘટના સામે આવી છે. રાત્રિના દોઢ વાગ્યાની આસપાસ વાહનમાં લાગેલી આગ જોઈને પરિવાર અને આસપાસના રહીશોએ તાત્કાલિક પાણી છાંટી આગ કાબૂમાં લીધી હતી. આ મામલે યુવકના કાકાએ વાહન સળગાવીને ભાગી રહેલા આરોપી સામે બાપુનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે. બાપુનગર ગુજરાત હાઉસિંગ બોર્ડ, સોમનાથ મંદિર પાસે રહેતા અને પ્લાસ્ટિક કંપનીઓમાં માર્કેટિંગનું કામ કરતા 44 વર્ષીય પ્રવીણ રાઈકુવડે નોંધાવેલી ફરિયાદ મુજબ, મકાનના નીચેના માળે તેના મોટાભાઈ હિતેન્દ્રના પત્ની, પુત્ર જય અને પુત્રી વંશિકા રહે છે.

તહેવારોમાં મોંઘવારીનો બોમ્બ ફૂટ્યો, અદાણી ગેસએ CNGના ભાવમાં 4.45 નો તોતિંગ વધારો ઝીંક્યો

અમદાવાદ, તા.23

દિવાળી નજીક આવી રહી છે, ત્યારે અમદાવાદના વાહનચાલકો અને સામાન્ય જનતા માટે મોંઘવારીનો વધુ એક ઝટકો લાગ્યો છે. અદાણી ગેસ દ્વારા કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG)ના ભાવમાં એકઝાટકે પ્રતિ કિલો 4.45 રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. તહેવારોના દિવસોમાં લોકો ખરીદી અને પ્રવાસનું આયોજન કરી રહ્યા છે, આ દરમિયાન ભાવવધારો અમલી બનતાં ખાસ કરીને રોજિંદી કમાણી પર નભતા રિક્ષાચાલકો અને મોટરચાલકોના ખિસ્સા પર મોટો આર્થિક બોજ આવી પડ્યો છે. ઓગસ્ટ 2026માં પણ અદાણી ગેસ દ્વારા પ્રતિ કિલો 4 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો, જેના કારણે CNG નો ભાવ 94.20 રૂપિયા પર પહોંચ્યો હતો. હવે ફરી એકવાર 4.45 રૂપિયાનો વધારો કરાતાં અમદાવાદમાં અદાણી CNGનો નવો ભાવ વધીને પ્રતિ કિલો 98.47 રૂપિયાની ઉંચી સપાટીએ પહોંચી ગયો છે.

સતત વધતા ગેસના ભાવને કારણે ખાસ કરીને રિક્ષા ચાલકોમાં ભારે અસંતોષ અને નારાજગી વ્યાપી ગઈ છે. રિક્ષાચાલકોની મુખ્ય રજૂઆત છે કે ગેસના ભાવમાં સતત અને જંગી વધારો થઈ રહ્યો છે, પરંતુ તે સરખામણીએ વાહન વ્યવહાર કમિશનર દ્વારા રિક્ષાભાડામાં પૂરતો વધારો મંજૂર કરવામાં આવતો નથી. અગાઉ પણ ભાડા વધારા અને ઓનલાઈન કેબ/રિક્ષા એપ્લિકેશનો સામે રિક્ષાચાલકોએ હડતાળ પાડીને વિરોધ નોંધાવ્યો હતો. તેવામાં દિવાળીના સમયે જ થયેલા આ નવા ભાવવધારાને કારણે રિક્ષાચાલકો સહિત સામાન્ય વાહનચાલકોનું ઘરચલાવવાનું બજેટ સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. દિવાળી નજીક આવી રહી છે, ત્યારે અમદાવાદના વાહનચાલકો અને સામાન્ય જનતા માટે મોંઘવારીનો વધુ એક ઝટકો લાગ્યો છે. અદાણી ગેસ દ્વારા કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG)ના ભાવમાં એકઝાટકે પ્રતિ કિલો 4.45 રૂપિયાનો વધારો ઝીંકવામાં આવ્યો છે. તહેવારોના દિવસોમાં લોકો ખરીદી અને પ્રવાસનું આયોજન કરી રહ્યા છે, આ દરમિયાન ભાવવધારો અમલી બનતાં ખાસ કરીને રોજિંદી કમાણી પર નભતા રિક્ષાચાલકો અને મોટરચાલકોના ખિસ્સા પર મોટો આર્થિક બોજ આવી પડ્યો છે. ઓગસ્ટ 2026માં પણ અદાણી ગેસ દ્વારા પ્રતિ કિલો 4 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો, જેના કારણે CNG નો ભાવ 94.20 રૂપિયા પર પહોંચ્યો હતો. હવે ફરી એકવાર 4.45 રૂપિયાનો વધારો કરાતાં અમદાવાદમાં અદાણી CNGનો નવો ભાવ વધીને પ્રતિ કિલો 98.47 રૂપિયાની ઉંચી સપાટીએ પહોંચી ગયો છે. સતત વધતા ગેસના ભાવને કારણે ખાસ કરીને રિક્ષા ચાલકોમાં ભારે અસંતોષ અને નારાજગી વ્યાપી ગઈ છે. રિક્ષાચાલકોની મુખ્ય રજૂઆત છે કે ગેસના ભાવમાં સતત અને જંગી વધારો થઈ રહ્યો છે, પરંતુ તે સરખામણીએ વાહન વ્યવહાર કમિશનર દ્વારા રિક્ષાભાડામાં પૂરતો વધારો મંજૂર કરવામાં આવતો નથી.

દિવાળી પહેલાં અમદાવાદ સ્ટેશન પર 4 નવા પ્લેટફોર્મ શરૂ થશે, OHE અને સિગ્નલ સિસ્ટમની તપાસ શરૂ

અમદાવાદ, તા.23

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અને સ્ટેશનના રિડેવલપમેન્ટને કારણે બંધ કરવામાં આવેલા પ્લેટફોર્મ નંબર 9થી 12 દિવાળી પહેલાં ફરી શરૂ થાય તેવી શક્યતા છે. આ ચારેય પ્લેટફોર્મ શરૂ થતાં દિવાળીના તહેવારો દરમિયાન મુસાફરોની વધતી ભીડને નિયંત્રિત કરવામાં રેલવેને મોટી રાહત મળી શકે છે. તહેવારો દરમિયાન અમદાવાદથી અન્ય શહેરોમાં જતી અને બહારથી અમદાવાદ આવતી ટ્રેનોમાં મુસાફરોની સંખ્યા વધતી હોય છે. આવી સ્થિતિમાં પ્લેટફોર્મની ઉપલબ્ધતા વધવાથી ટ્રેનોના સંચાલન અને મુસાફરોની અવરજવરને વધુ વ્યવસ્થિત બનાવવામાં મદદ મળશે. પ્લેટફોર્મ ફરી શરૂ કરવાની તૈયારીના ભાગરૂપે રેલવે દ્વારા ટ્રેક, ઓવરહેડ ઈલેક્ટ્રિફિકેશન (OHE) અને સિગ્નલ સિસ્ટમની તપાસ શરૂ કરવામાં આવી છે. આગામી 27 ઓક્ટોબરે કમિશનર ઑફ રેલવે સેફ્ટી (CRS) દ્વારા આ પ્લેટફોર્મનું નિરીક્ષણ કરવામાં આવશે. નિરીક્ષણ દરમિયાન તમામ જરૂરી ટેક્નિકલ પાસાંઓની ચકાસણી કરવામાં આવશે અને મંજૂરી મળ્યા બાદ પ્લેટફોર્મ શરૂ કરવાની પ્રક્રિયા આગળ વધારવામાં આવશે.

કાલુપુર રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ પ્લેટફોર્મ નંબર 9થી 12ને ફરી શરૂ કરવાની કામગીરી લાંબા સમયથી ચાલી રહી છે. સ્ટેશનના પુનર્વિકાસને કારણે કેટલીક જગ્યાએ ટ્રેન વ્યવહાર બંધ રાખીને બાંધકામ અને ટેક્નિકલ ફેરફારો કરવામાં આવી રહ્યા છે. અગાઉ રેલવે દ્વારા એપ્રિલ મહિનામાં આ ચારેય પ્લેટફોર્મ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ કામગીરી પૂર્ણ કરવાની સમયમર્યાદા વધારીને ઓગસ્ટ કરવામાં આવી હતી. જોકે, વિવિધ ટેક્નિકલ કારણો અને જરૂરી કામગીરી પૂર્ણ કરવામાં લાગેલા સમયને કારણે પ્લેટફોર્મ શરૂ કરવાની પ્રક્રિયા આગળ ધપાવી શકાઈ નહોતી. હવે દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને ચારેય પ્લેટફોર્મને ફરી કાર્યરત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જો નિરીક્ષણ દરમિયાન તમામ વ્યવસ્થાઓ યોગ્ય જણાશે અને જરૂરી મંજૂરી સમયસર મળી જશે, તો દિવાળી પહેલાં મુસાફરોને આ પ્લેટફોર્મનો લાભ મળી શકે છે.

પ્લેટફોર્મ નંબર 9 પર હાલમાં બ્લોક હોવાથી તેને દૂર કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. બીજી તરફ, પ્લેટફોર્મ નંબર 10, 11 અને 12ને મીટરગેજમાંથી બ્રોડગેજમાં રૂપાંતરિત કરવામાં આવ્યાં છે. આ ફેરફાર બાદ આ ત્રણેય પ્લેટફોર્મ પર ટ્રેન વ્યવહાર શરૂ કરતાં પહેલાં સુરક્ષા અને ટેક્નિકલ વ્યવસ્થાની ચકાસણી જરૂરી બની છે. રેલવે દ્વારા ટ્રેકની સ્થિતિ, પાટાઓની યોગ્યતા, ઓવરહેડ ઈલેક્ટ્રિફિકેશનની વ્યવસ્થા અને સિગ્નલ સિસ્ટમની કાર્યક્ષમતા તપાસવામાં આવી રહી છે. ટ્રેનનું સલામત સંચાલન સુનિશ્ચિત કરવા માટે આ તમામ બાબતોનું નિરીક્ષણ મહત્વપૂર્ણ છે. 27 ઓક્ટોબરે CRS દ્વારા કરવામાં આવનાર નિરીક્ષણમાં જરૂરી માપદંડો અને સુરક્ષા સંબંધિત વ્યવસ્થાઓની ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ મંજૂરી મળતાં પ્લેટફોર્મ શરૂ કરવા માટેની બાકી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

કાલુપુર રેલવે સ્ટેશન અમદાવાદનું મહત્વનું રેલવે મથક છે, જ્યાંથી દરરોજ મોટી સંખ્યામાં મુસાફરો અવરજવર કરે છે. તહેવારોના સમયગાળામાં મુસાફરોની સંખ્યામાં વધારો થવાને કારણે સ્ટેશન પર પ્લેટફોર્મની ઉપલબ્ધતા અને ટ્રેનોનું સમયસર સંચાલન મહત્વનું બની જાય છે. હાલમાં રિડેવલપમેન્ટની કામગીરીને કારણે પ્લેટફોર્મની ઉપલબ્ધતા પર અસર પડી રહી છે. આવી સ્થિતિમાં પ્લેટફોર્મ નંબર 9થી 12 ફરી શરૂ થવાથી ટ્રેનોના સંચાલન માટે વધારાની જગ્યા ઉપલબ્ધ થશે. ખાસ કરીને દિવાળી દરમિયાન વતન જવા માટે નીકળતા લોકો, પરિવાર સાથે મુસાફરી કરતા મુસાફરો અને અન્ય શહેરોમાંથી અમદાવાદ આવતા લોકો માટે પ્લેટફોર્મની ઉપલબ્ધતા વધવી ઉપયોગી સાબિત થઈ શકે છે. જોકે, વાસ્તવિક રાહત ટ્રેનોના સમયપત્રક અને પ્લેટફોર્મના ઉપયોગની વ્યવસ્થા પર પણ આધારિત રહેશે.

આ ચારેય પ્લેટફોર્મ ફરી શરૂ થવાનું સ્ટેશનના પુનર્વિકાસની આગામી કામગીરી માટે પણ મહત્વ ધરાવે છે. રેલવેની યોજના મુજબ પ્લેટફોર્મ નંબર 9થી 12 શરૂ થયા બાદ પ્લેટફોર્મ નંબર 4થી 7 પર બ્લોક લેવામાં આવશે. ત્યારબાદ આ પ્લેટફોર્મ પર રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની મુખ્ય કામગીરી હાથ ધરવામાં આવશે. સ્ટેશનના જુદા જુદા ભાગોમાં તબક્કાવાર કામ પૂર્ણ કરવા માટે પ્લેટફોર્મની ઉપલબ્ધતા જાળવી રાખવી જરૂરી છે. એક તરફ નવા અથવા પુનઃવિકસિત પ્લેટફોર્મ કાર્યરત થાય અને બીજી તરફ અન્ય પ્લેટફોર્મ પર બાંધકામની કામગીરી ચાલી શકે, તે માટે રેલવે દ્વારા આ પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પ્લેટફોર્મ નંબર 4થી 7 પર બ્લોક લેવામાં આવ્યા બાદ ત્યાં બાંધકામ, માળખાકીય ફેરફારો અને રિડેવલપમેન્ટ સંબંધિત કામગીરી આગળ વધારવામાં આવશે. આ દરમિયાન ટ્રેનોના સંચાલનમાં ફેરફાર કરવાની જરૂર પડી શકે છે.

અમદાવાદના વટવામાં બહેન-બનેવીના ઝઘડામાં સમજાવવા પડેલા સાળા પર છરીથી હુમલો, 24 વર્ષીય યુવક સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

અમદાવાદ, તા.23

અમદાવાદના વટવા વિસ્તારમાં પારિવારિક ઝઘડામાં વચ્ચે પડીને સમજાવટ કરવી એક યુવકને ભારે પડી હોવાની ઘટના સામે આવી છે. વટવાના ઈન્સાનિયતનગર ચાર માળિયામાં બહેન અને બનેવી વચ્ચે ચાલી રહેલા ઝઘડાને શાંત પાડવાનો પ્રયાસ કરનાર 24 વર્ષીય સાળા પર બનેવીએ છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. 22 ઓક્ટોબરની સાંજે બનેલી આ ઘટનામાં યુવકને ડાબા કાન અને જમણા હાથના બાવડાના ભાગે છરીના ઘા વાગતાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. હુમલા બાદ યુવક લોહીલુહાણ હાલતમાં પડી ગયો હતો, જ્યારે આરોપી બનેવી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત યુવકને પ્રથમ એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જોકે, તેની ઈજાઓને ધ્યાનમાં રાખીને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે વટવા પોલીસે હુમલાખોર બનેવી સામે ગુનો નોંધીને સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, વટવાના ઈન્સાનિયતનગર ચાર માળિયામાં રહેતો 24 વર્ષીય ગગન ઉર્ફે માયા નારણભાઈ કાનજીભાઈ છૂટક મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગગનની બહેન આશાબેન, જેમની ઉંમર 35 વર્ષ છે, તેમના પ્રથમ પતિનું આશરે ચાર વર્ષ પહેલાં અવસાન થયું હતું. પતિના અવસાન બાદ આશાબેને ઈન્સાનિયતનગર ચાર માળિયામાં રહેતા 30 વર્ષીય શાહબાઝ ઉર્ફે બોબડો સાઓ અનવરખાન પઠાણ સાથે પુનઃલગ્ન કર્યા હતા. ત્યારબાદ બંને આ વિસ્તારમાં રહેતા હતા. જોકે, 22 ઓક્ટોબરના રોજ સાંજે પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઝઘડામાં ગગન વચ્ચે પડ્યો હતો અને બંનેને સમજાવીને મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેની આ દરમિયાનગીરીથી બનેવી શાહબાઝ ઉશ્કેરાઈ ગયો હતો અને મામલો વધુ વણસ્યો હતો. ઘટનાની વિગતો મુજબ, 22 ઓક્ટોબરના રોજ સાંજે આશરે સાડા ચાર વાગ્યાની આસપાસ ઈન્સાનિયતનગર ચાર માળિયામાં બ્લોકની નીચે આશાબેન અને તેમના પતિ શાહબાઝ વચ્ચે બોલાચાલી અને ઝઘડો ચાલી રહ્યો હતો. આ દરમિયાન ગગન ત્યાં પહોંચ્યો હતો. બહેન અને બનેવી વચ્ચે ઝઘડો થતો જોઈને તેણે બંનેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. ગગનનો હેતુ ઝઘડો શાંત પાડવાનો અને મામલો વધુ ન વધે તેવો હતો. જોકે, શાહબાઝને ગગનનું વચ્ચે પડવું પસંદ આવ્યું નહોતું. આથી તેણે ગગન સાથે ગાળાગાળી શરૂ કરી હતી અને 'તું અમારા વચ્ચે કેમ પડે છે?' કહીને તેની સાથે ઝઘડો કર્યો હતો. વાતાવરણ વધુ તંગ બનતાં ગગન ત્યાંથી ચાલ્યો ગયો હતો, જેથી મામલો આગળ ન વધે. જોકે, આ વિવાદનો અંત ત્યાં આવ્યો નહોતો અને થોડા સમય બાદ બનેવીએ ગગન પર હુમલો કર્યો હોવાનો આક્ષેપ છે. સાંજે આશરે સાડા છ વાગ્યાની આસપાસ ગગન વટવા વિસ્તારમાં ઉમંગ ફ્લેટ પાસે આવેલી એક મેડિકલ દુકાનના પગથિયા પાસે એકલો બેઠો હતો. આ સમયે શાહબાઝ અચાનક ત્યાં આવી પહોંચ્યો હતો. તેની પાસે છરી હતી અને તે ઉશ્કેરાયેલી હાલતમાં હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ત્યારબાદ શાહબાઝે ગગન પર છરી વડે હુમલો કર્યો હતો. અચાનક થયેલા હુમલાથી ગગન બચવાનો પ્રયાસ કરવા લાગ્યો હતો. તે ખસી જતાં છરીનો પ્રથમ ઘા તેના ડાબા કાનના ભાગે વાગ્યો હતો. ત્યારબાદ હુમલાખોરે બીજો ઘા તેના જમણા હાથના બાવડાના ભાગે માર્યો હતો. હુમલાને કારણે ગગનને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તે લોહીલુહાણ થઈ ગયો હતો. ગગને બૂમાબૂમ કરતાં આસપાસના લોકોનું ધ્યાન આ ઘટના તરફ ગયું હતું. આ દરમિયાન હુમલો કરનાર શાહબાઝ ત્યાંથી નાસી છૂટ્યો હતો. હુમલા બાદ ગંભીર રીતે ઘાયલ થયેલા ગગનને તાત્કાલિક સારવારની જરૂર હોવાથી એમ્બ્યુલન્સ મારફતે એલ.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે તેને સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. છરીના ઘા વાગવાથી યુવકને થયેલી ઈજાઓને પગલે પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી. પારિવારિક વિવાદમાં સમજાવટ કરવા ગયેલા યુવક પર જ હુમલો થતાં સ્થાનિક વિસ્તારમાં પણ આ ઘટનાની ચર્ચા થઈ રહી છે. જોકે, હુમલા પાછળના ચોક્કસ કારણો અને ઘટનાક્રમ અંગે પોલીસ તપાસ બાદ વધુ વિગતો સામે આવી શકે છે. આ સમગ્ર મામલે વટવા પોલીસે આરોપી શાહબાઝ ઉર્ફે બોબડો સાઓ અનવરખાન પઠાણ સામે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા ફરિયાદમાં જણાવાયેલા ઘટનાક્રમ, હુમલાના કારણો અને આરોપીની ભૂમિકા સહિતની બાબતોની તપાસ કરવામાં આવી રહી છે. ઘટનાસ્થળની આસપાસની પરિસ્થિતિ અને સંભવિત સાક્ષીઓ પાસેથી પણ જરૂરી માહિતી મેળવવામાં આવી શકે છે.

એસ.જી. હાઈવે પર બેકાબૂ લક્ઝુરિયસ કારે ત્રણ વાહનોને અડફેટે લીધા, 3 ઈજાગ્રસ્ત, લોકોએ ચાલકને મેથીપાક ચખાડ્યો

અમદાવાદ, તા.23

અમદાવાદના એસ.જી. હાઈવે પર 22મી ઓક્ટોબરના રોજ સવારે 9 વાગ્યાની આસપાસ એક બેકાબૂ લક્ઝુરિયસ કારના ચાલકે મોપેડ, રિક્ષા અને અન્ય એક કારને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં મોપેડ પર જઈ રહેલા બે ભાઈ અને રિક્ષામાં બેઠેલા એક પેસેન્જરને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ રોષે ભરાયેલા લોકોના ટોળાએ કારચાલકને પકડીને માર માર્યો હતો. મહત્ત્વનું છે કે, આ કારચાલકે થોડાક દિવસો પહેલા સાણંદમાં એક બોક્સ ક્રિકેટમાં તોડફોડ કરી હોવાનું પણ સામે આવ્યું છે.

મળતી માહિતી અનુસાર, 22મી ઓક્ટોબરના રોજ સવારે ફરિયાદી 27 વર્ષીય કન્હૈયાલાલ કુમાવત નાના ભાઈ મુકેશકુમારને મોપેડ પર પાછળ બેસાડીને ઘરેથી દુકાને જવા નીકળ્યા હતા. તે એસ.જી. હાઈવે પર ઈસ્કોન બ્રિજ ઉતરીને કર્ણાવતી ચાર રસ્તા પહેલા શેલ્બી હોસ્પિટલ તરફ જતા કટ પાસે એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ સામેથી પસાર થઈ રહ્યા હતા. તે વખતે પાછળથી ફૂલ સ્પીડમાં આવી રહેલી એક બીએમડબલ્યુ કારના ચાલકે તેના મોપેડને પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતને કારણે બંને ભાઈઓ રોડ પર પડી ગયા હતા. જેમાં કન્હૈયાલાલને કપાળ, નાક, બંને હાથની કોણી, ખભા, પંજા, ઘૂંટણ અને કમરના ભાગે ઈજાઓ થઈ હતી, જ્યારે મુકેશને પણ કોણી, પીઠ, ઘૂંટણ અને પગની ઘૂંટીના ભાગે ઈજાઓ પહોંચી હતી.

મોપેડને ટક્કર માર્યા બાદ આ બેકાબૂ લક્ઝુરિયસ કારે આગળ જતી એક રિક્ષા અને અન્ય એક કારને પણ અડફેટે લીધી હતી. જેના કારણે રિક્ષામાં બેઠેલા એક પેસેન્જરને પગના ભાગે ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું. લોકોએ બંને કારચાલકને પકડી લીધા હતા અને મેથીપાક આપ્યો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્ત મુકેશે 108 એમ્બ્યુલન્સને જાણ કરતા બંને ભાઈઓને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાં ડોક્ટર દ્વારા પ્રાથમિક સારવાર આપીને તેને રજા આપવામાં આવી હતી, જે બાદ અકસ્માત કરનારા આ કાર ચાલક વિરુદ્ધ કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મળતી માહિતી અનુસાર, 22મી ઓક્ટોબરના રોજ સવારે ફરિયાદી 27 વર્ષીય કન્હૈયાલાલ કુમાવત નાના ભાઈ મુકેશકુમારને મોપેડ પર પાછળ બેસાડીને ઘરેથી દુકાને જવા નીકળ્યા હતા. તે એસ.જી. હાઈવે પર ઈસ્કોન બ્રિજ ઉતરીને કર્ણાવતી ચાર રસ્તા પહેલા શેલ્બી હોસ્પિટલ તરફ જતા કટ પાસે એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ સામેથી પસાર થઈ રહ્યા હતા. તે વખતે પાછળથી ફૂલ સ્પીડમાં આવી રહેલી એક બીએમડબલ્યુ કારના ચાલકે તેના મોપેડને પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતને કારણે બંને ભાઈઓ રોડ પર પડી ગયા હતા. જેમાં કન્હૈયાલાલને કપાળ, નાક, બંને હાથની કોણી, ખભા, પંજા, ઘૂંટણ અને કમરના ભાગે ઈજાઓ થઈ હતી, જ્યારે મુકેશને પણ કોણી, પીઠ, ઘૂંટણ અને પગની ઘૂંટીના ભાગે ઈજાઓ પહોંચી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

અરુણાચલ પ્રદેશમાં ચીનના સૈનિકો સાથે હજુ પણ તણાવ, ITBPના DGના નિવેદનથી રાજકીય ગરમાવો, કોંગ્રેસે કેન્દ્ર સરકારને ઘેરી

નવી દિલ્હી, તા.23

ભારત અને ચીન વચ્ચે સરહદ પર તણાવનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. ઈન્ડો-તિબેટન બોર્ડર પોલીસ (ITBP)ના મહાનિર્દેશક શત્રુજીત કપૂરે અરુણાચલ પ્રદેશમાં ભારતીય અને ચીની સૈનિકો અનેક સ્થળોએ સામસામે આવી ગયા હોવાની વાત કરી છે. તેમણે જણાવ્યું કે છેલ્લા કેટલાક દિવસોમાં સરહદ પર આવી સ્થિતિ સર્જાઈ હતી અને તણાવ હજુ પણ યથાવત્ છે. તેમના આ નિવેદન બાદ દેશના રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે. કોંગ્રેસે આ મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરીને સવાલ ઉઠાવ્યો છે કે જો સરહદ પર ચીનના સૈનિકો સાથે સામસામે આવવાની સ્થિતિ યથાવત્ હોય, તો સરકાર આ અંગે સ્પષ્ટતા કેમ કરતી નથી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ જયરામ રમેશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકાર પર ચીનના મુદ્દે મૌન જાળવવાનો આરોપ લગાવ્યો છે. બીજી તરફ, સરહદ પર ITBPની કામગીરી, સુરક્ષા વ્યવસ્થા અને આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ વધારવાના પ્રયાસો પણ ચર્ચામાં આવ્યા છે.

ITBPના DG શત્રુજીત કપૂરે ગુરુવારે રાજસ્થાનના અલવરમાં આવેલી સેન્ટ્રલ ટ્રેનિંગ કોલેજ ખાતે આયોજિત હિમવીર સન્માન સમારોહ દરમિયાન આ નિવેદન આપ્યું હતું. તેમણે સરહદ પર તહેનાત જવાનોની કામગીરીની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે અરુણાચલ પ્રદેશમાં અનેક સ્થળોએ ભારતીય અને ચીની સૈનિકો સામસામે આવ્યા છે અને આ સ્થિતિ હજુ ચાલુ છે. સરહદ પર આવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે જવાનોને માત્ર શારીરિક ક્ષમતા જ નહીં, પરંતુ યોગ્ય તાલીમ, આધુનિક સાધનો અને પરિસ્થિતિ અનુસાર નિર્ણય લેવાની ક્ષમતાની પણ જરૂર પડે છે. ITBPના જવાનો ભારત-ચીન સરહદે મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિમાં ફરજ બજાવે છે. ઊંચા પહાડી વિસ્તારો, કઠોર હવામાન અને દુર્ગમ માર્ગો વચ્ચે સરહદની સુરક્ષા જાળવવી સુરક્ષા દળો માટે મોટો પડકાર છે. કપૂરના નિવેદનથી અરુણાચલ પ્રદેશમાં સરહદની સ્થિતિ અંગે ફરી ધ્યાન કેન્દ્રિત થયું છે.

અરુણાચલ પ્રદેશના અપર સુબનસિરી જિલ્લામાં અસાફિલા અને માજા સહિતના વિસ્તારોમાં જુલાઈના અંતથી તણાવ હોવાની માહિતી સામે આવી છે. અહેવાલો અનુસાર, આ વિસ્તારોમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે સામસામે આવવાની પરિસ્થિતિ સર્જાઈ હતી.

ત્યારબાદ સરહદ પર દેખરેખ અને સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. ભારતે પણ સંવેદનશીલ વિસ્તારોમાં પોતાની તહેનાતી વધારી હોવાની માહિતી છે. જોકે, સરહદ પરની દરેક ઘટનાની ચોક્કસ વિગતો અને બંને દેશોની સૈન્ય ગતિવિધિઓ અંગે સત્તાવાર રીતે ઉપલબ્ધ માહિતીના આધારે જ સ્થિતિનું મૂલ્યાંકન કરી શકાય છે.

ભારત અને ચીન વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC)ને લઈને લાંબા સમયથી મતભેદો રહ્યા છે. બંને દેશો સરહદના કેટલાક વિસ્તારોમાં અલગ-અલગ દાવા ધરાવે છે. આવી સ્થિતિમાં પેટ્રોલિંગ, સરહદની દેખરેખ અને સૈનિકોની હાજરીને લઈને ક્યારેક તણાવ સર્જાય છે. અરુણાચલ પ્રદેશ પણ આ વિવાદના સંદર્ભમાં વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ વિસ્તાર છે. સરહદ પર કોઈપણ પ્રકારની સામસામે આવવાની ઘટના બંને દેશો વચ્ચેના સંબંધો પર અસર કરી શકે છે. તેથી સ્થાનિક સ્તરે સર્જાયેલી પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે સૈન્ય સ્તરે સંવાદ અને રાજદ્વારી સંપર્કોનું મહત્વ વધી જાય છે. શત્રુજીત કપૂરના નિવેદનમાં ભારત અને ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધોનો સંદર્ભ પણ મહત્વનો છે. ભારતમાં યોજાયેલી 18મી બ્રિક્સ સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે ભાગ લીધો હતો. આ ઉપરાંત બંને દેશો વચ્ચે સરહદી મુદ્દાઓને લઈને વિવિધ સ્તરે બેઠકો યોજાઈ હતી. તેમાં વર્કિંગ મિકેનિઝમ ફોર કન્સલ્ટેશન એન્ડ કોઓર્ડિનેશન (WMCC), વિશેષ પ્રતિનિધિઓ વચ્ચેની વાટાઘાટો અને કોર કમાન્ડર સ્તરની બેઠકોનો સમાવેશ થાય છે. તેમ છતાં, અરુણાચલ પ્રદેશમાં સૈનિકો વચ્ચે સામસામે આવવાની સ્થિતિ ચાલુ હોવાના અહેવાલોએ સરહદી તણાવનો મુદ્દો ફરી ચર્ચામાં લાવ્યો છે. ભારત અને ચીન વચ્ચે સરહદી વિવાદોનો ઉકેલ લાવવા માટે લાંબા સમયથી વિવિધ સ્તરે વાતચીત થતી રહી છે. સૈન્ય અધિકારીઓની બેઠકોનો હેતુ સરહદ પરની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવો, મતભેદો દૂર કરવા અને તણાવ વધે નહીં તે માટેના ઉપાયો શોધવાનો છે. જોકે, રાજદ્વારી બેઠકો યોજાવા છતાં સરહદ પરની સ્થિતિમાં સુધારો કેટલો થયો છે, તે અંગે દરેક વિસ્તારની પરિસ્થિતિ અલગ હોઈ શકે છે. અરુણાચલ પ્રદેશમાં તાજેતરના સામસામે આવવાના અહેવાલોએ આ પ્રક્રિયાની અસરકારકતા અંગે પણ સવાલો ઊભા કર્યા છે.

સરહદની સુરક્ષા અંગે વાત કરતાં શત્રુજીત કપૂરે આધુનિક યુદ્ધમાં ડ્રોનની વધતી ભૂમિકા પર પણ ભાર મૂક્યો હતો. તેમના જણાવ્યા મુજબ, ડ્રોને પરંપરાગત યુદ્ધની રીતમાં મોટો ફેરફાર કર્યો છે. હવે સરહદ પર દેખરેખ રાખવા, માહિતી એકત્રિત કરવા અને સંવેદનશીલ વિસ્તારોની સ્થિતિ પર નજર રાખવા માટે ડ્રોન ટેક્નોલોજી મહત્વપૂર્ણ બની રહી છે. આ બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ITBP ડ્રોન તૈયાર કરવા અને એન્ટી-ડ્રોન ક્ષમતા મજબૂત કરવા માટે કામ કરી રહી છે. ડ્રોનનો ઉપયોગ સરહદી વિસ્તારોમાં દેખરેખ રાખવા માટે થઈ શકે છે, ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં ભૂપ્રદેશને કારણે પરંપરાગત રીતે પેટ્રોલિંગ કરવું મુશ્કેલ હોય છે. બીજી તરફ, અજાણ્યા અથવા શંકાસ્પદ ડ્રોનની ગતિવિધિઓ સુરક્ષા માટે પડકાર ઊભો કરી શકે છે.

અમેરિકાની મેડિકલ લેબ પર સાયબર હુમલો, દર્દીઓનો ડેટા લીક થયો:આ વર્ષે વિશ્વભરમાં હેલ્થકેર સેક્ટર પર 716 હુમલા

ન્યૂ જર્સી, તા.23

અમેરિકાની મોટી મેડિકલ લેબ કંપનીઓમાંની એક ક્વેસ્ટ ડાયગ્નોસ્ટિક્સ પર સાયબર હુમલો થયો છે. તેમાં દર્દીઓની આરોગ્ય સંબંધિત અને ખાનગી માહિતી સુધી ગેરકાયદેસર રીતે પહોંચ બનાવવામાં આવી હતી.

કંપનીએ ગુરુવારે આ અંગે માહિતી આપી હતી. સાયબર સુરક્ષા સંશોધન કંપની કમ્પેરિટેકના જણાવ્યા અનુસાર સપ્ટેમ્બર 2026 સુધીમાં વિશ્વભરના હેલ્થકેર ક્ષેત્ર પર 716 હુમલા નોંધાયા હતા. તેમાંથી 410 હુમલા માત્ર અમેરિકામાં થયા હતા.

કંપનીના જણાવ્યા અનુસાર તેના ક્વાનમ લેબ સર્વિસિસ મેનેજર (LSM) સિસ્ટમ પર સાયબર હુમલાની અસર થઈ હતી. આ ઑનલાઈન સિસ્ટમનો ઉપયોગ કેટલાક ગ્રાહકો લેબ ટેસ્ટના ઓર્ડર આપવા, તપાસના પરિણામો મેળવવા અને રિપોર્ટ જોવા માટે કરે છે. ક્વેસ્ટ ડાયગ્નોસ્ટિક્સને ઘટનાની જાણ થતાં જ તેણે અસરગ્રસ્ત સિસ્ટમનો ઉપયોગ બંધ કરી દીધો. કંપનીએ જણાવ્યું કે મામલાની તપાસ ચાલી રહી છે. આ માટે સંબંધિત કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે પણ કામ કરવામાં આવી રહ્યું છે.

કંપનીએ જણાવ્યું કે આ સાયબર હુમલાથી તેની રોજિંદી કામગીરી પર અસર થઈ નથી. ડૉક્ટરો અને આરોગ્ય સંસ્થાઓ પહેલાંની જેમ



લેબ સિસ્ટમ અથવા ઈલેક્ટ્રોનિક મેડિકલ રેકોર્ડ (EMR) દ્વારા તપાસ માટે સેમ્પલ મોકલી શકે છે.

કંપનીએ જણાવ્યું કે તે દર્દીઓની ખાનગી માહિતી અને સુરક્ષાને ગંભીરતાથી લે છે. અસરગ્રસ્ત સિસ્ટમને શક્ય તેટલી વહેલી તકે સંપૂર્ણપણે પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

ક્વેસ્ટ ડાયગ્નોસ્ટિક્સના જણાવ્યા અનુસાર, તે ઑનલાઈન સિસ્ટમમાં રહેલા કેટલાક દર્દીઓના ડેટા સુધી અનધિકૃત રીતે પહોંચ બનાવવામાં આવી હતી. જોકે, કંપનીની અન્ય સિસ્ટમો પ્રભાવિત થઈ નથી.

કંપનીએ જણાવ્યું કે આ ઘટનામાં દર્દીઓની આરોગ્ય સંબંધિત માહિતી અને ઓળખ સાથે જોડાયેલી ખાનગી માહિતી પણ પહોંચાડવામાં આવી હતી. પરંતુ હાલમાં એ સ્પષ્ટ નથી કે કઈ ચોક્કસ માહિતી જોવામાં આવી અથવા પ્રભાવિત થઈ.

કંપની તપાસ કરી રહી છે કે કેટલા ડેટા સુધી પહોંચ કરવામાં આવી હતી. તેણે જણાવ્યું કે કાયદા હેઠળ જેમને આ ઘટનાની જાણ કરવી જરૂરી હશે, તેમને જાણ કરવામાં આવશે.

સાયબર સુરક્ષા સંશોધન કંપની કમ્પેરિટેકના અહેવાલ મુજબ, હેલ્થ સેક્ટરમાં આ વર્ષે જાન્યુઆરીથી જૂન વચ્ચે વિશ્વભરમાં 410 સાયબર હુમલા અને અમેરિકામાં 225 હુમલા નોંધાયા હતા. જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે વિશ્વભરમાં 306 અને અમેરિકામાં 185 હુમલા નોંધાયા.

આ હુમલાઓમાં હેકર કોઈ કમ્પ્યુટર સિસ્ટમ અથવા નેટવર્કનો ડેટા લૉક કરી દે છે અથવા તેની ચોરી કરે છે. ત્યાર બાદ ડેટા પાછો આપવા અથવા સિસ્ટમ ખોલવાના બદલામાં ખંડણી માગવામાં આવી શકે છે. જોકે, દરેક સાયબર હુમલામાં ખંડણી માગવામાં આવે તે જરૂરી નથી. અમેરિકાના આરોગ્ય વિભાગ (HHS)ના રેકોર્ડ મુજબ, 30 સપ્ટેમ્બર 2026 સુધીમાં ઓછામાં ઓછા 500 લોકોને અસર કરતી ડેટા લીકની 571 ઘટનાઓ નોંધાઈ હતી. તેમાંની 485 ઘટનાઓ હેકિંગ અથવા IT સિસ્ટમ સાથે સંબંધિત હતી. આ ઘટનાઓથી આશરે 7.67 કરોડ લોકોની માહિતી પ્રભાવિત થઈ હતી. ન્યૂ જર્સીમાં સ્થિત ક્વેસ્ટ ડાયગ્નોસ્ટિક્સ સાથે અગાઉ પણ દર્દીઓની માહિતી લીક થવાની ઘટનાઓ બની ચૂકી છે. વર્ષ 2016માં કંપનીએ જણાવ્યું હતું કે ડેટા લીકની એક ઘટનામાં આશરે 34 હજાર લોકોની માહિતી પ્રભાવિત થઈ હતી.

તિબેટમાં 7ની તીવ્રતાનો ભૂકંપ, 16નાં મોત, 54 ઘાયલ: 10 કિમી ઊંડાઈમાં હતું કેન્દ્ર, પાકિસ્તાન-અફઘાનિસ્તાનમાં પણ આંચકા

લ્હાસા, તા.23

તિબેટમાં 7ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. ભારતીય સમય અનુસાર ગુરુવારે રાત્રે 8:03 વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેમાં 16 લોકોનાં મોત થયા છે અને 54 લોકો ઘાયલ થયા છે. તેનું કેન્દ્ર તિબેટની રાજધાની લ્હાસાથી લગભગ 400 કિલોમીટર દૂર તિબેટના નાગકૂ વિસ્તારમાં જમીનથી 10 કિલોમીટરની ઊંડાઈએ હતું. ચીનના ભૂકંપ નેટવર્ક કેન્દ્ર (CENC) અનુસાર ભૂકંપના આંચકા સ્થાનિક વિસ્તારમાં સ્પષ્ટપણે અનુભવાયા હતા. આ ઉપરાંત, પાકિસ્તાનમાં 4.9 અને અફઘાનિસ્તાનમાં 4.1ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા છે.

તિબેટ દુનિયાના એવા વિસ્તારોમાં સામેલ છે, જ્યાં ભૂકંપ આવવાનું જોખમ વધારે રહે છે. અહીં ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટો એકબીજા સાથે અથડાય છે. તેમની હલચલથી હિમાલય પર્વત બન્યો છે, પરંતુ આ જ કારણોસર આ વિસ્તારમાં ભૂકંપ પણ આવતા રહે છે.

જાન્યુઆરી 2025માં તિબેટના તિંગરી કાઉન્ટીમાં 7.1ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેમાં તિબેટમાં લગભગ 400 લોકોનાં મોત થયાં હતાં, જ્યારે પાડોશી નેપાળમાં 13 લોકોનાં જીવ ગયા હતા. તેના આંચકા ઉત્તર ભારત સહિત દક્ષિણ એશિયાના અનેક વિસ્તારોમાં અનુભવાયા હતા.

આ પહેલાં 2010માં પાડોશી ચીનના પ્રાંત છિંગહાઈના યુશૂમાં

7.1ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેમાં ઓછામાં ઓછા 2,698 લોકોનાં મોત થયાં હતાં અને લગભગ 300 લોકો ગુમ થઈ ગયા હતા.

તિબેટમાં આ વર્ષે 26 ઓગસ્ટે નેપાળ સરહદ નજીક પર્વત પરથી બરફ અને ખડકોનો મોટો ભાગ તૂટીને નદીમાં પડી ગયો હતો.

આના કારણે નદીનો માર્ગ થોડા સમય માટે બંધ થઈ ગયો હતો. બાદમાં પાણીનો તેજ પ્રવાહ નેપાળ તરફ વધ્યો, જેના કારણે અનેક ગામો, રસ્તાઓ અને પુલોને નુકસાન પહોંચ્યું હતું.

ચીનના સત્તાવાર આંકડા મુજબ, તિબેટના ગ્યિરોંગ વિસ્તારમાં આ આપદામાં 43 લોકોનાં મોત થયાં હતાં, જ્યારે 519 લોકો લાપતા થયા હતા. બીજી તરફ, નેપાળમાં પૂરથી 1,455 લોકોનાં મોત થયાં હતાં અને 5,285 લોકો લાપતા હોવાનું જણાવાયું હતું.

જમીનની નીચે બે મોટી પ્લેટો છે. ભારતની પ્લેટ અને યુરેશિયાની પ્લેટ. ભારતની પ્લેટ ધીમે ધીમે ઉત્તર તરફ આગળ વધી રહી છે અને યુરેશિયાની પ્લેટને ધક્કો મારી રહી છે. દબાણને કારણે જમીનની નીચેના ખડકોમાં હલચલ થાય છે. જ્યારે ખડકો અચાનક ખસી જાય છે, ત્યારે જમીન ધ્રૂજવા લાગે છે. તેને જ ભૂકંપ કહેવામાં આવે છે. તિબેટમાં જમીનની નીચે આવેલી તિરાડોમાં દબાણ સતત એકઠું થતું રહે છે. તેથી અહીં વારંવાર ભૂકંપ આવે છે. તેમની હલચલથી હિમાલય પર્વત બન્યો છે, પરંતુ આ જ કારણોસર આ વિસ્તારમાં ભૂકંપ પણ આવતા રહે છે. જાન્યુઆરી 2025માં તિબેટના તિંગરી કાઉન્ટીમાં 7.1ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેમાં તિબેટમાં લગભગ 400 લોકોનાં મોત થયાં હતાં, જ્યારે પાડોશી નેપાળમાં 13 લોકોનાં જીવ ગયા હતા. તેના આંચકા ઉત્તર ભારત સહિત દક્ષિણ એશિયાના અનેક વિસ્તારોમાં અનુભવાયા હતા.

અમેરિકામાં પહેલીવાર પંજાબીના નામે કાયદો: 'રોમાંચ લૉ' પસાર, ઘોડાગાડી પર પ્રતિબંધ લાગ્યો

પઠાણકોટ, તા.23

અમેરિકામાં પહેલીવાર કોઈ પંજાબીના નામે કાયદો બનાવવામાં આવ્યો છે. ન્યૂયોર્કના સેન્ટ્રલ પાર્કમાં અકસ્માતમાં જીવ ગુમાવનાર પઠાણકોટના 18 વર્ષીય રોમાંચ મહાજનના નામે હવે 'રોમાંચ લૉ' પસાર થઈ ગયો છે.

આ અંતર્ગત ન્યૂયોર્કના રસ્તા પર 150 વર્ષ જૂની પરંપરાગત ઘોડાગાડીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. અગાઉ આ કાયદાને 'રાઈડર લૉ' કહેવામાં આવતો હતો. ન્યૂયોર્ક સિટી કાઉન્સિલમાં તેના પક્ષમાં 40 મત પડ્યા, જ્યારે 7 સભ્યોએ વિરોધ કર્યો. 2 સભ્યો મતદાનથી દૂર રહ્યા.

રોમાંચ પોતાના પરિવાર સાથે અમેરિકા ફરવા ગયો હતો. સેન્ટ્રલ પાર્કમાં તે જે ઘોડાગાડીમાં બેઠો હતો, તેનો ઘોડો અચાનક ભડક્યો. આ દરમિયાન તેની માતા પ્રિયા ગાડીમાંથી પડી ગઈ હતી. તેમને બચાવવા માટે રોમાંચે પણ છલાંગ લગાવી દીધી. અકસ્માતમાં પ્રિયાને હળવી ઈજાઓ થઈ, પરંતુ રોમાંચના માથામાં ગંભીર ઈજા થઈ અને તેનું મૃત્યુ થયું હતું.

આ બિલ ન્યૂયોર્ક સિટી કાઉન્સિલમાં છે. તેના હેઠળ ઘોડાગાડીના ચાલકો માટે નવા લાઈસન્સ જારી કરવા પર તાત્કાલિક રોક લગાવવામાં આવશે. તેને સમાપ્ત કરી દેવામાં આવશે.

હાલમાં સિટી કાઉન્સિલની આરોગ્ય સમિતિની સુનાવણી દરમિયાન રોમાંચના પરિવાર અને એમી પુરસ્કાર વિજેતા અભિનેત્રી એડી ફાલ્કો સહિત અનેક સમર્થકોએ ભાગ લીધો હતો.

કાઉન્સિલની સ્પીકર જુલિ મેનિન આ પ્રતિબંધનું જાહેરમાં સમર્થન કરનારી પ્રથમ વર્તમાન સ્પીકર બની ગઈ છે. 51માંથી 32 કાઉન્સિલ સભ્યોએ આ બિલ પર સંમતિ આપી છે.

ન્યૂયોર્કમાં કરવામાં આવેલા અનેક સર્વે અનુસાર, 70% લોકો ઘોડાગાડી ઉદ્યોગ બંધ કરવાની તરફેણમાં છે. લોકોનું માનવું છે કે ઘોડાઓને ભારે ગરમી અને ઠંડીમાં કાંકરીટના રસ્તાઓ પર દોડવું પડે છે, જેના કારણે તેઓ શ્વાસ અને પગની ગંભીર બીમારીઓથી પીડાય છે. વાહનોના ધુમાડા અને અકસ્માતોને કારણે અનેક ઘોડાઓ અને માણસોના જીવ જઈ ચૂક્યા છે.

રોમાંચ મહાજનને અમેરિકામાં મરણોત્તર મોટું સન્માન મળ્યું છે. PETAએ પોતાના મુખ્યાલય સ્થિત 'ટ્રી ઑફ લાઈફ' સ્મારકમાં રોમાંચની યાદમાં એક વિશેષ પાંદડું (તકતી) સમર્પિત કરવાનો નિર્ણય લીધો છે. વિશ્વની સૌથી મોટી પશુ અધિકાર સંસ્થા પેટા (પીપલ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઑફ એનિમલ્સ) દ્વારા આ વિશેષ સન્માન મેળવનારા રોમાંચ પ્રથમ ભારતીય છે.

રોમાંચના પિતા દીપક મહાજને જણાવ્યું કે PETAનું 'ટ્રી ઑફ લાઈફ' સ્મારક વર્જિનિયા સ્થિત તેના મુખ્યાલય (સેમ સાયમન સેન્ટર)માં સ્થાપિત છે. આ સ્મારક એવા નાયકો અને દયાળુ

આત્માઓની યાદમાં બનાવવામાં આવ્યું છે, જેમણે પ્રાણીઓના કલ્યાણ માટે અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે.

રોમાંચના નામના પાંદડા પર લખવામાં આવશે, "રોમાંચ મહાજનની પ્યારી યાદમાં– પ્રાણીઓનો એક ફરિશ્તો." પઠાનકોટ ખાતેના રોમાંચના ઘરે માતા-પિતા તેના રૂમમાં આ સ્મારક તકતી લગાવવા જઈ રહ્યા છે.

દીપક મહાજને કહ્યું કે ભલે આ અકસ્માતે તેમને ક્યારેય દુર ન થનારી પીડા આપી છે, પરંતુ સરકારો અને સંસ્થાઓ દ્વારા દાખવવામાં આવી રહેલી ગંભીરતાથી ઘણા લોકોના જીવ બચી જશે. રોમાંચના અકસ્માત બાદ ઈજિપ્ત, બોમ્બે, બેલ્જિયમ, સ્પેન, ઈટાલી અને પરાગ્વેમાં ઘોડાગાડી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, PETAના 'ટ્રી ઑફ લાઈફ'માં પ્રથમ ભારતીયનું નામ સામેલ થવું અને અમેરિકામાં પ્રથમ ભારતીયના નામે કાયદો 'રોમાંચ લૉ' બનવો દરેક દેશવાસી માટે ગર્વની વાત છે.

પઠાણકોટથી અમેરિકા ફરવા ગયો હતો પરિવાર: ન્યૂયોર્કમાં અકસ્માતનો ભોગ બનેલો રોમાંચ મહાજન (18) પોતાના માતા-પિતા સાથે 14 જૂને ન્યૂયોર્ક ગયો હતો. પરિવારનો 15 દિવસનો પ્રવાસ હતો. તેમાં 2-3 દિવસ વધુ ફર્યા બાદ પરિવારને રોમાંચની ફોઈના ઘરે જવાનું હતું. પરિવાર પઠાણકોટની ઈન્દિરા કોલોનીમાં રહે છે.

ઘોડો બેકાબૂ બન્યો, ઘોડાગાડી પલટી: ન્યૂયોર્ક પોલીસ વિભાગ પાસેથી મળેલી માહિતી અનુસાર, રોમાંચ પોતાના પિતા દીપક મહાજન, માતા પ્રિયા મહાજન અને નાના ભાઈ માણિક સાથે પરંપરાગત ઘોડાગાડીમાં બેસીને સેન્ટ્રલ પાર્કની મુલાકાત લઈ રહ્યો હતો. આ દરમિયાન 'ચેરી હિલ' વિસ્તાર પાસે ઘોડો અચાનક ભડકી ગયો અને બેકાબૂ થઈને દોડવા લાગ્યો.

રસ્તા પર અથડાયું માથું: બેકાબૂ ઘોડો બગ્ગીને ખેંચતો 'વેસ્ટ ડ્રાઈવ' તરફ દોડ્યો અને પ્રખ્યાત 'ટૅવર્ન ઑન ધ ગ્રીન' રેસ્ટોરાં પાસે બીજી ઘોડાગાડી સાથે અથડાઈ ગયો. ટક્કર એટલી જોરદાર હતી કે બગ્ગી રસ્તાની વચ્ચે જ પલટી ગઈ અને રોમાંચ ઊછળીને કૉન્ક્રીટના રસ્તા પર જઈ પડ્યો, જેના કારણે તેના માથામાં ગંભીર ઈજા થઈ.

માતાને બચાવવાના પ્રયાસમાં ગયો જીવ: રોમાંચના દાદા સુરેશ મહાજને જણાવ્યું કે બગ્ગીમાં આખો પરિવાર સવાર હતો. ઘોડો જેવા જ બેકાબૂ થયો, તેની પાછળ બગ્ગીચાલક પણ દોડ્યો, પરંતુ ઘોડો ઝડપથી બગ્ગી સાથે દોડી ગયો. પરિવારના જણાવ્યા અનુસાર, રોમાંચ અને તેની માતા પ્રિયા એક તરફ બેઠા હતા. ઘોડો ઝડપથી દોડતાં જ બગ્ગીનું બેલેન્સ બગડ્યું અને પ્રિયા બગ્ગીમાંથી નીચે પડી ગઈ. માતાને બચાવવાના પ્રયાસમાં રોમાંચે પણ છલાંગ લગાવી દીધી.

ઈન્ટરનલ બ્લડિંગથી મોત: અકસ્માતમાં પ્રિયા મહાજનને સામાન્ય ઈજાઓ થઈ હતી, પરંતુ રસ્તા પર રોમાંચનું માથું પટકાયું, જેના કારણે તેના માથામાં ગંભીર ઈજા થઈ. હોસ્પિટલમાં બે દિવસ તેની સારવાર ચાલી, પરંતુ ઈન્ટરનલ બ્લડિંગને કારણે તેનું મોત થયું. રોમાંચના પિતા દીપક મહાજન પઠાણકોટમાં ઓપ્યુલન્સ ટૂર નામે ટ્રાવેલ એજન્સી ચલાવે છે. દાદા રમેશ શહેરમાં જ્વેલરીનો કારોબાર કરે છે. આ ઉપરાંત દીપકનો પરિવાર શહેરમાં હોટેલ અને જ્વેલર્સના વ્યવસાય સાથે પણ સંકળાયેલો છે.

પાકિસ્તાનમાં શીખ યુવતીએ ઈસ્લામ કબુલ્યો: યુવતીએ કહ્યું- ધર્મ બદલીને શાંતિ મળી, કલમા પઢીને જન્નત મળી

જલંધર, તા.23

પાકિસ્તાનમાં એક શીખ સગીર યુવતીએ ધર્મ પરિવર્તન કરી લીધું. તેણે ઈસ્લામ કબૂલ કર્યા બાદ કહ્યું કે મને બહુ શાંતિ મળી રહી છે. મને ધર્મ પરિવર્તનનો કોઈ અફસોસ નથી. યુવતીનો બોલતો વીડિયો સામે આવ્યો છે, જેમાં તે પોતાની મરજીથી ધર્મ બદલવાની વાત સ્વીકારી રહી છે. યુવતી એમ પણ કહે છે કે કલમા પઢ્યા પછી મને એવું લાગી રહ્યું છે કે જાણે જન્નત મળી ગઈ છે. પહેલી વાર રમઝાન મનાવતાં મને ખૂબ સારું લાગી રહ્યું છે. જોકે યુવતીનો આ વીડિયો ક્યારે અને ક્યાં બનાવવામાં આવ્યો છે, તે અંગે હજુ સુધી જાણકારી મળી નથી. બીજી તરફ, વીડિયો સામે આવતાં જ શીખ સમુદાયે તેના પર ભારે નારાજગી વ્યક્ત કરી છે. શીખ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર સિમરનપ્રીત કૌર, જે. કૌર અને નવદીપ સિંહ યુકેએ કહ્યું કે આ 'કૌર ટુ ખાન' અભિયાનનો ભાગ છે. પાકિસ્તાની ગ્રૂમિંગ ગેંગ સમગ્ર દુનિયામાં શીખ યુવતીઓને નિશાન બનાવી રહી છે. યુકેથી લઈને દુબઈ સુધી તેમને મુસ્લિમ બનાવવામાં આવી રહી છે, આને રોકવું પડશે.

મારું દિલ હતું કે હું ઈસ્લામ ધર્મ અપનાવું- યુવતીએ વીડિયોમાં કહ્યું કે પહેલેથી જ મારા દિલમાં ખૂબ ઈચ્છા હતી કે હું ઈસ્લામ ધર્મમાં અપનાવું. ઈસ્લામને જાણું અને ઈસ્લામને ઓળખું. નમાઝ-એ-રોઝા વિના મારી જિંદગીમાં કંઈક અધૂરું હતું. મને કંઈ ખરાબ લાગતું નહોતું. સાકિબ ભાઈ મને મળ્યા. સાકિબ ભાઈએ મને ઈસ્લામ વિશે વધુ જણાવ્યું. ઘણી વાતો જણાવી ત્યારે મને એવું લાગ્યું કે આ જ મારું સુકૂન છે. કલમા પઢતાં લાગ્યું, ખબર નથી આજે શું મળી ગયું- વીડિયોમાં યુવતી કહેતી જોવા મળી કે સાકિબ ભાઈએ મને કલમા



પઢાવ્યું તો મને એવું લાગ્યું કે ખબર નથી આજે મને શું મળી ગયું છે. મને આજે મારા રબ મળી ગયા છે. તો આ મારો પહેલો રમઝાન છે. માશાઅલ્લાહ, હું ખૂબ ખુશ છું. મને એવું લાગી રહ્યું છે કે ખબર નથી અલ્લાહે આજે મને શું આપી દીધું છે. ધર્મ પરિવર્તન કરવાનો કોઈ અફસોસ નથી- યુવતીએ કહ્યું કે આજે મને ખૂબ શાંતિ મળી રહી છે. રોજા રાખીને અને મુસ્લિમ ધર્મની રીતો પાળીને મને ખૂબ શાંતી મળી રહી છે. નમાજ અદા કરીને મને સારું લાગી રહ્યું છે. મને મુસ્લિમ ધર્મ અપનાવવાનો કોઈ અફસોસ નથી. હું સાકિર ભાઈનો આભાર માનું છું કે તેઓ મને મુસ્લિમ ધર્મમાં લઈ આવ્યા.

આખી દુનિયામાં ચાલી રહેલી ગ્રૂમિંગ ગેંગ કૌર ટુ ખાનને લઈને શીખ સમુદાયમાં ચિંતા છે. 22 ઓક્ટોબર 2026ના રોજ સામે આવેલા ધર્મપરિવર્તનના વીડિયો અંગે શીખ સમુદાયના મુદ્દા ઉઠાવનારી સિમરનપ્રીત કૌરે લખ્યું- પાકિસ્તાનમાં શીખ યુવતીઓ પર દબાણ કરીને ઈસ્લામ અપનાવવાના સમાચાર જોઈને દુઃખ થાય છે.

પાકિસ્તાની અધિકારીઓ શીખ છોકરીઓની સુરક્ષા માટે શું પગલાં લઈ રહ્યા છે? આ જ રીતે શીખ સમુદાયના નવદીપ સિંહે કહ્યું કે કૌરથી ખાનનો મુદ્દો શીખ સમુદાયની અંદર ગંભીર ચિંતાઓ ઉભી કરી રહ્યો છે. પાકિસ્તાનમાં શીખ સગીર છોકરીઓનું ધર્મપરિવર્તન કરાવવામાં આવતું હોવાના અહેવાલો મળી રહ્યા છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે પાકિસ્તાનમાં સક્રિય નેટવર્કો તેમના પર દબાણ કરીને અથવા તેમને ગેરમાર્ગે દોરીને તેમનું ધર્મપરિવર્તન કરાવી રહ્યાં છે. શીખ છોકરીને મુસ્લિમ બનાવવાના બદલામાં કેટલાક જૂથો 10 હજાર પાઉન્ડ સુધીની રકમની ઓફર કરે છે. ઝડપથી થઈ રહેલા ધર્મ પરિવર્તનને કારણે પાકિસ્તાનમાં શીખોની વસ્તી ઘટતી જઈ રહી છે. 1941ની વસ્તી ગણતરી અનુસાર, વર્તમાન પાકિસ્તાનના વિસ્તારમાં લગભગ 20 લાખથી વધુ શીખો રહેતા હતા. તેઓ મુખ્યત્વે પંજાબના લાહોર, રાવલપિંડી અને ફૈસલાબાદ જેવા શહેરોમાં વસેલા હતા. 2023ની પાકિસ્તાની વસ્તી ગણતરીમાં શીખોની વસ્તી આશરે 15,998 હોવાનું જણાવાયું છે. શીખ સમુદાય હવે મુખ્યત્વે ખૈબર પખ્તુનખ્વા, સિંધ અને પંજાબના કેટલાક વિસ્તારોમાં જ સીમિત રહી ગયો છે.

અધિકારીના ચહેરા પર ચલાન ફેંકવા બદલ ₹3 લાખનો દંડ: ખોટી જગ્યાએ કાર પાર્ક કરી હતી, કોર્ટે 40 ગણી વધુ પેનલ્ટી ફટકારી

ઈંગ્લેન્ડ, તા.23

બ્રિટનના કોર્નવોલમાં ખોટી જગ્યાએ ગાડી પાર્ક કરવા બદલ એક શખ્સને ચલાન મળ્યું. તેણે ચલાન ભરવાનો ઈનકાર કર્યો અને મહિલા અધિકારીના મોઢા પર ચલાન ફાડીને ફેંકી દીધું. તેને 60 પાઉન્ડ એટલે કે 7,600 રૂપિયા ચૂકવવાના હતા.

પરંતુ જ્યારે મામલો કોર્ટમાં પહોંચ્યો ત્યારે દંડ 40 ગણો વધી ગયો. 14 ઓક્ટોબરે સુનાવણી બાદ અદાલતે શખ્સ પર લગભગ 3 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો.

બ્રિટનની સમાચાર વેબસાઈટ મેટ્રોના અહેવાલ મુજબ આરોપી વ્યક્તિનું નામ સ્ટીફન લેંગ છે.

મહિલા અધિકારીએ તેની કારની વિન્ડસ્ક્રીન પર ચલાન લગાવ્યું હતું. લેંગે ચલાન ફેંક્યું અને ત્યાંથી ચાલ્યો ગયો.

થોડા સમય બાદ જ્યારે મહિલા અધિકારીએ જમીન પરથી ચાલાન ઉઠાવીને ફરી કાર પર લગાવવાનું શરૂ કર્યું, ત્યારે લેંગ પાછો આવ્યો. તેણે ચાલાન ફરીથી હટાવ્યું, તેને

મસળી નાખ્યું અને મહિલાની તરફ ફેંકી દીધું. આ સમગ્ર ઘટના પાર્કિંગમાં લગાવવામાં આવેલા CCTV કેમેરામાં રેકોર્ડ થઈ ગઈ. કોર્નવોલ કાઉન્સિલ અનુસાર, લેંગને 20 નવેમ્બર 2025ના રોજ કચરો ફેલાવવાના મામલે દોષી ઠેરવવામાં આવ્યો હતો.

કોર્ટે તેને 250 પાઉન્ડ (લગભગ 32 હજાર રૂપિયા)ની પેનલ્ટી નોટિસ ફટકારી હતી. પરંતુ તેણે દંડ ભર્યો નહીં. રિમાઈન્ડર મોકલવા અને કાનૂની કાર્યવાહી કરવાની ચેતવણી આપવા છતાં પણ તેણે ચુકવણી કરી નહીં.

ત્યારબાદ મેજિસ્ટ્રેટ કોર્ટમાં મામલાની સુનાવણી થઈ. લૈંગ કોર્ટમાં હાજર થયો નહીં. તેની ગેરહાજરીમાં તેને દોષી ઠેરવવામાં આવ્યો. કોર્ટે તેના પર 250 પાઉન્ડનો દંડ ફટકાર્યો. આ ઉપરાંત 1,920.90 પાઉન્ડ કાનૂની ખર્ચ અને 100 પાઉન્ડ વિક્ટિમ સરચાર્જ એટલે કે પીડિત માટે વધારાની ફી ચૂકવવાનો આદેશ આપ્યો. આ રીતે કુલ રકમ 2,270.90 પાઉન્ડ (લગભગ 3 લાખ રૂપિયા) થઈ ગઈ. બ્રિટનમાં જાહેર સ્થળે કચરો ફેલાવવા બદલ સામાન્ય રીતે 12,650 રૂપિયાની પેનલ્ટી નોટિસ આપવામાં આવે છે.

ખોટી જગ્યાએ કાર પાર્ક કરવા બદલ 7,600થી 19,000 રૂપિયા સુધીનો દંડ લાગે છે. સ્થાનિક વહીવટીતંત્ર આ દંડ 8 હજારથી 63 હજાર રૂપિયા વચ્ચે નક્કી કરી શકે છે. કારમાંથી કચરો બહાર ફેંકવા બદલ પણ 63 હજાર રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. જો કોઈ વ્યક્તિ પેનલ્ટી નોટિસની ચુકવણી ન કરે અથવા મામલાને કોર્ટમાં પડકારે, તો મેજિસ્ટ્રેટ કોર્ટમાં દોષી ઠરવા પર દંડ 3 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે.

તંત્રી લેખ

ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શગુન પરિહાર કોણ છે

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ સંગઠનમાં ફેરફાર અને નવી નિમણૂકોની જાહેરાત કરતાં જમ્મુ-કાશ્મીરનાં ધારાસભ્ય શગુન પરિહારને પક્ષના યુવા મોરચાના રાષ્ટ્રીય ઉપપ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. આ નિમણૂક સાથે શગુન પરિહારને રાષ્ટ્રીય સ્તરે સંગઠનાત્મક જવાબદારી સોંપવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરમાં ભાજપના યુવા નેતૃત્વ સાથે સંકળાયેલા ચહેરા તરીકે ઓળખાતાં શગુન પરિહાર માટે આ નવી જવાબદારી રાજકીય અને સંગઠનાત્મક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. પક્ષના યુવા સંગઠનને મજબૂત બનાવવા અને યુવાનો સાથે સંવાદ વધારવાની જવાબદારીમાં હવે તેમની ભૂમિકા મહત્ત્વની બની શકે છે.

શગુન પરિહારે પોતાની નિમણૂક અંગે ખુશી વ્યક્ત કરતાં આ સફળતાનો શ્રેય મા ભગવતીના આશીર્વાદને આપ્યો હતો. તેમણે આ નવી જવાબદારી સોંપવા બદલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી એલ સંતોષનો વિશેષ આભાર માન્યો હતો. શગુન પરિહારના જણાવ્યા અનુસાર, આ જવાબદારી તેમના માટે સન્માનની સાથે સંગઠન પ્રત્યે વધુ સમર્પણથી કામ કરવાની તક પણ છે. ભાજપના સંગઠનમાં રાષ્ટ્રીય સ્તરે મળેલી આ જવાબદારીથી તેમના રાજકીય કાર્યક્ષેત્રનો વિસ્તાર થયો છે.

શગુન પરિહાર જમ્મુ-કાશ્મીરની કિશ્તવાડ વિધાનસભા બેઠકનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ પ્રથમ વખત ધારાસભ્ય બન્યાં છે અને જમ્મુ-કાશ્મીરમાં ભાજપના યુવા ચહેરા તરીકે ઓળખાય છે. સ્થાનિક રાજકારણમાં તેમની ભૂમિકા ઉપરાંત હવે રાષ્ટ્રીય સ્તરે યુવા મોરચાની જવાબદારી મળતાં પક્ષના સંગઠનાત્મક કાર્યમાં પણ તેમને સક્રિય રહેવાની તક મળશે. ભાજપના યુવા મોરચા દ્વારા દેશભરના યુવાનોને સંગઠન સાથે જોડવા, પક્ષની પ્રવૃત્તિઓને આગળ વધારવા અને વિવિધ રાજ્યોમાં યુવા કાર્યકરો સાથે સંકલન સાધવા જેવા કાર્યો કરવામાં આવે છે. આવી સ્થિતિમાં શગુન પરિહારને મળેલી જવાબદારી તેમના માટે રાષ્ટ્રીય સ્તરે કામ કરવાનો નવો અવસર છે.

શગુન પરિહાર દિવંગત આરએસએસ નેતા અજીત પરિહારનાં પુત્રી છે. તેમના પરિવારની રાજકીય અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે જોડાયેલી પૃષ્ઠભૂમિને કારણે પણ તેઓ ચર્ચામાં રહ્યાં છે. કિશ્તવાડ જેવી મહત્ત્વપૂર્ણ બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યાં બાદ ભાજપના સંગઠનમાં તેમને રાષ્ટ્રીય પદ આપવામાં આવ્યું છે. પક્ષના વર્તુળોમાં તેમની આ નિમણૂકને જમ્મુ-કાશ્મીરના યુવા નેતૃત્વને રાષ્ટ્રીય સંગઠનમાં સ્થાન આપવાના ભાગરૂપે પણ જોવામાં આવી શકે છે.

ભાજપે માત્ર શગુન પરિહારને જ નહીં, પરંતુ સંગઠનના અન્ય અનેક મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય હોદ્દાઓ પર પણ નવી નિમણૂકો કરી છે. પક્ષે રાષ્ટ્રીય મહામંત્રી, રાષ્ટ્રીય મંત્રી, ખજાનચી, સહખજાનચી, કાર્યાલય પ્રભારી, મીડિયા પ્રભારી અને સોશિયલ મીડિયા પ્રભારી જેવા પદો માટે પણ જવાબદારીઓ સોંપી છે. આ નિમણૂકોનો હેતુ સંગઠનની વિવિધ કામગીરીને વધુ વ્યવસ્થિત બનાવવાનો અને રાષ્ટ્રીય સ્તરે પક્ષના કામકાજનું સંકલન મજબૂત કરવાનો છે. અલગ-અલગ વિભાગોમાં જવાબદારીઓ સોંપવાથી સંગઠનાત્મક પ્રવૃત્તિઓ, પ્રચારકાર્ય, મીડિયા સાથેનો સંવાદ અને ડિજિટલ માધ્યમો પર પક્ષની કામગીરીને આગળ વધારવામાં મદદ મળી શકે છે.

આ નવી નિમણૂકોમાં ભાજપના યુવા મોરચાની રાષ્ટ્રીય કાર્યકારિણી પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. યુવા મોરચાની રાષ્ટ્રીય કાર્યકારિણીમાં નિમણૂક પામેલા કુલ 34 સભ્યોમાંથી પાંચ સભ્યો ઉત્તર પ્રદેશના છે. આ વિગતો દર્શાવે છે કે વિવિધ રાજ્યોના કાર્યકરોને રાષ્ટ્રીય સ્તરે સંગઠનમાં સ્થાન આપવામાં આવ્યું છે. યુવા મોરચાની કાર્યકારિણીમાં વિવિધ પ્રદેશોના પ્રતિનિધિઓની ભાગીદારી દ્વારા સ્થાનિક સ્તરે ચાલી રહેલી પ્રવૃત્તિઓ અને યુવાનો સાથે જોડાયેલા મુદ્દાઓને રાષ્ટ્રીય મંચ સુધી પહોંચાડવાની તક મળી શકે છે.

કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટ્સમાં કાચા માલની અછત, ટ્રાન્સમિશન નેટવર્કની ખામીઓ અને વધતી જતી માંગને કારણે દેશના ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં કલાકો સુધી અઘોષિત વીજકાપ સામાન્ય બાબત બની ગઈ છે. પીક અવર્સમાં જ્યારે વીજળીની સૌથી વધુ જરૂર હોય છે, ત્યારે પરંપરાગત પાવર ગ્રીડ નિષ્ફળ નીવડે છે. તેનો વિકલ્પ ગ્રીન એનર્જી છે પણ તેમાં ઘાટ કરતા ઘડામણ મોંઘા જેવી સ્થિતિ થઈ છે

ગ્રીન એનર્જીના મોટા દાવાઓ અને પ્રજાને વીજકાપનો કરંટ!

સોલાર બેટરીની મોંઘી આયાત ડ્યૂટી અને અવિચારી-અણઘડ નીતિઓને પગલે પ્રજા મોંઘી વીજળી ખરીદવા લાચાર

કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટ્સમાં કાચા માલની અછત, ટ્રાન્સમિશન નેટવર્કની ખામીઓ અને વધતી જતી માંગને કારણે દેશના ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં કલાકો સુધી અઘોષિત વીજકાપ સામાન્ય બાબત બની ગઈ છે. પીક અવર્સમાં જ્યારે વીજળીની સૌથી વધુ જરૂર હોય છે, ત્યારે પરંપરાગત પાવર ગ્રીડ નિષ્ફળ નીવડે છે. તેનો વિકલ્પ ગ્રીન એનર્જી છે પણ તેમાં ઘાટ કરતા ઘડામણ મોંઘા જેવી સ્થિતિ થઈ છે : કેન્દ્ર સરકારે સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને આયાત ઘટાડવા માટે બેઝિક કસ્ટમ્સ ડ્યૂટી અને અન્ય કરવેરા વધારવાનો માર્ગ પસંદ કર્યો છે. આયાતી બેટરી અને સેલ્સ પર ૧૫થી ૨૦ ટકા કે તેથી વધુ કસ્ટમ્સ ડ્યૂટી, તેના પર લાગતો સેસ અને જીએસટી ઉમેરાતાં મૂળ કિંમત કરતાં બેટરીનો અંતિમ ભાવ સામાન્ય ગ્રાહક માટે લગભગ ૩૦થી ૪૦ ટકા વધી જાય છે. ભારતમાં રિન્યુએબલ એનર્જી અને ખાસ કરીને સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે સરકારી સ્તરે મોટા પાયે જાહેરાતો, સબસિડી યોજનાઓ અને આકર્ષક લક્ષ્યાંકો રજૂ કરવામાં આવે છે. છત પર સોલાર પેનલ લગાવીને વીજળી ગ્રાહકમાંથી વીજળી ઉત્પાદક બનવાના પ્રલોભનો નાગરિકો સમક્ષ મૂકાયા છે. જોકે, આ આકર્ષક કાગળ ઉપરના આંકડાઓ અને ગ્રાઉન્ડ રિયાલિટી વચ્ચે એક મોટો તફાવત છે, જે સામાન્ય લોકોને મોટો આર્થિક ફટકો પહોંચાડી રહ્યો છે. એક તરફ ગ્રીન એનર્જી અપનાવવા માટે સબસિડીનો પ્રચાર ચાલે છે, તો બીજી તરફ સોલાર સ્ટોરેજ માટે અનિવાર્ય ગણાતી બેટરીઓ, ખાસ કરીને લિથિયમ-આયન બેટરી પેક અને સેલ્સ ઉપર અધધ કસ્ટમ્સ ડ્યૂટી, જીએસટી અને સંરક્ષણાત્મક ટેરિફ અને સોશિયલ વેલફેર ટેક્સ લાદી દેવામાં આવ્યા છે. સૂર્યપ્રકાશ દિવસ દરમિયાન પુષ્કળ મળે, પણ સાંજ પછી અથવા પાવર કટ દરમિયાન ઘર ચલાવવા માટે જે બેટરી સ્ટોરેજ જોઈએ, તેના ભાવ સામાન્ય નાગરિકની પહોંચ બહાર ધકેલાઈ ગયા છે.

તાજેતરમાં જ સમસ્યા સામે આવી છે કે, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ અને કસ્ટમ દ્વારા ગ્રીડ સ્કેલ અને સ્ટેશનરી બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ ઉપર ૧૦ ટકા બેસિક કસ્ટમ ડ્યૂટી, ૧૮ ટકા જીએસટી અને ૧૦ ટકા સામાજિક કલ્યાણ સરચાર્જ જેવા ટેક્સ લાગુ કર્યા છે. આ સિવાય પણ કેન્દ્રીય એજન્સીઓ દ્વારા લિથિયમ બેટરીની આયાત દરમિયાન તેની ગુણવત્તા અંગે પણ વિવિધ નિયમો લાગુ કરવામાં આવ્યા છે. તેના પગલે સ્થિતિ એવી થઈ છે કે, આયાતકારો પૂરતા પ્રમાણમાં બેટરી આયાત કરી શકતા નથી. બેટરીની અછતને પગલે સોલાર પેનલ કામ કરતી અને વીજળીનો સંગ્રહ કરતી અટકી ગઈ છે. તેના કારણે લોકોને સોલાર પેનલ હોવા છતાં ગ્રીડની વીજળીનો ઉપયોગ કરવો પડે છે અને વીજળીનું બિલ વધારે ચુકવવું પડે છે. જાણકારોના મતે આ વિરોધાભાસ ત્યારે વધુ ગંભીર બને છે જ્યારે દેશની ગ્રીડ વ્યવસ્થા ગરમીની ઋતુમાં હાંફી જાય છે. કોલસા આધારિત થર્મલ પાવર પ્લાન્ટ્સમાં કાચા માલની અછત, ટ્રાન્સમિશન નેટવર્કની ખામીઓ અને વધતી જતી માંગને કારણે દેશના ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં કલાકો સુધી અઘોષિત વીજકાપ સામાન્ય બાબત બની ગઈ છે. પીક અવર્સમાં જ્યારે વીજળીની સૌથી વધુ જરૂર હોય છે, ત્યારે પરંપરાગત પાવર ગ્રીડ નિષ્ફળ નીવડે છે. આવા સંજોગોમાં ડિસેન્ટ્રલાઈઝ્ડ સોલાર અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (મૂઈજીજી) શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થઈ શકે છે. પરંતુ નીતિ નિર્માતાઓએ સ્થાનિક સ્તરે પૂરતું ઉત્પાદન શરૂ થાય તે પહેલાં જ આયાતી સાધનો પર આકરા કરવેરા ઝીંકી દીધા છે. પરિણામે, જેને સાચો સ્વચ્છ ઉર્જા વિકલ્પ બનાવવો જોઈતો હતો, તે સામાન્ય અને મધ્યમ વર્ગ માટે મોંઘવારીનું નવું સાધન બની ગયો છે. ઉલ્લેખનીય છે કે, ભારતમાં

સોલાર સ્ટોરેજ સેક્ટરમાં વપરાતી અદ્યતન બેટરીઓ માટેની નિર્ભરતા મુખ્યત્વે ચીન પર રહેલી છે. હાલના આંકડાકીય અંદાજો મુજબ, ભારતમાં આયાત થતા કુલ લિથિયમ-આયન સેલ્સ અને બેટરી મોડ્યુલ્સમાંથી ૭૦થી ૮૦ ટકાથી વધુ હિસ્સો એકલા ચીનમાંથી આવે છે. ભારત દર વર્ષે અબજો ડોલરના મૂલ્યની લિથિયમ-આયન બેટરીઓની આયાત કરે છે. વૈશ્વિક સપ્લાય ચેઈન પર નજર કરીએ તો લિથિયમ પ્રોસેસિંગ, કેથોડ-એનોડ નિર્માણ અને વિશાળ ગીગાફેક્ટરી સ્કેલિંગ પર ચીનનું વર્ચસ્વ છે. ચીનની સરકાર દ્વારા વર્ષો સુધી અપાયેલા પ્રોત્સાહનો, વિશાળ લોજિસ્ટિક્સ અને કાચા માલના સંશોધન પરના નિયંત્રણને કારણે ચીની ઉત્પાદકો જે સ્કેલ અને ખર્ચે બેટરીનું ઉત્પાદન કરે છે, તેની સરખામણી વૈશ્વિક સ્તરે કોઈ દેશ તાત્કાલિક કરી શકે તેમ નથી.

આ ઉપરાંત ખર્ચના સંદર્ભમાં ચીનની બેટરીઓ ભારતીય કે પશ્ચિમી ઉત્પાદકો કરતાં ૩૦થી ૪૫ ટકા સુધી સસ્તી પડે છે. ભારત જ્યારે ચીનમાંથી સેલ કે પેક મંગાવે છે ત્યારે પ્રતિ કિલોવોટ-કલાક (ઉર) ખર્ચ વૈશ્વિક બજારભાવ કરતાં પણ નીચો રહે છે. ચીની ઉત્પાદકો મોટા ઓર્ડર પર માર્જિન ઘટાડીને પણ સપ્લાય કરી શકે છે. જ્યારે બીજી તરફ ભારતમાં હજુ લિથિયમ સેલ ઉત્પાદનની પ્રાથમિક ફેક્ટરીઓ આકાર લઈ રહી છે. ભારતમાં હાલ મોટાભાગે બેટરી પેક એસેમ્બલ થાય છે, પરંતુ તેના માટે મહત્ત્વનો પાર્ટ ગણાતા જે સેલ છે તેનું ઉત્પાદન નહિવત છે. પરિણામે, ભારતીય એસેમ્બલર્સ પણ ચીની સેલ મંગાવીને પેક બનાવે છે. સ્થાનિક સ્તરે તૈયાર થતા પેક્સ પર સ્કેલ ઓફ ઈકોનોમીના અભાવે ઉત્પાદન ખર્ચ પહેલેથી ઊંચો હોય છે, જેના કારણે ચીનની આયાતી બેટરીઓ સીધી રીતે જ બજારમાં વધુ સસ્તી અને સ્પર્ધાત્મક બની રહે છે.

ચીનથી આયાત થતી સસ્તી બેટરીના તાત્કાલિક લાભો સ્પષ્ટ છે. પ્રથમ તો, તે ભારતના સામાન્ય પરિવારો અને નાના વેપારીઓ માટે ઓફ-ગ્રીડ અથવા હાઈબ્રિડ સોલાર સિસ્ટમને આર્થિક રીતે પોસાય તેવી બનાવે છે. ખેતરોમાં સોલાર પંપ સેટ્સ હોય કે નાની દુકાનોમાં ડીઝલ જનરેટરનો વિકલ્પ, સસ્તી બેટરીઓ લોકોનો ઈંધણ ખર્ચ બચાવે છે અને પ્રદૂષણ ઘટાડે છે. વધુમાં, ટેલિકોમ ટાવર્સ, હોસ્પિટલો અને શિક્ષણ સંસ્થાઓ જેવી સેવાઓ જ્યાં અવિરત વીજળી જોઈએ, ત્યાં સસ્તી ચીની બેટરીઓ વીજકાપની સ્થિતિમાં રાહત પૂરી પાડે છે. ગ્રીન એનર્જીનું રોકાણ ઝડપથી વસૂલ થાય તો જ સામાન્ય ગ્રાહક પરંપરાગત પાવર કનેક્શન પરથી સોલાર તરફ વળવા પ્રેરાય છે, અને આ ઝડપી વળતર માટે સસ્તા સ્ટોરેજ સાધનો અનિવાર્ય પરિબળ છે.

જોકે, સિક્કાની બીજી બાજુ ચીન પરની આ આંધળી નિર્ભરતાના ગંભીર વ્યૂહાત્મક અને આર્થિક નુકસાન પણ છે. ચીન કોઈપણ ક્ષણે ભૂરાજકીય તણાવ વખતે સપ્લાય ચેઈન અટકાવીને ભારતની ઉર્જા સુરક્ષા જોખમમાં મૂકી શકે છે. ભૂતકાળમાં દવાઓના એપીઆઈ (છૈં) અને સોલાર સેલના કિસ્સામાં આપણે આ જોયું છે. બીજું મોટું નુકસાન ડમ્પિંગ અને ગુણવત્તાનું છે. સસ્તા માલના નામે ઘણીવાર ભારતીય બજારમાં બી-ગ્રેડ સેલ્સ કે જૂની ટેકનોલોજીવાળી બેટરીઓ ઠાલવવામાં આવે છે, જે ભારતની ઊંચી ગરમી સહન ન કરી શકતા આગ લાગવાના કે ઝડપથી ખરાબ થવાના બનાવો બને છે. ઉપરાંત, સસ્તી આયાતને લીધે ભારતમાં સ્થાનિક બેટરી ઉત્પાદકો ક્યારેય સ્પર્ધામાં ટકી શકતા નથી. પરિણામે દેશનું રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (ઇ:ઘ) કુંઠિત રહે છે અને સ્થાનિક સ્તરે હજારો મેન્યુફેક્ચરિંગ રોજગારીઓનું સર્જન અટકી જાય છે.

જ્યારે દેશમાં પાવર ગ્રીડ આઠ-આઠ કલાક વીજળી કાપી લેતી હોય, ત્યારે નાગરિક પોતાની જાતે બેટરી સ્ટોરેજ સિસ્ટમ વસાવીને આત્મનિર્ભર બનવા માંગે છે. પરંતુ સરકારની નીતિઓ આ પ્રક્રિયાને પ્રોત્સાહિત કરવાને બદલે દંડિત કરતી હોય તેવું વાતાવરણ ઊભું થયું છે. આયાત શુલ્ક વધારવાથી મોંઘવારી વધી છે, ઈન્વર્ટર અને સોલાર બેટરીના સેટ્સ મોંઘા થયા છે અને ગ્રામીણ વિસ્તારોમાં જે ખેડૂતો કે નાના કારીગરો સૂર્યશક્તિના સહારે આગળ વધવા માંગતા હતા, તેઓ ફરીથી પરંપરાગત ડીઝલ કે ગ્રીડની અનિશ્ચિતતા તરફ ધકેલાયા છે.

આ સ્થિતિમાંથી બહાર નીકળવા માટે સરકારે તેની કર નીતિ અને ઊર્જા વ્યૂહરચના વચ્ચે સંતુલન સાધવું પડશે. જ્યાં સુધી દેશની ગીગાફેક્ટરીઓ બજારની ૭૦-૮૦ ટકા માંગ પૂરી કરવા સક્ષમ ન બને, ત્યાં સુધી આયાતી સોલાર સ્ટોરેજ બેટરી અને સેલ્સ પરનો કરવેરો તાકક બનાવવો જોઈએ અથવા તબક્કાવાર વધારવો જોઈએ. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે માત્ર ટેરિફ પ્રોટેક્શન આપવાના બદલે કાચા માલની સપ્લાય ચેઈન સુરક્ષિત કરવી, સોડિયમ-આયન જેવી વૈકલ્પિક બેટરી ટેકનોલોજીમાં રોકાણ વધારવું અને ગ્રાહક સ્તરે બેટરી સ્ટોરેજ પર પણ સીધી સબસિડી આપવી જરૂરી છે. જો આ પગલાં નહીં લેવાય, તો સોલાર એનર્જીની જાહેરાતો માત્ર કાગળ પર ચમકશે અને સામાન્ય જનતા અંધારા અને કરવેરાના ડબલ કરંટ વચ્ચે પીસાતી રહેશે.

કેન્દ્ર સરકારે સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અને આયાત ઘટાડવા માટે બેઝિક કસ્ટમ્સ ડ્યૂટી અને અન્ય કરવેરા વધારવાનો માર્ગ પસંદ કર્યો છે. આયાતી બેટરી અને સેલ્સ પર ૧૫ થી ૨૦ ટકા કે તેથી વધુ કસ્ટમ્સ ડ્યૂટી, તેના પર લાગતો સેસ અને જીએસટી ઉમેરાતાં મૂળ કિંમત કરતાં બેટરીનો અંતિમ ભાવ સામાન્ય ગ્રાહક માટે લગભગ ૩૦થી ૪૦ ટકા વધી જાય છે. સરકારનો તર્ક એવો છે કે ઊંચા ટેરિફ લાદવાથી વિદેશી માલ મોંઘો થશે અને તેથી સ્થાનિક ઉત્પાદન વધશે, જેને મેક ઇન ઇન્ડિયા અને પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ યોજનાઓ દ્વારા બળ મળશે. પરંતુ સરકારી નીતિ નિર્માતાઓ એ મૂળભૂત ગણતરી ભૂલી ગયા કે જ્યાં સુધી દેશમાં માંગ જેટલું ઉત્પાદન શરૂ ન થાય, ત્યાં સુધી આયાત પર ટેક્સ નાખવાનો અર્થ માત્ર ગ્રાહકના ખિસ્સા પર બોજ વધારવો છે. વાસ્તવિકતા એ છે કે ભારતમાં લિથિયમ-આયન બેટરી સેલનું વિશાળ પાયે ઉત્પાદન થતાં હજુ વર્ષો લાગશે. દેશ પાસે લિથિયમ, નિકલ કે કોબાલ્ટ જેવા કાચા માલના વ્યવસાયિક સ્તરે કાર્યરત પ્રોસેસિંગ પ્લાન્ટ્સ નથી. પીએલઆઈ સ્કીમ હેઠળ મંજૂર થયેલી ગીગાફેક્ટરીઓ હજુ નિર્માણ કે ટેસ્ટિંગના તબક્કામાં છે. આમ, સપ્લાય અને ડિમાન્ડ વચ્ચે વિશાળ ગેપ છે. ગ્રાહક પાસે ભારતીય બેટરી ખરીદવાનો વિકલ્પ જ નથી, અને આયાતી બેટરી પર સરકાર અધધ કરવેરા વસૂલે છે. પરિણામે, સરકારે આપેલી સોલાર પેનલની સબસિડી બેટરીના કરવેરા ભરવામાં જ ખર્ચાઈ જાય છે. એક હાથે સબસિડી આપવી અને બીજા હાથે બેટરીના કરવેરા રૂપે નાણાં પાછા ખેંચી લેવા જેવો આ વિરોધાભાસ છે, જેનાથી ગ્રીન એનર્જી ક્રાંતિ મધ્યમ વર્ગ માટે માત્ર એક મોંઘો શોખ બનીને રહી ગઈ છે.

જિંદગીમાં બધું છોડવું પડે તો છોડજો, પણ હસવાનું અને ફરી ઊભા થઈને લડવાનું ક્યારેય છોડશો નહીં



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે આપણી આસપાસ નજર કરો.સૌથી મોટી ભીડ ક્યાં છે? મંદિરમાં નહીં, મોલમાં નહીં, પણ મનમાં.દરેક માણસના મનમાં ભીડ છે.ચિંતાની, ડરની, નિષ્ફળતાની, સરખામણીની.

ઘણા માણસો પોતાની જિંદગીથી કંટાળી ગયા છે. આખો દિવસ દોડધામ કરે છે, સવારથી સાંજ સુધી મહેનત કરે છે, છતાં હાથમાં હતાશા જ આવે છે. ભણવામાં નિષ્ફળતા, નોકરીમાં નિષ્ફળતા, ધંધામાં નિષ્ફળતા, સંબંધોમાં નિષ્ફળતા. ગમે તેટલી મહેનત કરો, સુખના બે દિવસ જોવા મળતા નથી અને પછી બે રસ્તા દેખાય છે-કાં તો બધું છોડીને ભાગી જવું, કાં તો પ્રયત્ન જ છોડી દેવા. ઘણા લોકો હતાશ થઈને નવા પ્રયત્નો કરવાનું માંડી વાળે છે. જીંદગીને પછી ઢસડી ઢસડીને પૂરી કરે છે. શરીર જીવે છે, પણ મન ક્યારનું મરી ગયું હોય છે.આને જ કહેવાય-મરવાના વાંકે જીવવું.પણ યાદ રાખો, આ જિંદગી સંઘર્ષથી ભરેલી છે, તે વાસ્તવિક છે. સંઘર્ષ વગરની જિંદગી એ જિંદગી જ નથી. જે ઝાડ પવન સામે લડે છે, તેના મૂળ જ મજબૂત થાય છે. મહેનત કરનાર અને ભગવાન ઉપર શ્રદ્ધા-વિશ્વાસ રાખનારને સફળતા અવશ્ય મળે જ છે. કદાચ આજે નહીં, તો કાલે. કાલે નહીં, તો પરમ દિવસે.

તમારી પાસે જિંદગી તો છે તમારી જિંદગી ગમે તેટલી ખરાબ કેમ ના હોય, પણ સવારે ઉઠીને ભગવાનને ધન્યવાદ કહેજો કે તમારી પાસે જિંદગી તો છે. ઘણાં પાસે એ પણ નથી.

■ મરવાના વાંકે જીવવું એ જીવન નથી

આ એક વાક્ય જો સમજાઈ જાય તો અડધું દુઃખ ઓછું થઈ જાય.

તમે નોકરી નથી મળતી તેનું દુઃખ કરો છો, પણ કોઈ હોસ્પિટલમાં મૃત્યુની રાહ જોઈને પડ્યું છે, તેને એક દિવસ જીવવા મળે તો પણ ઘણું છે. તમારે એવું તો નથી. તમારી પાસે શ્વાસ છે, તમારી પાસે આવતીકાલ છે.

આપણે શું ગુમાવ્યું છે તેનો હિસાબ રોજ કરીએ છીએ, પણ શું મળ્યું છે તેનો હિસાબ ક્યારેય કરતા નથી. એક વાર મળેલું ગણવાનું શરૂ કરો.

પહાડ પરથી પાછો વળેલો યુવાન - તમારી સાચી મૂડી કઈ છે?એક યુવાન ખૂબ સારું ભણી-ગણીને નોકરી શોધવા લાગ્યો. ખૂબ મહેનત કરવા છતાં તેને નોકરી મળતી ન હતી.દરેક જગ્યાએથી ના સાંભળી સાંભળીને તે અંદરથી તૂટી ગયો. તેને લાગ્યું કે હું નકામો છું, મારામાં કોઈ આવડત નથી.

એક દિવસ કંટાળીને તે આપઘાત કરવા પહાડ પર ચઢી ગયો. તે નીચે કૂદવા જતો હતો ત્યાં તેને એક વૃદ્ધ સજ્જને બચાવી લીધો. તે સજ્જને તેને પાસે બેસાડયો, શાંત પાડ્યો અને પછી આપઘાત કરવાનું કારણ પૂછ્યું. યુવાને પોતાની આખી વ્યથા કહી. સજ્જને કહ્યું - નોકરી ન મળતી હોય તો નાનો મોટો ધંધો કર.

યુવાને કહ્યું - ધંધો કરવા માટે મૂડી તો જોઈએ ને? મારી પાસે મૂડી નથી.

સજ્જને રસ્તો કાઢતાં કહ્યું - એક કામ કર,તું તારી આંખો મને આપી દે,હું તને પાંચ લાખ રૂપિયા આપીશ.

યુવાન છંછેડાઈ ગયો-તમે કેવી વાત કરો છો?

સજ્જને કહ્યું-તો તારા હાથ આપી દે,તને દસ લાખ આપીશ. યુવાનેકહ્યું - હું રૂપિયાના બદલામાં મારા શરીર નું એકેય અંગ આપવા તૈયાર નથી.

ત્યારે સજ્જને હસીને કહ્યું-ભલા માણસ,તારી અમૂલ્ય આંખો,હાથ, પગ, કિડની, મગજ હોવા છતાં તું કહે છે કે તારી પાસે મૂડી નથી? આ જ તો સૌથી મોટી મૂડી છે. આ મૂડીનો ઉપયોગ કરીને તું કોઈ પણ કામ શરૂ કરીશ તો તું ધારે તે કરી શકીશ.

પેલા યુવાનની આંખો ખૂલી ગઈ. તેને વાત સમજાઈ ગઈ. તેને સાચો રસ્તો દેખાડવા બદલ સજ્જનનો આભાર માનીને તે યુવાન ચાલ્યો ગયો.

આપણે પણ એ જ યુવાન છીએ. આપણી પાસે આંખો છે જે સપનું જોઈ શકે છે, હાથ છે જે મહેનત કરી શકે છે, પગ છે જે દોડી શકે છે, મગજ છે જે વિચારી શકે છે. પણ આપણે બહાર મૂડી શોધીએ છીએ. અંદરની મૂડી ભૂલી ગયા છીએ.

જિંદગી જીવવાના બે જ રસ્તા - હીરો બનવું કે કોલસો?

જિંદગી જીવવાના બે જ રસ્તા છે - કાં તો જે પસંદ છે તેને હાંસિલ કરી લો, અથવા તો જે તમારી પાસે છે એને પસંદ કરતાં શીખી જાઓ.

પરંતુ આપણે આ બંનેમાંથી એક પણ પસંદ કરતા નથી અને દરરોજ હતાશા ભરેલી જિંદગી જીવીએ છીએ.

આપણે આપણી વિચાર શક્તિ અને કાર્યશક્તિનો કેવો ઉપયોગ કરીએ છીએ તેના પર આપણી પ્રતિભા નિર્ભર છે. આપણામાં અંદર એક અદભૂત શક્તિ રહેલી છે. તેનો સદઉપયોગ કેવી રીતે કરવો એ આપણા હાથમાં છે.આપણે નિર્ણય કરવાનો છેકે આપણે કોલસો બનવું છે કે હીરો બનવું છે.

કોલસો અને હીરો બંને કાર્બન જ છે. બંનેમાં કોઈ ફરક નથી. ફરક માત્ર પ્રક્રિયાનો છે. કોલસો દબાણથી ડરે છે, એટલે કોલસો જ રહી જાય છે. હીરો દબાણ સહન કરે છે, હજારો ડિગ્રી ગરમી સહન કરે છે, એટલે હીરો બની જાય છે.

તમારા જીવનમાં જે દબાણ આવે છે,જે ગરમી આવે છે,જે નિષ્ફળતા આવે છે, તે તમને કોલસો બનાવવા નથી આવતી,તે તમને હીરો બનાવવા આવે છે.

હિંમત વગરની વાત કદી કરશો નહીં - સ્વામિનારાયણનું સૂત્ર

શ્રી સ્વામિનારાયણ ભગવાન વચનામૃત ગ્રંથમાં કહે છે કે, કોઈ દિવસ હિંમત રહિત વાત કરવી નહિ, હિંમત સહિત જ વાત કરવી.

આ એક જ વાક્ય આખી જિંદગી બદલી શકે.આપણે સવારથી સાંજ સુધી હિંમત રહિત વાતો કરીએ છીએ મારાથી નહીં થાય, મારું નસીબ ખરાબ છે, મારી પાસે કંઈ નથી, હું શું કરું? આ બધી હિંમત વગરની વાતો છે.

જે હિંમત રાખીને પુરુષાર્થ કરે છે, તેની ઉપર ભગવાનની કૃપા પણ થાય છે અને જીવનમાં સફળ પણ થાય છે.

ભગવાન પણ તેને જ મદદ કરે છે જે પોતાને મદદ કરવા તૈયાર છે. તમે એક ડગલું માંડો, ભગવાન દસ ડગલાં માંડશે. પણ પહેલું ડગલું તમારે માંડવું પડશે.

આપણે આપણી મર્યાદિત વિચારસરણીના પિંજરામાં કેદ છીએ એટલે ઉડતા શીખતા નથી. પિંજરું લોઢાનું નથી, વિચારનું છે. પિંજરું ખોલવાની ચાવી પણ વિચાર જ છે.

ચાંદો ઊગ્યો ચોકમાં સખી... શરદપૂર્ણિમાનું સાચું મહાત્મ્ય જાણી એને ઉજવીએ

આવતી કાલે આસો સુદ પૂનમ એટલે કે શરદ પૂર્ણિમાનો દિવસ. ભારતીય સંસ્કૃતિમાં જેમ સૂર્યનું મહત્વ છે, એ જ રીતે ચંદ્રનું પણ ખૂબ મહત્વ છે, અને આપણે ત્યાં વિવિધ પૂનમો તેનાં વિવિધ મહાત્મ્ય સાથે ઉજવવામાં આવે છે, કારતક સુદ પૂનમને દેવ દિવાળીના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે, પોષ મહિનાની પૂનમ પોષી પૂનમ તરીકે જાણીતી છે,એ દિવસે ગીરનારની અંબાનો પ્રાકટ્ય દિવસ છે. ફાગણ સુદ પૂનમ એટલે કે હોળી નાં તહેવાર તરીકે ઉજવાય છે. ચૈત્ર સુદ પૂનમને હનુમાન જયંતિના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. એ જ રીતે વડ સાવિત્રી, ગુરુ પૂર્ણિમા, રક્ષાબંધન વગેરે તહેવારો પણ પૂનમ અંતર્ગત ઉજવવામાં આવે છે. પરંતુ શરદ પૂનમની રાતને વિશેષ મહત્વ આપવામાં આવે છે, અને ખાસ કરીને આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણ અને રાધાજીનાં મહારાસનાં આપણા આદ્ય કવિ નરસિંહ મહેતાને દર્શન થયા હતાં અને ત્યારથી રાસ રમવામાં આવે છે.

સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આ ઉપરાંત આ ઋતુ પ્રાકૃતિક રીતે પણ ખૂબજ ઉત્તમ માનવામાં આવે છે. શરદપૂર્ણિમાના તહેવારે લોકો શીતળ ચાંદની માણે, તો ઘણાં બધા રોગનું નિવારણ પણ થાય છે. શરદની શીતળ ચાંદનીમાં રાખેલાં દૂધપાક કે ખીર ખાવાથી પિત્તનું શમન થાય છે, અને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય છે. આમ તો બધી પૂનમનાં દિવસે ચંદ્રમા પોતાનાં અજવાળા પૃથ્વી પર પાથરે છે, સૂર્ય અને ચંદ્રમા તફાવત એ છે કે સૂર્ય એકધારો હોય છે, જ્યારે ચંદ્ર તેની કળામાં વધઘટ કરીને પ્રકાશતો જોવા મળે છે, અને તેથી પૂનમનું વિશેષ મહત્વ હોય છે. કારણ કે પુનમને દિવસે સોળે કળાએ ખીલેલો ચંદ્ર જોવા મળે છે.

શરદપૂર્ણિમાની રાત્રે રાસ રમવાનું પણ એક વિશેષ કારણ આપણે ઉપર જોયું તેમ નરસૈયા એ જ્યારે ગોપનાથનાં ગોપીનાથમાં ભગવાન આશુતોષ ધ્યાન ધર્યું, અને ત્રણ દિવસની ખૂબ આકરી તપશ્ચર્યા કરી ત્યારે ભગવાન પ્રસન્ન થયા, અને તેમણે નરસૈંયાને શ્રીકૃષ્ણ રચિત મહારાસના દર્શન કરાવ્યાં. મહારાસની આપણે ત્યાં એક પરિકલ્પના છે, કે વૃંદાવનમાં ગોપીઓ ને કાન રાધા સાથે જ રાસ રમે છે, એવી એક સૌથી મોટી ફરિયાદ હતી, અને ભગવાન કૃષ્ણ એક એક કાન્હ અને એક એક ગોપી એવો મહારાસ રમ્યાં હતાં, એટલે કે દરેક ગોપી સાથે એક એક કાન્હ સ્વરૂપ રાસ રમતું હતું. આ દર્શન જોવાં માટે દેવતાઓ પણ વિહ્વળ બનતાં. ભગવાન શંકર પણ ગોપી વેશ ધારણ કરીને આ મહારાસ જોવા ગયાં હતાં, કારણકે આ રાસમાં સ્ત્રી સિવાય કોઈ પણ પ્રવેશી શકે નહીં,અને કહેવાય છે કે નરસિંહ મહેતા આ મહારાસ જોવામાં એવા તલ્લીન થઇ ગયા કે, તેના હાથમાં પકડેલી મસાલાથી તેમનો હાથ પણ સળગી ગયો, છતાં એ તલ્લીનતાનો ભંગ થયો નહીં. એ દિવસથી નરસિંહના જીવનમાં રાધા કૃષ્ણનાં અમર પ્રેમની પરમ ભક્તિનું બીજ અંકુરિત થયું, અને નરસિંહની ચેતના વૃંદાવનમાં જ વસી ગઈ, અને શ્યામ સંગ એણે વ્રજ વનિતા બની પ્રણય રાગ આલાપ્યો. ભક્ત અને ભગવાન વચ્ચેનાં પરમ પ્રેમનો સંબંધ અહીં જોવાં મળે છે. આજે આપણે કવિતા અને છંદના બંધારણ જાણતાં થયાં, પરંતુ નરસિંહની એકોએક રચના મોટેભાગે છંદમાં જોવા મળે છે, અને તેને પ્રેમ લક્ષણા ભક્તિ કહેવામાં આવે છે. પ્રેમ હોય ત્યાં અછાંદસ એટલે લય વગરનું કંઈ હોય જ નહિ, બધું જ વ્યવસ્થિત અને છંદ એટલે કે સુમેળ ભર્યું હોય. ગુજરાતી સાહિત્યને નાગર નરસિહ એ ખૂબ બધા પદ આપ્યાં છે, અને ગુજરાતી સાહિત્યનું ગૌરવ વધારનારા આ પદ વાંચનારના મનમાં પણ અમુક પ્રકારની આધ્યાત્મિક હલચલ ઊભી કરે છે. જેમ કે, જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે!!, નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો તે જ હું તે જ હું શબ્દ બોલે!, પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર તત્વનું ટૂંપણું તુચ્છ લાગે, હરિના જન તો મુક્તિ ન માગે માગે જનમોજનમ અવતાર રે, જે ગમે જગત ગુરૂદેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો, સુખ-દુઃખ મનમાં ન આણીએ ઘટ સાથે રે ઘડિયાં રઘુનાથનાં જડિયાં, અને વાંચકને વૈશ્નવ બનાવતી વૈશ્નવ જન તો તેને રે કહીએ પીડ પરાઈ જાણે રે, આવી તો કેટલીયે રચના કે જે આપણને અંતરતમ જગાડવા માટે પર્યાપ્ત છે, અને જેનો રસાસ્વાદ ગુરુવારના ચિંતનમાં આપણે જોઈએ જ છીએ. આ ઉપરાંત નરસિંહ મહેતાએ શૃંગારના પદ લખી અને લોકને ચકિત કરી દીધા છે, એટલે કે ભક્તિની પરાકાષ્ઠાએ જીવ ઈશ્વરની પ્રિયતમા પણ બની શકે, અને તેની પર પોતાનો સંપૂર્ણ અધિકાર પણ જમાવી શકે, તેને પ્રશ્નાર્થ પણ કરી શકે, તેને ફરિયાદ પણ કરી શકે, અને હક પણ જતાવી શકે. મેં પણ માનસ નાગર કથા વખતે નરસિંહને વાંચ્યા, જાણ્યા ને માણ્યા ત્યારથી નરસૈયાની નજરથી જ કૃષ્ણને જોયો છે, આલેખ્યો છે, અને થોડોઘણો આત્મસાત પણ કર્યો છે,એ બધી નરસિહની કૃપાનું પરિણામ છે. કહેવાય છે કે મહારાસના દર્શન કર્યા પછી નાગર નરસૈયા એ નાગર નંદજીના લાલ નાગર નંદજીના લાલ, રાસ રમંતા મારી નથડી ખોવાણી, આ રાસની રચના કરી, અને પોતાના મનોભાવનું આબેહૂબ વર્ણન કર્યું. નથડી એટલે કે તેનું ચિત્ત મહારાસના દર્શન પછી ખોવાઈ ગયું, એવી ભૂમિકા પર આ રાસની રચના થઈ છે. તો મહારાસ સાથે એક બીજી દંતકથા પણ જોડાયેલી છે. રાધા સંગે મહારાસ રમ્યા પછી ભગવાન કૃષ્ણ રાધાજીને પૂછે છે કે, મહારાસમાં મજા આવી? એટલે રાધાજી હા પાડે છે, અને કહે છે કે મને તમારા ખભે બેસાડો, હુ સમગ્ર સૃષ્ટિને અહીંથી જોવા માંગું છું. ભગવાને કોઈપણ આનાકાની કર્યા વગર રાધાજીને ખભે બેસાડ્યાં, એટલે સહજ રીતેજ રાધાને અહંકાર આવ્યો કે મારી વગર કૃષ્ણ તત્વ અધૂરું છે. ભગવાન આ વાત જાણી જાય છે, અને ફરતાં ફરતાં એક ઝાડ નીચેથી પસાર થાય છે, ત્યાં રાધાને ડાળી પકડવાનું કહે છે, અને રાધાજી ડાળી પકડે છે, એટલે પોતે ત્યાંથી ચાલ્યા જાય છે. આમ ભક્તમાં જ્યારે જ્યારે અભિમાન આવે ત્યારે, ભગવાન તેને લટકતા છોડીને ચાલ્યાં જાય છે, એવી પણ એક વાત આની સાથે જોડાયેલી છે. શરદપૂનમથી વર્ષાઋતુની વિદાય થાય છે, અને હેમંતના પગરણ મંડાય છે, એટલે કે શિયાળાની શરૂઆત થાય છે. પૂનમનો ચાંદ માનવીય મનને પ્રભાવિત કરે છે. કારણકે મન ચંદ્રની કળાઓ સાથે જોડાયેલું હોય છે, અને તેથી જ તેમાં ખુશી અને ઉદાસી એટલે કે ચડતી કળા અને ઉતરતી કળા જેવા ભાવ સતત જોવા મળે છે.

DGVCLએ 8 કલાકનો વીજકાપ રદ કર્યો: સાંજના 4થી રાત્રે 12 વાગ્યા સુધી પાવરકાપ નહીં થાય, ઔદ્યોગિક ફીડરો રાબેતા મુજબ ચાલુ રહેશે

સુરત, તા.23

રાજ્યમાં 18 વર્ષમાં પહેલીવાર ગંભીર વીજ સંકટ ઉભું થયું છે. જેની મોટી અસર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો પર પડી રહી હતી. ત્યારે અગાઉ જાહેર કરવામાં આવેલા સ્ટેગર ડે મુજબ વીજ કાપની વ્યવસ્થા આજથી DGVCL દ્વારા રદ કરવામાં આવે છે. ઔદ્યોગિક ફીડરો પર વીજ પુરવઠો આજથી સતત ચાલુ રહેશે. હાયર ઓથોરિટીની સૂચના મુજબ કોઈ પણ ઔદ્યોગિક ફીડરમાં સાંજના 4થી રાત્રે 12 વાગ્યા સુધીનો પાવરકાપ રદ કરવામાં આવ્યો છે.

અગાઉ જાહેર કરેલા વીજ કાપના કારણે ઉદ્યોગોને લાખો અને કરોડો રૂપિયાનું સીધું નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. પ્રોસેસિંગ મિલોમાં કામ ચાલુ રાખવા જનરેટરનો સહારો લેવો પડતો હતો, જેના કારણે 400થી 450 મિલોને 4 અઠવાડિયામાં અંદાજિત 40થી 50 કરોડ રૂપિયાનો માત્ર જનરેટર પાછળ વધારાનો આર્થિક બોજ પડી રહ્યો છે. આ ગણતરી મુજબ દરેક મિલને સરેરાશ 10 લાખ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. બીજી તરફ વીવિંગ સેક્ટરમાં પણ સાપ્તાહિક રજાના કારણે એક જ દિવસમાં 15થી 20 કરોડ રૂપિયાનું માતબર નુકસાન ટેક્સટાઈલ ચેઈનને થઈ રહ્યું હતું. કાચા માલના ભાવમાં થયેલા વધારા વચ્ચે આ પાવર કટ પડ્યા પર પાટું સમાન હતું.

દક્ષિણ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ જીતુભાઈ વખારિયાએ જણાવ્યું હતું કે, છેલ્લા 12-13 દિવસમાં અચાનક મીટિંગ કરીને વીજ કાપ લાદી દેવાયો હતો. ઈરાન-ઈઝરાયલ યુદ્ધના કારણે ક્રૂડ, કોલસો અને ડાઈસ કેમિકલના ભાવ ઓલમોસ્ટ ડબલ થઈ ગયા હતો. આવા સંજોગોમાં પાવરનો વધારાનો 8થી 10 લાખનો મહિને ખર્ચ આવે તો પ્રોફિટ કમાવવાની કોઈ શક્યતા નથી. મારા 50 વર્ષના ઈતિહાસમાં આટલો કપરો સમય મેં જોયો નથી. કોરોના એક કુદરતી આફત હતી, પણ આ માનવ સર્જિત છે.

દિવાળી પહેલા ઉદ્યોગોમાં ડિસ્પેચિંગ અને પેમેન્ટનું ભારે ભારણ હોય છે ત્યારે વીજ કાપનો સમય બદલવાની માંગ ઉઠી હતી. ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ એસોસિયેશનના પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ‘વીવિંગ ઈન્ડસ્ટ્રીમાં 45 થી 48 હજાર યુનિટ કાર્યરત છે. દિવાળીના સોદા પૂરા કરવાના હોય, ઓર્ડર ડિસ્પેચ કરવાના હોય અને કારીગરોના પગાર-બોનસ આપવાના હોય ત્યારે આ કાપ નુકસાનકારક છે.

આધુનિક ટેકનોલોજી વાપરતા એકમો માટે અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જવો ભારે નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે. મશીનો અચાનક બંધ થઈ જતા તેમાં લાગેલા 5000થી લઈને 50000 રૂપિયા સુધીની કિંમતના ઈલેક્ટ્રોનિક કાર્ડ ઉડી જવાના કિસ્સાઓ બન્યા છે. અશોકભાઈએ વધુમાં જણાવ્યું કે, મશીન બંધ કરવું સરળ છે પણ તેને ફરીથી શરૂ કરવામાં 2 કલાક જેટલો સમય લાગી જાય છે. અગાઉથી જાણ કર્યા વિના થતા પાવર કટથી બહુ મોટી ખાનાખરાબી થાય છે. જો અગમચેતીના ભાગરૂપે 15 મિનિટ પહેલા જાણ કરવામાં આવે તો વ્યવસ્થિત રીતે મશીનો બંધ કરી શકાય અને આર્થિક નુકસાન અટકાવી શકાય.

નિકાસ અને સ્થાનિક ડિમાન્ડ પર પણ આ સંકટની ગંભીર અસર જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવવધારાના કારણે ગ્રે કાપડ અને પ્રોસેસિંગ ચાર્જ વધતા માર્કેટમાં દિવાળી હોવા છતાં અડધી જ ડિમાન્ડ છે. અશોકભાઈના મતે સારી ક્વોલિટીનું કપડું બનાવવા અવિરત વીજળી જરૂરી છે. પાવર વચ્ચે કટ થાય તો કાપડમાં ડિફેક્ટ આવે છે, જે વિદેશી માર્કેટમાં ચાલતું નથી.

દિવાળીના તહેવારો સમયે જ સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો ચારે બાજુથી ભીંસમાં મુકાયા છે. એક તરફ આંતરરાષ્ટ્રીય પરિબળોના કારણે વધેલી મોંઘવારી તથા ઘટેલી ડિમાન્ડ અને બીજી તરફ સરકારનો 8 કલાકનો આકરો વીજ કાપ. આ પરિસ્થિતિમાં ઉદ્યોગકારો અને MSME એકમો માંડ માંડ પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યા છે. જો તાત્કાલિક ધોરણે વીજ કાપના સમયમાં વ્યવહારુ ફેરફાર કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં સુરતના અનેક કારખાનાઓને ફરજિયાતપણે તાળા મારવાની નોબત આવી શકે છે, જેની સીધી અસર દિવાળી ટાણે લાખો કારીગરોની રોજગારી પર પડશે.

વરસાદ ઓછો પડ્યો એટલે ડેમના પાણીમાંથી ઉત્પન્ન થતી વીજળીમાં ઘટ આવી. જો ડેમનું પાણી વીજળી બનાવવામાં વપરાય જાય તો પીવા માટે કે સિંચાઈ માટે પાણી ન રહે.

જે વિસ્તારોમાં કોલસાની ખાણ છે, ખાસ કરીને ઓડિશામાં, ત્યાં એવું પૂર આવ્યું કે ત્યાંની ખાણોમાં હજુ પાણી છે. ખાણમાંથી કોલસો ઉત્પન્ન કરી શકાતો નથી. એટલે કોલસાની તંગી છે. કારણ કે ભારતમાં 70 ટકા વીજળી કોલસામાંથી બને છે.

અલનીનો ઈફેક્ટના કારણે આ વખતે ભારત તરફ આવતા ઝડપી પવનો અતિ ધીમા છે. તેના કારણે પવનચક્કી જોઈએ તેવી ફરતી નથી. જેનાથી ઉત્પન્ન થતી વીજળી જોઈએ તેટલી બનતી નથી. સોલાર એનર્જી ઉત્પન્ન કરવામાં ગુજરાત નંબર વન છે, પણ સોલાર પેનલમાંથી વીજળી ત્યાં સુધી જ બને છે જ્યાં સુધી તડકો હોય. સાંજ ઢળી જાય પછી સોલારમાંથી વીજળી બનતી નથી. એટલે ગ્રીડને જાળવી રાખવા થર્મલ પાવર પર ટ્રાન્સફર કરી દેવાય છે. જે કોલસામાંથી બને છે. થાય છે એવું કે રાત પડે કારખાના, ફેક્ટરીઓમાં પ્રોડક્શન વધે, તહેવારોમાં રાતે વીજળી વપરાય, ઘરે-ઘરે રાત્રે જ લાઈટનો વપરાશ વધે. એટલે રાત્રે કોલસા આધારિત વીજળી મળવી મુશ્કેલ બનતું જશે. ઈરાન-અમેરિકા યુદ્ધના કારણે વિદેશથી કોલસો અને ગેસ આયાત કરવા પરવડે તેવા નથી. કોલસો બહુ મોંઘો છે.

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતની 7મી એન-જેન પોસ્ટ ઓફિસનું ઉદ્ઘાટન

વાઈ-ફાઈ, કાફેટેરિયા, મિની લાઈબ્રેરી અને ઈન્ડોર ગેમ્સ સહિતની આધુનિક સુવિધાઓથી સજ્જ પોસ્ટ ઓફિસ; વિદ્યાર્થીઓને સ્પીડ પોસ્ટ અને પાર્સલ સેવાઓમાં 10%ની વિશેષ છૂટ મળશે

અમદાવાદ, તા.23

ઈન્ડિયા પોસ્ટની યુવા-કેન્દ્રિત અને આધુનિક સેવાઓ શૈક્ષણિક સંકુલો સુધી પહોંચાડવાની દિશામાં કેન્દ્રીય સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાના દૃષ્ટિકોણથી પ્રેરિત પહેલ અંતર્ગત, ગુજરાતની સાતમી અને પાટણની પ્રથમ એન-જેન (નેક્સ્ટ જનરેશન) થીમ આધારિત નવીનીકૃત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પોસ્ટ ઓફિસનું ઉદ્ઘાટન 23 ઑક્ટોબર, 2026ના રોજ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે વાઈસ ચાન્સેલર ડૉ. કિશોર સી. પોરિયા અને રજિસ્ટ્રાર ડૉ. આર. એન. દેસાઈની સાથે તકતીનું અનાવરણ કરીને તથા રિબીન કાપીને કર્યું. આ પહેલનો ઉદ્દેશ પોસ્ટ ઓફિસને જીવંત, વિદ્યાર્થીઓ-કેન્દ્રિત અને ટેક્નોલોજી-સક્ષમ સ્થળો તરીકે વિકસાવવાનો છે, જે યુવા પેઢી સાથે સીધું જોડાણ સ્થાપિત કરે. આ પોસ્ટ ઓફિસથી ઈન્ડિયા પોસ્ટની વિશ્વસનીયતા, વ્યાપક પહોંચ, આધુનિક સેવાઓ, યુવાનો સાથેનું જોડાણ અને સમૃદ્ધ વારસાનું સુંદર સંયોજન જોવા મળે છે. પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે ગુજરાતમાં આઈઆઈટી

ગાંધીનગર, આઈઆઈએમ અમદાવાદ, સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (એનઆઈટી), સુરત, આણંદ કૃષિ યુનિવર્સિટી, કચ્છ યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટી, મહેસાણા અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે એન-જેન પોસ્ટ ઓફિસો શરૂ કરવામાં આવી છે. આ સાથે ગુજરાતમાં કુલ સાત એન-જેન પોસ્ટ ઓફિસો કાર્યરત થઈ છે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે એન-જેન પહેલ પરંપરાગત પોસ્ટ ઓફિસોને જીવંત, યુવા-કેન્દ્રિત અને ડિજિટલ રીતે સક્ષમ સેવા કેન્દ્રોમાં પરિવર્તિત કરવાના વ્યાપક વિઝનને પ્રતિબિંબિત કરે છે. એન-જેન પોસ્ટ ઓફિસ યુવાનોને વાઈ-ફાઈ, કાફેટેરિયા, મિની લાઈબ્રેરી, યુપીઆઈ આધારિત ડિજિટલ પેમેન્ટ, યુવા-કેન્દ્રિત આરામદાયક બેઠક વ્યવસ્થા, વિદ્યાર્થીઓ માટે સ્પીડ પોસ્ટ અને પાર્સલ સેવાઓ પર 10%ની વિશેષ છૂટ, જ્ઞાન પોસ્ટ, આંતરરાષ્ટ્રીય પાર્સલ બુકિંગ, ફિલેટેલી અને પોસ્ટ ઓફિસ બચત સેવાઓ, પોસ્ટલ જીવન વીમા, આધાર તથા ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (આઈપીપીબી) જેવી નાણાકીય સેવાઓ સહિતની આધુનિક સુવિધાઓ પૂરી પાડશે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલા આ એન-જેન પોસ્ટ ઑફિસનને જનરેશન-ઝેડ (જેન-ઝી)ની જીવનશૈલી, રુચિઓ અને અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને આધુનિક ડિઝાઈન, આકર્ષક વાતાવરણ અને હાઈટેક સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર સંવાદ અને મનોરંજનને પ્રોત્સાહન આપવા માટે ઈન્ડોર ગેમ્સની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

વાઈસ ચાન્સેલર ડૉ. કિશોર સી. પોરિયાએ જણાવ્યું કે ઉત્તર ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ, સંશોધન અને શૈક્ષણિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે વર્ષ 1986માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. આવી સ્થિતિમાં, યુનિવર્સિટી કેમ્પસમાં એન-જેન પોસ્ટ ઓફિસનું ઉદ્ઘાટન ઈન્ડિયા પોસ્ટ અને શૈક્ષણિક સમુદાય વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. પોસ્ટ ઓફિસનું આધુનિક અને ટેક્નોલોજી-સક્ષમ વાતાવરણ વિદ્યાર્થીઓની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ સેવાઓની વધુ સુલભતા સુનિશ્ચિત કરશે.

રજિસ્ટ્રાર ડૉ. આર. એન. દેસાઈએ જણાવ્યું કે પોસ્ટ વિભાગની સેવાઓ સાથે આપણા સૌનો લાંબા સમયથી સંબંધ રહ્યો છે. યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતા વિવિધ સેમિનાર અને કોન્ફરન્સમાં ભાગ લેવા આવતા પ્રતિનિધિઓને પણ આ પોસ્ટ ઓફિસ દ્વારા દેશ-વિદેશમાં શૈક્ષણિક સામગ્રી મોકલવામાં સરળતા રહેશે.

પાટણ મંડળના અધિક્ષક આર. એ. ગોસ્વામીએ જણાવ્યું કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને નિવાસીઓને તેમની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ સુવિધાજનક, ઝડપી, ટેક્નોલોજી-સક્ષમ અને આધુનિક પોસ્ટલ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ પ્રસંગે એન-જેન પોસ્ટ ઓફિસના નવીનીકરણ અને ડિઝાઈનમાં સહયોગ આપવા બદલ પ્રો. મયૂર કુમાર બી. પ્રજાપતિ, પ્રો. અભી શાહ, પ્રો. ભાવિક પટેલ અને પ્રો. મનીષા શર્માનું પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવના હસ્તે સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે અધિક્ષક આર. એ. ગોસ્વામી, સહાયક નિદેશક વી. એમ. વ્હોરા, સહાયક અધિક્ષક કે. બાલાસુબ્રમણ્યમ, નિરીક્ષક શાહનવાઝ ઘાંચી, નેહલ પટેલ, જિતેન્દ્ર અડાલિયા, પોસ્ટમાસ્ટર આર. એલ. પટેલ અને આઈપીપીબી મેનેજર વિષ્ણુ વર્ધન સહિતના અધિકારીઓ, કર્મચારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

રખડતા કુતરા અને ઢોર અંગે ગુજરાત સરકાર પાસે 17 જિલ્લાનો ડેટા જ નથી, હાઈકોર્ટનો 30 ઓક્ટોબર સુધી ડેટા રજૂ કરવા આદેશ

અમદાવાદ, તા.23

રસ્તા પર રખડતા શ્વાન અને ઢોર અંગે સુપ્રીમકોર્ટના આદેશ અનુસાર ગુજરાત સરકાર પાસેથી ડેટા માગવામાં આવ્યા છે. જે અંગેની જવાબદારી સુપ્રીમકોર્ટે ગુજરાત હાઈકોર્ટને સોંપી છે. હાઈકોર્ટમાં ચાલી રહેલી સુઓમોટો અરજીની સુનાવણી દરમિયાન કોર્ટે નેશનલ હાઈવે ઓથોરિટીને આકરા સવાલો કર્યા હતા. સુપ્રીમકોર્ટમાં 30 ઓક્ટોબરના રોજ રિપોર્ટ રજૂ કરવાનો હોવાથી ગુજરાત હાઈકોર્ટે સરકારને ડેટા ભેગો કરીને કોર્ટમાં રજૂ કરવા આદેશ કર્યો છે.

ચીફ જસ્ટિસની ખંડપીઠે એવો સવાલ કર્યો હતો કે, થોડા દિવસ પહેલા જ નેશનલ હાઈવે પર અચાનક ગાયો આવી જતા ગંભીર અકસ્માત થયો હતો. જેમાં 3 થી 4 લોકોના મોત થયા હતા. તો હાઈવે પર આવા બનાવો ન બને તે માટેની જવાબદારી કોની ગણાય? હાઈ વે ઓથોરિટીએ ત્યારબાદ શું પગલા લીધા? તમે આવા ઢોરને પકડીને પાછા તેના માલિકને સોંપી દેતા હોય તો એવી તપાસનો અર્થ નથી. ઢોરને નિયત્રંણમાં રાખવાની તમારી પાસે કોઈ યુકિત જ નથી.

ગુજરાત સરકાર પાસે 17 જિલ્લાનો કુતરા અને ઢોર અંગેનો કોઈ ડેટા નથી તે ભેગો કરીને કોર્ટમાં રજૂ કરવા આદેશ કર્યો છે. નેશનલ હાઈવે ઓથોરિટીએ પોતાની જવાબદારીનો ટોપલો સરકાર પર ઢોળી દેતા એવી રજૂઆત કરી હતી કે, ઢોરને ગૌશાળામાં મૂકી દેવા કે માલિકોને દંડ કરવો તેની જવાબદારી સરકારની છે. સરકારે પોતાના પર જવાબદારી આવતા કોર્ટ સમક્ષ વિકલ્પો રજૂ કરતા એવી દલીલ કરી હતી કે, જો ઢોર પકડાય તો માલિકને ભારે રકમનો દંડ કરવો જોઈએ અથવા હાઈવે પર ન આવી જાય તે માટે બંને તરફના રસ્તા પર રેલીંગ કરીને બંધ કરવા જોઈએ.

હાઈકોર્ટે એવી ટકોર કરી હતી કે, દુનિયાથી સૌથી સલામત ગણાતી રેન્જ રોવર કારમાં સફર કરતા મુસાફરો મરી ગયા તો બીજા કોણ સલામત રહે? હાઈવે પર વચ્ચે જે હરિયાળી વિકસાવવામાં આવી છે તેનાથી આકર્ષાઈને ગાયો કે ભેંસો ત્યાં ખાવા આવતી હોય છે. હાઈવે પર વાહનો 100 થી 120ની સ્પીડે જતા હોવાથી જો અચાનક ઢોર રોડ પર આવે તો કોઈ બચે નહીં તેવો જ અકસ્માત થાય અને કદાચ તમે બેરીકેડ મૂકીને ગાયોને આવતા રોકી શકો. પરંતુ કુતરાને રોકી શકો નહીં. ચીફ જસ્ટિસની ખંડપીઠે એવો સવાલ કર્યો હતો કે, થોડા દિવસ પહેલા જ નેશનલ હાઈવે પર અચાનક ગાયો આવી જતા ગંભીર અકસ્માત થયો હતો. જેમાં 3 થી 4 લોકોના મોત થયા હતા. તો હાઈવે પર આવા બનાવો ન બને તે માટેની જવાબદારી કોની ગણાય? હાઈ વે ઓથોરિટીએ ત્યારબાદ શું પગલા લીધા? તમે આવા ઢોરને પકડીને પાછા તેના માલિકને સોંપી દેતા હોય તો એવી તપાસનો અર્થ નથી. ઢોરને નિયત્રંણમાં રાખવાની તમારી પાસે કોઈ યુકિત જ નથી.

અમદાવાદમાં 23 વર્ષે કાંકરિયાની પાળે ગરબા યોજાશે, આજે લોકો માટે ફ્રી એન્ટ્રી

અમદાવાદ, તા.23

અત્યાર સુધી અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા જીએમડીસી મેદાનમાં લોકો માટે જાહેર ગરબાનું મોટા પાયે આયોજન થાય છે, પરંતુ પૂર્વ અમદાવાદમાં આવું કોઈ જાહેર આયોજન થતું નહોતું. આ બાબતને ધ્યાનમાં રાખીને આગામી શનિવારે 23 વર્ષના લાંબા અંતરાલ બાદ કાંકરિયા તળાવની પાળે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિશેષ નવરાત્રિ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ 2003 પહેલાં કાંકરિયા ખાતે આ રીતે નવરાત્રિ યોજાતી હતી, જેને હવે ફરી જીવંત કરવામાં આવી રહી છે. આવતીકાલે તા. 24ના રોજ સાંજે 7.30થી રાત્રે 12 વાગ્યા સુધી 'કાંકરિયાનો ગરબો' નામે રાસ-ગરબાનું ધામધૂમથી આયોજન કરાયું છે, જેમાં તમામ શહેરીજનોને મફતમાં પ્રવેશ આપવામાં આવશે.

સ્થાયી સમિતિના ચેરમેન કમલેશ પટેલના જણાવ્યા અનુસાર, આ આયોજનમાં એક હજાર દિવ્યાંગોને સહભાગી બનાવીને તેમના જીવનમાં ખુશીઓ લાવવાનો એક સુંદર પ્રયાસ કરવામાં આવ્યો છે. પૂર્વ અમદાવાદમાં એકપણ જગ્યાએ જાહેર નવરાત્રિ ન યોજાતી હોવાથી, આ ગરબામાં આશરે 25 હજારથી પણ વધારે શહેરીજનો ઉમટી પડે તેવી આશા સેવાઈ રહી છે, જેના ભાગરૂપે તંત્ર દ્વારા પૂરજોશમાં તૈયારીઓ કરી દેવાઈ છે. આ ભવ્ય કાર્યક્રમમાં નાગરિકો માટે પુષ્પકુંજ તરફના ગેટ નં. 1 પરથી મુખ્ય પ્રવેશની વ્યવસ્થા કરવામાં આવી છે.

ગરબાના મોંઘા પાસ ન ખરીદી શકતા સામાન્ય શહેરીજનો માટે આ 'કાંકરિયાનો ગરબો' માતાજીની ભક્તિ સાથે મનોરંજન મેળવવાનું શ્રેષ્ઠ માધ્યમ બનશે. આ કાર્યક્રમ માટે ગરબા ક્ષેત્રના જાણીતા અને નામાંકિત કલાકારોને ખાસ બોલાવવામાં આવ્યા છે. જો આ શનિવારનું આયોજન સફળ રહેશે તો જીએમડીસી ગ્રાઉન્ડની માફક જ પૂર્વના શહેરીજનો માટે પણ આવતા વર્ષથી કાંકરિયા તળાવની પાળે આખા નવ દિવસ સુધી ગરબા યોજવાની વિચારણા તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.

‘સાહસ પ્રીમિયમ’નું 900 કિલો ઘી નકલી નીકળ્યું: રૂ.300માં કિલો વેચતા, આ ભેળસેળ કરીને લોકોને ઝેર પધરાવતા

સુરત, તા.23

તહેવારોની સિઝન નજીક આવતા જ લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરતા મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. સુરતના ઉત્રાણમાંથી ગત 11 ઓક્ટોબર જપ્ત કરવામાં આવેલો 900 કિલો ઘીનો જથ્થો આખરે લેબોરેટરી ટેસ્ટમાં નકલી નીકળ્યો છે. માત્ર 300 રૂપિયે કિલોના સસ્તા ભાવે 'સાહસ શુદ્ધ ગાયનું ઘી' નામે આ ડુપ્લીકેટ ઘી વેચાઈ રહ્યું હતું. મિલ્ક ફેટની જગ્યાએ વેજીટેબલ ફેટની ભેળસેળ થતી હતી.

મનપાના ફૂડ વિભાગે જપ્ત કરેલા ‘Saahas PREMIUM COW Ghee’ 900 કિલો નકલી ઘીનો જથ્થો હવે કાયદેસરની પ્રક્રિયા બાદ નાશ કરવામાં આવશે. 1 મહિનાથી ચાલતા આ ગોરખધંધાનો રિપોર્ટ આવતા સ્થાનિક લોકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

સુરત મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી વિભાગને મળેલી બાતમીના આધારે ગત 11 ઓક્ટોબર ઉત્રાણ ખાતે આવેલી એક સંસ્થામાં દરોડા પાડવામાં આવ્યા હતા. ‘સાહસ પ્રીમિયમ કાઉ ઘી’ના નામે ચાલતા નકલી ઘીના મોટા નેટવર્કનો પર્દાફાશ થયો છે, જ્યાં માત્ર 40 ગ્રામ ફ્લેવરનો ઉપયોગ કરીને 1500 કિલો જેટલું ડુપ્લિકેટ ગાયનું શુદ્ધ ઘી બનાવી દેવાતું હતું.

આ કામગીરી દરમિયાન સ્થળ પરથી રૂ. 1,15,500ની કિંમતના ‘PROTO VANASPATI’ ડાલ્ડા ઘીના 35 બોક્સ, રૂ. 97,408નું ‘Vitalifr Refined Soyabean Oil’ (32 ડબ્બા), રૂ. 4,74,520 ની કિંમતનો 795 કિલો લૂઝ ઘીનો જથ્થો, રૂ. 5,40,000 નું 900 કિલો ‘Saahas PREMIUM COW Ghee’, રૂ. 6,000 ના 300 પાઉચ (35 ml) તેમજ ઘી બનાવવા માટે વપરાતા મશીનો અને સાધન-સામગ્રી જપ્ત કરવામાં આવ્યા છે.

અસલી ગાયના ઘી જેવી સુગંધ લાવવા ખાસ ફ્લેવર નાખતા હતા, જે દિલ્હીની ‘શક્તિ ટ્રેડિંગ’માંથી ઓનલાઈન મંગાવતા હતા. આ ફ્લેવરની 5 લિટરની બોટલના 5 હજાર ઓનલાઈન જ ચુકવતા હતા. ડાલડા ઘી અને સોયાબીન તેલના મિશ્રણમાં ઘી જેવી સુગંધ લાવવા માત્ર 40 ગ્રામ જ ફ્લેવર નાખતા હતા, જેનાથી 1500 કિલો ઘીનો જથ્થો તૈયાર થઈ જતો હતો. ત્યારબાદ મશીનરીથી પેકિંગ કરી બજારમાં વેચતા હતા.

પોલીસે સન્ની કલ્પેશ મોદી, કિશન મનોજ મોદી અને કલ્પેશ સુંદરલાલ મોદી (તમામ રહે. લેક વ્યૂ રેસિડેન્સી, કોસાડ લેક ગાર્ડન સામે, અમરોલી, મૂળ રહે. ડીસા, જી. બનાસકાંઠા)ની અટકાયત કરી છે.

પોલીસને સાથે રાખીને કરાયેલી આ સંયુક્ત કાર્યવાહીમાં 'સાહસ શુદ્ધ ગાયનું ઘી' નામે ચાલતા કારખાનામાં સઘન તપાસ કરવામાં આવી હતી અને સ્થળ પરથી જ 900 કિલો જથ્થો જપ્ત કરાયો હતો. આ લેવાયેલા નમૂના લેબોરેટરી ટેસ્ટિંગમાં મોકલાતા તે સબ-સ્ટાન્ડર્ડ (હલકી ગુણવત્તાવાળા) અને નકલી હોવાનું સત્તાવાર રીતે જાહેર થયું છે.

ફૂડ વિભાગ દ્વારા લેવાયેલા ઘીના નમૂનાના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. આ રિપોર્ટમાં બીટા-સીટોસ્ટેરોલની હાજરી જણાઈ આવી છે. જે સ્પષ્ટ કરે છે કે આરોપીઓ દ્વારા મિલ્ક ફેટની અંદર સસ્તા વેજીટેબલ ફેટની ભેળસેળ કરવામાં આવતી હતી. નિષ્ણાતોના મતે, મિલ્ક ફેટની સરખામણીમાં વેજીટેબલ ફેટની ન્યુટ્રીશન વેલ્યુ ખૂબ જ ઓછી હોય છે. શુદ્ધ ઘી ખાવાથી શરીરને જે પોષણ મળવું જોઈએ તે આ નકલી ઘીમાંથી મળતું નથી અને લાંબા ગાળે તે શરીરને મોટું નુકસાન કરે છે.

ભેળસેળિયાઓ દ્વારા બજારભાવ કરતા ઘણા સસ્તા દરે આ નકલી ઘીનું વેચાણ કરવામાં આવતું હતું. આ લોકો ઉત્રાણ અને તેની આસપાસના વિસ્તારોમાં માત્ર 300 રૂપિયા પ્રતિ કિલોના ભાવે આ ડુપ્લીકેટ ઘી વેચતા હતા. સસ્તા ભાવની લાલચમાં અનેક પરિવારો આ ઘી ખરીદીને પોતાના સ્વાસ્થ્ય સાથે અજાણતા જ ખિલવાડ કરી રહ્યા હતા. 900 કિલો ઘી નકલી સાબિત થતા ગ્રાહકો પણ હવે ચોંકી ઉઠ્યા છે.

ઉત્રાણમાં આ નકલી ઘીનું ઉત્પાદન છેલ્લા 1 મહિનાથી ધમધમી રહ્યું હતું. જેની પાછળનો મુખ્ય હેતુ આગામી તહેવારોની સિઝન હોવાનું મનાઈ રહ્યું છે. મોટા તહેવારોમાં મીઠાઈઓ અને અન્ય વાનગીઓ બનાવવા માટે ઘીનો ખૂબ જ મોટા પ્રમાણમાં ઉપયોગ જાહેર જનતા દ્વારા કરવામાં આવતો હોય છે. બજારમાં ઘીની વધતી માગનો ગેરલાભ ઉઠાવવા અને મોટો નફો રળવા માટે જ ભેળસેળિયાઓએ 1 મહિના પહેલા આ કાવતરું શરૂ કર્યું હતું.

આ સમગ્ર કૌભાંડમાં સામેલ તત્વો સામે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ કડક કાર્યવાહીનો દૌર શરૂ કરાયો છે. ઘી બનાવનારાઓ સામે ફૂડ સેફટી એક્ટ તેમજ પોલીસ દ્વારા સીઆરપીસી (CRPC) એક્ટ હેઠળ પણ પેરેલલ ગુનો નોંધીને આગળની કડક કાર્યવાહી ચાલી રહી છે.

હૃદયરોગનું જોખમ: ચરબીયુક્ત તત્વ હાનિકારક કોલેસ્ટ્રોલ વધારે છે, જેનાથી હાર્ટ એટેક, પ્રેશર જેવી બીમારીઓ થઈ શકે છે.

પાચનતંત્રને નુકસાન: કૃત્રિમ પદાર્થો પચવામાં ભારે હોવાથી પેટમાં બળતરા, અપચો, ગેસ અને લિવર ખરાબ કરી શકે છે.

રોગપ્રતિકારક શક્તિ ઘટે: ભેળસેળયુક્ત પદાર્થો ખાવાથી રોગપ્રતિકારક શક્તિ ઘટી શરીરમાં ઝેરી તત્વો જમા થાય છે, જે બાળકો અને વડીલો માટે વધુ નુકસાનકારક છે.

કેન્સરનું જોખમ : સસ્તા કેમિકલ્સ અને હાનિકારક ફ્લેવર્સ કોષોને નુકસાન પહોંચે છે, જે કેન્સરનું કારણ પણ બની શકે છે.

ડેબ્યૂ મેચમાં ફસાઈ ગયો બાંગ્લાદેશી સ્પિનર, ICC એ શંકાસ્પદ એક્શન સામે તપાસનો આદેશ કર્યો

નવી દિલ્હી, તા.23

બાંગ્લાદેશના 29 વર્ષીય ઓફ-સ્પિનર એલિસ અલ ઈસ્લામની વનડે ઈન્ટરનેશનલ કારકિર્દી શરૂ થતાંની સાથે જ ગંભીર વિવાદમાં ઘેરાઈ ગઈ છે. શારજાહ ખાતે અફઘાનિસ્તાન સામે રમાયેલી ટ્રાઈ-સીરિઝની મેચમાં વનડે ડેબ્યૂ કરનારા એલિસની બોલિંગ એક્શન સામે મેચ ઓફિશિયલ્સે શંકા વ્યક્ત કરી છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા હવે તેના માન્યતા પ્રાપ્ત ટેસ્ટિંગ સેન્ટરમાં એલિસની બોલિંગ એક્શનની સ્વતંત્ર તપાસ કરાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

એલિસ અલ ઈસ્લામે 21 ઓક્ટોબરના રોજ અફઘાનિસ્તાન સામે પોતાની પ્રથમ વનડે મેચ રમી હતી. આ મુકાબલામાં તેણે 8.3 ઓવરમાં 47 રન આપ્યા હતા, પરંતુ તેને એક પણ વિકેટ મળી શકી નહોતી. અફઘાનિસ્તાન સામે બાંગ્લાદેશની સાત વિકેટે હાર થઈ હતી, જે ઝિમ્બાબ્વે સામેની હાર બાદ ટ્રાઈ-સીરિઝમાં ટીમની સતત બીજી હાર હતી. ટીમની આ નિરાશાજનક સ્થિતિ વચ્ચે અમ્પાયર્સ અને મેચ રેફરીએ એલિસ દ્વારા બોલ ફેંકતી વખતે કોણી સીધી થવા અંગે પ્રશ્નો ઉઠાવતા આઈસીસીને શંકાસ્પદ એક્શનનો રિપોર્ટ સોંપ્યો હતો.

આઈસીસીના નિયમો અનુસાર બોલિંગ કરતી વખતે બોલ રીલિઝ થવા સુધી બોલરની કોણી 15 ડિગ્રીથી વધુ સીધી થવી જોઈએ નહીં. એલિસ અલ ઈસ્લામની બોલિંગનું મૂલ્યાંકન આઈસીસી માન્યતા પ્રાપ્ત ટેસ્ટિંગ સેન્ટરમાં હાઈ-સ્પીડ કેમેરા, 3D મોશન સેન્સર્સ અને ખાસ સોફ્ટવેરની મદદથી કરવામાં આવશે.

જોકે, માત્ર શંકાસ્પદ એક્શનનો રિપોર્ટ થવાનો અર્થ એવો નથી કે ખેલાડી દોષિત સાબિત થઈ ગયો છે. જ્યાં સુધી લેબ ટેસ્ટિંગનો અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી એલિસ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બોલિંગ કરવાનું ચાલુ રાખી શકશે.

એલિસ અલ ઈસ્લામ સ્થાનિક ક્રિકેટ અને ફ્રેન્ચાઈઝી લીગમાં પોતાની મિસ્ટ્રી સ્પિન અને કેરમ બોલની વિવિધતા માટે જાણીતો છે. તેણે બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (BPL)માં 35 મેચોમાં 39 વિકેટો ઝડપી છે, જ્યારે લિસ્ટ-એ ક્રિકેટમાં 20 મેચોમાં 35 વિકેટ તેના નામે નોંધાયેલી છે, જેમાં 21 રન આપીને 6 વિકેટ તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું છે. તેણે તાજેતરમાં ઐચી-નાગોયા એશિયન ગેમ્સમાં શ્રીલંકા સામે ટી20 ઈન્ટરનેશનલ ડેબ્યૂ પણ કર્યું હતું. હવે વનડે ડેબ્યૂમાં જ એક્શન સામે પ્રશ્નો ઊભા થતાં તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દી આ ટેસ્ટના પરિણામો પર નિર્ભર રહેશે.

વન ડે ઈતિહાસનો બીજો સૌથી સફળ રનચેઝ, શ્રીલંકાએ રેકોર્ડબૂક હચમચાવી, હેરી બ્રૂકની તોફાની ડબલ સેન્ચૂરી એળે ગઈ.....

નવી દિલ્હી, તા.23

ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રૂકે વનડે ક્રિકેટની સૌથી ઝડપી બેવડી સદી ફટકારીને નવો રેકોર્ડ બનાવ્યો હોવા છતાં શ્રીલંકાના બેટ્સમેનોની આક્રમક બેટિંગ સામે ઈંગ્લેન્ડને હારનો સામનો કરવો પડ્યો છે. રાવલપિંડી ખાતે રમાયેલી ત્રિકોણીય શ્રેણીની રોમાંચક મેચમાં શ્રીલંકાએ ઈંગ્લેન્ડ સામે 430 રનનો મોટો લક્ષ્યાંક 2 વિકેટ બાકી રાખીને પાર કરી લીધો હતો. વનડે ક્રિકેટના ઈતિહાસમાં આ બીજો સૌથી મોટો સફળ રન ચેઝ નોંધાયો છે.

ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરતા હેરી બ્રૂકની માત્ર 116 બોલમાં 202 રનની વિસ્ફોટક ઈનિંગ્સની મદદથી 50 ઓવરમાં 4 વિકેટે 429 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. બ્રૂકે માત્ર 114 બોલમાં પોતાની બેવડી સદી પૂરી કરીને શુભમન ગિલનો રેકોર્ડ તોડ્યો હતો. જવાબમાં શ્રીલંકાની શરૂઆત ખરાબ રહી હતી અને 24 રન પર 2 વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, પવન રત્નાયકેના 106 બોલમાં 130 રન, અવિષ્કા ફર્નાન્ડોના 97 રન અને દાસુન શનાકાના માત્ર 50 બોલમાં 97 રનની તોફાની ઈનિંગ્સના બળે શ્રીલંકા મેચમાં મજબૂત સ્થિતિમાં આવી ગયું હતું.

છેલ્લી ઓવરમાં શ્રીલંકાને જીતવા માટે 7 રન જોઈતા હતા ત્યારે મેચ અત્યંત રોમાંચક મોડ પર પહોંચી ગઈ હતી. જોકે, જનિથ લિયાનાગેએ 27 બોલમાં અણનમ 61 રન બનાવીને છેલ્લી ક્ષણોમાં લોંગ-ઓફ પર સિક્સર ફટકારી ટીમને 1 બોલ બાકી રાખીને યાદગાર વિજય અપાવ્યો હતો. વનડે ક્રિકેટમાં સૌથી મોટા સફળ રન ચેઝનો ઓલ-ટાઈમ રેકોર્ડ સાઉથ આફ્રિકાના નામે (438/9 વિ. ઓસ્ટ્રેલિયા, 2006) નોંધાયેલો છે, જ્યારે શ્રીલંકાએ 430 રન ચેઝ કરીને વનડે ઈતિહાસમાં બીજો સૌથી મોટો સફળ રન ચેઝ કરવાનો નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરતા હેરી બ્રૂકની માત્ર 116 બોલમાં 202 રનની વિસ્ફોટક ઈનિંગ્સની મદદથી 50 ઓવરમાં 4 વિકેટે 429 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. બ્રૂકે માત્ર 114 બોલમાં પોતાની બેવડી સદી પૂરી કરીને શુભમન ગિલનો રેકોર્ડ તોડ્યો હતો. જવાબમાં શ્રીલંકાની શરૂઆત ખરાબ રહી હતી અને 24 રન પર 2 વિકેટ ગુમાવી દીધી હતી.

'મારી નજરે એની કોઈ કિંમત નથી...' રેકોર્ડબ્રેક ઈનિંગ છતાં મેચ હારતા હેરી બ્રૂક દુઃખી.....

નવી દિલ્હી, તા.23

ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રૂકની રેકોર્ડબ્રેક ડબલ સદી છતાં શ્રીલંકાએ વનડે ક્રિકેટમાં ઐતિહાસિક જીત નોંધાવી છે. ટ્રાઈ સિરીઝની મેચમાં શ્રીલંકાએ ઈંગ્લેન્ડે આપેલા 430 રનના વિશાળ લક્ષ્યાંકને એક બોલ બાકી રહેતાં આઠ વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. આ સાથે શ્રીલંકાએ વનડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાનો સૌથી મોટો સફળ રનચેઝ નોંધાવ્યો હતો.

પ્રથમ બેટિંગ કરતાં ઈંગ્લેન્ડે ચાર વિકેટે 429 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. કેપ્ટન હેરી બ્રૂકે 116 બોલમાં 202 રનની આક્રમક ઈનિંગ્સ રમી હતી. તેણે 21 ચોગ્ગા અને 10 છગ્ગા ફટકાર્યા હતા. બ્રૂકે માત્ર 114 બોલમાં ડબલ સદી પૂરી કરીને પુરુષોની વનડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી બેવડી સદીનો રેકોર્ડ બનાવ્યો હતો. તે વનડેમાં ડબલ સદી ફટકારનાર ઈંગ્લેન્ડનો પ્રથમ બેટ્સમેન પણ બન્યો હતો. બ્રૂકે ભારતના શુભમન ગિલનો રેકોર્ડ તોડ્યો હતો. ગિલે ગયા મહિને ગુવાહાટીમાં વેસ્ટ ઈન્ડિઝ સામે 116 બોલમાં બેવડી સદી પૂરી કરી હતી. ઈંગ્લેન્ડ તરફથી જો રૂટે 69, વિલ જેક્સે અણનમ 66 અને ટોમ બેન્ટને 50 રન બનાવ્યા હતા.

430 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની શરૂઆત ખરાબ રહી હતી. ટીમે માત્ર 24 રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, પવન રત્નાયકે 130 રનની શાનદાર ઈનિંગ્સ રમીને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી. અવિષ્કા ફર્નાન્ડો અને દાસુન શનાકાએ 97-97 રનનું યોગદાન આપ્યું હતું. અંતિમ તબક્કામાં જનિથ લિયાનાગેએ માત્ર 27 બોલમાં અણનમ 61 રન ફટકારીને મેચનું પાસું પલટી નાખ્યું હતું. તેના આક્રમક પ્રદર્શનના આધારે શ્રીલંકાએ એક બોલ બાકી રહેતાં ઐતિહાસિક જીત મેળવી હતી.

મેચ બાદ બ્રૂકે શ્રીલંકાની પ્રશંસા કરતાં સ્વીકાર્યું હતું કે તેમની ટીમ બોલિંગમાં પોતાની યોજનાઓને યોગ્ય રીતે અમલમાં મૂકી શકી નહોતી. તેણે કહ્યું કે 400થી વધુ રનનો પીછો કરવો મોટી સિદ્ધિ છે અને શ્રીલંકાની જીતનો શ્રેય તેને આપવો જોઈએ. પોતાની ડબલ સદી અંગે બ્રૂકે કહ્યું હતું કે બેવડી સદી ફટકારવી ખાસ છે, પરંતુ ટીમની હારને કારણે આ ઈનિંગ્સનું કોઈ મહત્ત્વ રહ્યું નથી. તેણે આગામી બે મેચમાં સુધારો કરીને ફાઈનલમાં સ્થાન મેળવવાનો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

'અનેક રામાયણમાં રાવણને હીરો અને રામને મૌન બતાવાયા...', મહાભારતના 'દુર્યોધન'નું નિવેદન ચર્ચામાં

મુંબઈ, તા.23

રણબીર કપૂરની આગામી ફિલ્મ 'રામાયણમ્'ની રિલીઝમાં હવે માત્ર થોડા જ અઠવાડિયા બાકી છે અને ફેન્સ તેમને ભગવાન રામના રોલમાં જોવા માટે ખૂબ જ ઉત્સુક છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન, પ્રખ્યાત અભિનેતા પુનીત ઈસ્સાર (જેમણે બી.આર. ચોપરાના 'મહાભારત'માં દુર્યોધનનું પાત્ર ભજવ્યું હતું)એ ફિલ્મો, ટેલિવિઝન અને સ્ટેજ નાટકોમાં 'રામાયણ' અને 'મહાભારત'ના પ્રસ્તુતિકરણ પર ખુલીને વાત કરી છે.

એક ઈન્ટરવ્યૂમાં પુનીતે જણાવ્યું કે, તે સમયે એવું વાતાવરણ બની ગયું હતું જ્યાં લોકો નકારાત્મક પાત્રોને જ નાયક બનાવવા લાગ્યા હતા અને રાવણ તેમને હીરો લાગવા માંડ્યો હતો. જો તમે રાવણને જ નાયક બનાવી દેશો, તો પછી ભગવાન રામ શું છે? પુનીતના મતે, રાવણમાં અનેક નકારાત્મક ગુણો હતા, છતાં કેટલાક નાટકોમાં ભગવાન રામની મહાનતાને યોગ્ય રીતે દર્શાવવામાં નહોતી આવતી અને તેમને માત્ર એક મૂક પાત્ર તરીકે રજૂ કરવામાં આવતા હતા, જ્યારે તેઓ સ્વયં ભગવાન છે. આ જ કારણથી મેં 'રામાયણ' પર આધારિત એક નાટક પણ લખ્યું હતું જેથી લોકો સમજી શકે કે ભગવાન રામ વાસ્તવમાં શું છે.

ઈન્ટરવ્યૂમાં જ્યારે પુનીત ઈસ્સારને પૂછવામાં આવ્યું કે, '1980ના દશકનો ટીવી શો આજ પણ દર્શકોના દિલોમાં વસેલો છે, તો પછી રામાયણ પર બનેલી હાલની ફિલ્મો કેમ સફળ ન થઈ?' જેના જવાબમાં તેમણે સ્પષ્ટ કર્યું કે, 'જો ફિલ્મનો કન્ટેન્ટ સારો નહીં હોય, તો તે ક્યારેય નહીં ચાલે, પરંતુ જો કોઈ સારી ફિલ્મ બનાવશે તો તે ચોક્કસ સફળ થશે.' પોતાની વાતને સાબિત કરવા તેમણે તાજેતરની સફળ આધ્યાત્મિક અને પૌરાણિક ફિલ્મો જેમ કે 'કાંતારા' અને 'હનુમાન' (અંશ)નું ઉદાહરણ આપ્યું. તેમણે કહ્યું કે જે ફિલ્મો સફળ થાય છે તેમાં ચોક્કસ કંઈક ખાસ વાત હોય છે, જ્યારે 'આદિપુરુષ' એટલી સારી ન હોવાને કારણે બોક્સ ઓફિસ પર નિષ્ફળ રહી હતી.

અભિનેતાએ રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણમ્'ને લઈને પોતાની ઉત્સુકતા વ્યક્ત કરતા કહ્યું કે ભગવાન રામના રૂપમાં રણબીર ખૂબ જ શાનદાર રહેશે. તે ઈન્ડસ્ટ્રીનો સૌથી પ્રતિભાશાળી અને વર્સટાઈલ અભિનેતાઓમાંનો એક છે, જેણે 'બર્ફી', 'રૉકેટ સિંહ', 'રૉકસ્ટાર' અને 'એનિમલ' જેવી શાનદાર ફિલ્મો કરી છે.

ફિલ્મના દિગ્દર્શક નિતેશ તિવારી વિશે વાત કરતા પુનીતે દર્શકોને અપીલ કરી કે કોઈપણ પૂર્વગ્રહ રાખ્યા વગર કે ફિલ્મ પર પ્રતિક્રિયા આપતા પહેલા તેના રિલીઝ થવાની રાહ જોવી જોઈએ. નિતેશ તિવારી એક સમજદાર વ્યક્તિ છે અને દર્શકોએ ફિલ્મ જોયા પછી જ પોતાનો કોઈ અભિપ્રાય બનાવવો જોઈએ.

રણબીર કપૂર, સાઈ પલ્લવી, યશ, સની દેઓલ અને રવિ દુબે જેવા દિગ્ગજ કલાકારોથી સજ્જ આ બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રામાયણમ્' આગામી 5 નવેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે.

બોલિવુડ સ્ટાર્સ ફફડયાઃ જાહેરમાં દેખાવાનું, પેપ્સને મળવાનું ઓછું કર્યું

■ અનેક કલાકારોએ બુલેટ પ્રૂફ ગાડીઓ માટે ઓર્ડર આપ્યા : ઘરની બારીઓને બુલેટ પ્રૂફ કાચ, સિક્યોરિટી કાફલામાં પણ વધારો કરાયો

મુંબઈ, તા.23

ટાઈગર શ્રોફ પર ગોળીબારની ઘટનાને પગલે ફફડી ગયેલા બોલીવુડના ફિલ્મ સ્ટાર્સમાં તેમની સુરક્ષાને મામલે અચાનક જાગૃતિ આવી જતાં તેમના ઘરો પર સુરક્ષા વ્યવસ્થા કડક બનાવવામાં આવી છે તથા ઘરની બારીઓના કાચ પણ બુલેટપ્રુફ બનાવવામાં આવી રહ્યાં છે.

ફિલ્મ સ્ટાર્સ હવે સુરક્ષાને ધ્યાનમાં રાખી બુલેટપ્રુફ કાર ખરીદવા માંડયા છે. કેટલાય કલાકારોએ તેમના સુરક્ષા કાફલામાં વધારો કરી દીધો છે.

લોરેન્સ બિશ્નોઈ ગેંગની ધમકીઓને પગલે ફિલ્મ સ્ટાર્સ હવે તેમની સુરક્ષા માટે જાહેર કાર્યક્રમોમાં હાજરી આપવાનું ટાળવા માંડયા છે. ઘણાં ફિલ્મ સ્ટાર્સ હવે પાપારાઝીઓને પણ અંતર રાખવા માંડયા છે. ફાયરિંગની ઘટના બાદ ટાઈગર, સલમાન ખાન, આમિર ખાન અને ફિલ્મ નિર્માતા રોહિત શેટ્ટીના ઘરોની આજુબાજુ સુરક્ષા કડક બનાવવામાં આવી છે.

અક્ષય કુમાર એક્સ કેટેગરીની અને સલમાન ખાનને વાય કેટેગરીની સુરક્ષા વ્યવસ્થા પુરી પડાયેલી છે. સલમાનખાનની સાથે કામ કરી ચૂકેલી બે હિરોઈન પણ તેમની સુરક્ષાને કારણે ચિંતિત હોવાનું જાણવા મળ્યું છે.

સલમાનની ફિલ્મ 'ટાઈગર'માં કામ કરનાર એક અભિનેતાને તેના પરિવારજનો ઘરની બહાર જવાનું ટાળવા કહી રહ્યા છે. જાહેર કાર્યક્રમો પણ સુરક્ષાના કારણે મુલતવી રાખવામાં આવી રહ્યાં છે.

સિદ્ધાંત ચતુર્વેદી અને અભિષેક ચૌબે કાલા વેબ સિરિઝમાં સાથે કામ કરશે

• ઝારખંડની કોલસાની ખાણોની ક્રાઈમ કથા રજૂ થશે : કાલા સીરિઝનું શૂટિંગ દિવાળી બાદ પુણેમાં શરૂ કરી દેવામાં આવશે

મુંબઈ, તા.23

ઝારખંડમાં આવેલી કોલસાની ખાણોમાં આકાર લેતી પિરિયડ ક્રાઈમ સિરિઝ 'કાલા'માં સિદ્ધાંત ચતુર્વેદી મુખ્ય ભૂમિકા ભજવશે જ્યારે અભિષેક ચૌબે તેનું નિર્દેશન કરશે. ચૌબેની આ ક્રાઈમ સિરિઝ ૧૯૬૦થી શરૂ થઈ દાયકાઓ સુધી ચાલશે અને તેમાં આ સમયગાળા દરમ્યાન થયેલી સત્તાની સાઠમારી, હિંસા અને સામાજિક પરિવર્તનોને ઝીલવામાં આવશે.

અભિષેક ચૌબેએ છેલ્લે જાન્યુઆરી ૨૦૨૪માં 'કીલર સૂપ' નામની ક્રાઈમ ડ્રામા સીરિઝ રજૂ કરી હતી. આ સીરિઝમાં મનોજ બાજપેયી અને કોંકણાસેન શર્માએ મુખ્ય ભૂમિકાઓ ભજવી હતી. અભિષેક ચૌબે નૈતિક રીતે અસ્પષ્ટ કથાવસ્તુઓ ધરાવતી ફિલ્મોને નિર્દેશિત કરવા માટે જાણીતાં છે.

'કાલા' સીરિઝનું શૂટિંગ દિવાળી બાદ પૂણેમાં શરૂ કરી દેવામાં આવશે. સિદ્ધાંત ચતુર્વેદીનું એક્સલ એન્ટરટેઈન સાથે ૨૦૧૯માં તેની વિખ્યાત 'ગલી બોય' ફિલ્મ કરી ચૂક્યો છે.

સિદ્ધાંત છેલ્લે ૨૦૨૪માં એક્શન ડ્રામા 'યુધરા'માં જોવા મળ્યો હતો.

સની દેઓલની 'સૂર્યા' ફિલ્મ રિલીઝ પહેલા જ વિવાદોમાં, IMA ને કેમ વાંધો પડ્યો?

મુંબઈ, તા.23

બોલિવૂડ અભિનેતા સની દેઓલ પોતાની આગામી એક્શન અને ક્રાઈમ ડ્રામા ફિલ્મ 'સૂર્યા: અંત સે આરંભ તક'ને લઈને ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે, પરંતુ રિલીઝ પહેલાં જ આ ફિલ્મ મોટા વિવાદમાં ઘેરાઈ ગઈ છે. ફિલ્મના તાજેતરમાં રિલીઝ થયેલા ટીઝર સામે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)એ સખત વાંધો ઉઠાવ્યો છે અને ફિલ્મની સમીક્ષા કરવાની માંગ કરી છે. આ મામલે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)એ સ્પષ્ટતા કરી છે કે સની દેઓલની આ ફિલ્મને સર્ટિફિકેશન માટે હજુ સુધી બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવી નથી.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)એ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવને એક સત્તાવાર પત્ર લખીને ફિલ્મના પ્રમોશનલ કન્ટેન્ટ અને તેમાં મેડિકલ ક્ષેત્રના ચિત્રણ સામે ગંભીર નારાજગી દર્શાવી છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે ફિલ્મમાં હેલ્થકેર સેક્ટરમાં ભ્રષ્ટાચારને સામાન્ય બાબત તરીકે દર્શાવવામાં આવ્યો છે તેમજ આરોગ્યકર્મીઓ સામેની હિંસાનું ગૌરવગાન કરવામાં આવ્યું છે, જે ચિંતાજનક છે.

સંગઠને પત્રમાં ખાસ ઉલ્લેખ કર્યો છે કે ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ અને હોસ્પિટલના કર્મચારીઓ પર શારીરિક હુમલાના દ્રશ્યોને હીરોઈક કે યોગ્ય સાબિત કરતી બાબત તરીકે બતાવવાથી સમાજમાં ખોટો સંદેશ જશે. આરોગ્ય કર્મચારીઓ પહેલેથી જ હોસ્પિટલોમાં સુરક્ષાના ગંભીર પડકારોનો સામનો કરી રહ્યા છે, ત્યારે આવા દ્રશ્યો હિંસાને સામાન્ય બનાવવાનું જોખમ ઊભું કરે છે. IMAએ સરકારને કાયદાકીય જોગવાઈઓ હેઠળ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવા અથવા યોગ્ય કડક પગલાં લેવા અનુરોધ કર્યો છે. ફિલ્મના ટીઝરમાં સની દેઓલના પાત્ર 'સૂર્યા'ને મેડિકલ સિસ્ટમ સાથે જોડાયેલી ઘટનાઓના એક રહસ્યમય ચક્રવ્યૂહમાં ફસાયેલો બતાવવામાં આવ્યો છે. જે વાતો કે અન્યાયને સમગ્ર સમાજે મૂંગા મોઢે સ્વીકારી લીધો છે, તેના પર સૂર્યા સવાલ ઉઠાવે છે અને ઉપરથી સંપૂર્ણ કાયદેસર જણાતી પરંતુ અંદરથી સડી ગયેલી વ્યવસ્થાના ચોંકાવનારા સત્યને બહાર લાવવાનો પ્રયાસ કરે છે. આ ફિલ્મ 20 નવેમ્બરના રોજ રિલીઝ થવાની તૈયારીમાં છે. ફિલ્મમાં સની દેઓલ ઉપરાંત રવિ કિશન, પ્રજ્ઞા જાયસવાલ, તનુશ્રી ચક્રવર્તી, મનીષ વાધવા, ટીનુ આનંદ, વિરતી વઘાણી, જિશુ સેનગુપ્તા, ખાલિદ સિદ્દીકી, અનૂપ ત્રિવેદી અને રોહિત તિવારી મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી રહ્યા છે.

શેરબજારમાં ભારે ઉતાર-ચઢાવ, સેન્સેક્સ દિવસની ઊંચી સપાટીથી 800 પૉઇન્ટ ગગડ્યો, મેટલ શેરોમાં વેચવાલી

મુંબઈ, તા.23

ભારતીય શેરબજારમાં આજે એટલે કે 23 ઑક્ટોબરે ભારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. દિવસની શરૂઆતમાં બજારમાં તેજી જોવા મળી હતી અને સેન્સેક્સ 300થી વધુ અંક વધીને 73,500ની સપાટી પાર કરી ગયો હતો. જોકે, ત્યારબાદ બજારમાં વેચવાલી વધતાં સેન્સેક્સમાં ઘટાડો નોંધાયો હતો અને તે ઘટીને 72,900ના સ્તરે આવી ગયો હતો. દિવસની સર્વોચ્ચ સપાટીથી સેન્સેક્સમાં લગભગ 800 પૉઈન્ટનો ઘટાડો નોંધાયો છે. બજારમાં આ અચાનક આવેલા ફેરફારને કારણે રોકાણકારોનું ધ્યાન શેરોની ખરીદી અને વેચાણના વલણ પર કેન્દ્રિત થયું છે.

બજારમાં આજે વિવિધ ક્ષેત્રોના શેરોમાં મિશ્ર વલણ જોવા મળી રહ્યું છે. આઈટી એટલે કે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ ખરીદી નોંધાઈ રહી છે, જ્યારે મેટલ ક્ષેત્રના શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળી રહ્યું છે. અલગ-અલગ ક્ષેત્રોમાં જોવા મળતા આ વલણને કારણે મુખ્ય સૂચકાંકોમાં પણ સતત વધઘટ થઈ રહી છે. દિવસની શરૂઆતમાં તેજી સાથે આગળ વધેલા બજારમાં પાછળથી ઘટાડો નોંધાતાં રોકાણકારો સાવચેતીપૂર્વક કારોબાર કરી રહ્યા છે. બજારમાં આ પ્રકારના ઉતાર-ચઢાવ દરમિયાન રોકાણકારો કંપનીઓના પરિણામો, વૈશ્વિક બજારોની સ્થિતિ, વિદેશી રોકાણકારોની પ્રવૃત્તિઓ અને વિવિધ ક્ષેત્રોમાં થતી ખરીદી-વેચાણ પર નજર રાખે છે. ખાસ કરીને વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચવાલી કરવામાં આવે તો બજાર પર દબાણ વધવાની શક્યતા રહે છે. જોકે, બજારની દિશા નક્કી કરવા માટે એક જ પરિબળને જવાબદાર ગણી શકાય નહીં, કારણ કે અનેક સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પરિબળો શેરોના ભાવને અસર કરે છે.

રિલાયન્સ જિયો સાથે જોડાયેલા IPOમાં આજે એટલે કે 23 ઑક્ટોબરે બોલી લગાવવાનો ત્રીજો દિવસ છે. આ IPO દ્વારા કંપની કુલ 30,188 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. IPOમાં રોકાણ કરવા ઈચ્છુક રોકાણકારો માટે 23 ઑક્ટોબર સુધી બોલી લગાવવાની તક ઉપલબ્ધ છે. આ જાહેર ઈશ્યૂ બજારના રોકાણકારોનું ધ્યાન ખેંચી રહ્યો છે અને તેની સબ્સ્ક્રિપ્શન સ્થિતિ પર પણ નજર રાખવામાં આવી રહી છે.

ઉપલબ્ધ વિગતો અનુસાર, IPOમાં ઓછામાં ઓછું 13,428નું રોકાણ કરવું પડશે. ઈશ્યૂના બીજા દિવસના અંત સુધીમાં તે 5.39 ગણો સબ્સ્ક્રાઈબ થયો હતો. એટલે કે, બીજા દિવસ સુધી રોકાણકારો તરફથી ઈશ્યૂમાં ઉપલબ્ધ શેરોની સરખામણીએ 5.39 ગણાં શેરો માટે બોલી મળી હતી. IPOને મળેલો પ્રતિસાદ રોકાણકારોની ભાગીદારી દર્શાવે છે, જોકે માત્ર સબ્સ્ક્રિપ્શનના આંકડાના આધારે લિસ્ટિંગ સમયે શેરનો ભાવ કે રોકાણમાંથી મળનારા વળતરનો ચોક્કસ અંદાજ લગાવી શકાય નહીં.

IPOમાં રોકાણ કરતાં પહેલાં રોકાણકારો માટે કંપનીની નાણાકીય સ્થિતિ, ઈશ્યૂની કિંમત, વ્યવસાયની સંભાવનાઓ અને જોખમો સમજવા જરૂરી છે. ખાસ કરીને મોટા કદના IPOમાં રોકાણકારોએ પોતાની નાણાકીય ક્ષમતા અને રોકાણના હેતુને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ. બજારમાં ચાલી રહેલી અસ્થિરતા વચ્ચે IPOનું સબ્સ્ક્રિપ્શન અને લિસ્ટિંગ સંબંધિત અપેક્ષાઓ પણ રોકાણકારો માટે ચર્ચાનો વિષય બની શકે છે.

ભારતીય શેરબજારની સાથે આજે એશિયાના અન્ય મુખ્ય બજારોમાં પણ ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 119 પૉઈન્ટ એટલે કે 2.01 ટકા ઘટીને 5,422ના સ્તરે રહ્યો હતો. જાપાનના નિક્કી ઈન્ડેક્સમાં પણ 1,083 પૉઈન્ટનો ઘટાડો નોંધાયો હતો અને તે 61,825ના સ્તરે રહ્યો હતો. ટકાવારીની દૃષ્ટિએ નિક્કીમાં 1.72 ટકાનો ઘટાડો થયો હતો.

બીજી તરફ, હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં તેજી જોવા મળી હતી. હેંગસેંગ 146 પૉઈન્ટ એટલે કે 0.49 ટકા વધીને 23,081ના સ્તરે પહોંચ્યો હતો. આમ, એશિયાના મુખ્ય બજારોમાં એકસરખું વલણ જોવા મળ્યું નહોતું. દક્ષિણ કોરિયા અને જાપાનના બજારોમાં ઘટાડો નોંધાયો હતો, જ્યારે હોંગકોંગના બજારમાં વધારો થયો હતો.

વિશ્વના વિવિધ બજારોમાં જોવા મળતી આ વધઘટની અસર રોકાણકારોના વલણ પર પડી શકે છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં ઘટાડો થાય ત્યારે કેટલાક રોકાણકારો જોખમ લેવાનું ટાળે છે, જ્યારે અન્ય બજારોમાં તેજી જોવા મળે તો ખરીદીનો ઉત્સાહ જળવાઈ શકે છે. જોકે, ભારતીય બજારની દિશા સ્થાનિક આર્થિક પરિસ્થિતિ, કંપનીઓનાં પરિણામો અને રોકાણકારોની પ્રવૃત્તિઓ પર પણ આધારિત રહે છે. 22 ઑક્ટોબરના રોજ અમેરિકાના શેરબજારોમાં પણ મિશ્ર વલણ સાથે ઘટાડો જોવા મળ્યો હતો. ખાસ કરીને ટેક્નોલોજી શેરોનું પ્રતિનિધિત્વ કરતા નૅસ્ડૅક ઈન્ડેક્સમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો.

જિયોના IPO : અત્યાર સુધીમાં 6 ગણાથી વધુ સબસ્ક્રાઇબ થયો, 20%થી વધુ વળતર મળી શકે છે

મુંબઈ, તા.23

દેશના સૌથી મોટા આઈપીઓ 'જિયો પ્લેટફોર્મ્સ'ને સબ્સ્ક્રાઈબ કરવાનો આજે 23 ઑક્ટોબરે છેલ્લો દિવસ છે. સવારે 10 વાગ્યા સુધીમાં આ આઈપીઓ 6 ગણાથી વધુ ભરાઈ ચૂક્યો છે. કંપનીના 19.75 કરોડ શેરોની સરખામણીએ 119 કરોડ શેરો માટેની બિડ મળી ચૂકી છે. સંસ્થાકીય રોકાણકારોનો ક્વોટા 13 ગણો અને રિટેલ પોર્શન 1.76 ગણો સબ્સ્ક્રાઈબ થઈ ચૂક્યો છે. જિયો આ આઈપીઓ દ્વારા કુલ 30,213 કરોડ એકત્ર કરી રહી છે. જોકે, ઈશ્યૂ ખુલતાં પહેલાં જ કંપનીએ એન્કર ઈન્વેસ્ટર્સને શેર જારી કરીને 8,110 કરોડનું ભંડોળ એકત્ર કરી લીધું હતું.

એન્કર ક્વોટા બાદ પ્રાઈમરી માર્કેટમાં સામાન્ય જનતા અને સંસ્થાકીય ખરીદદારો માટે આશરે 22,103 કરોડનો નેટ ઈશ્યૂ જ રાખવામાં આવ્યો છે, જેના પર સતત બિડ મળી રહી છે.

IPO પહેલા જ દિવસે એટલે કે 21 ઑક્ટોબરે 3.02 ગણો ભરાઈ ગયો હતો. 19.75 કરોડ શેરોની સામે 59.68 કરોડ શેરોની માગ આવી હતી. બીજા દિવસની શરૂઆતમાં સંસ્થાકીય રોકાણકારોની ભારે બિડિંગને કારણે આ આંકડો 3.50 ગણાથી પણ વધુ થઈ ગયો.

Jioના એક શેરની કિંમત એટલે કે પ્રાઈસ બેન્ડ 1,065થી 1,119 છે. સામાન્ય રોકાણકારને શેર ખરીદવા માટે ઓછામાં ઓછા 13,428નું રોકાણ કરવું પડશે, જ્યારે મહત્તમ 14 લોટ એટલે કે 168 શેર માટે અરજી કરી શકે છે. આ માટે 1.87 લાખ રૂપિયા લાગશે. લિસ્ટિંગ પહેલાં કંપનીનો શેર ગ્રે માર્કેટમાં 23% એટલે કે પ્રતિ શેર 258ના પ્રીમિયમ પર પહોંચી ગયો છે. ગ્રે માર્કેટ પ્રીમિયમ એટલે કે GMP પ્રમાણે જોવામાં આવે તો અપર પ્રાઈસ બેન્ડ 1,119ના આધારે તેનું લિસ્ટિંગ (1119+258=1377) 1,377 પર થઈ શકે છે.

આ IPOમાંથી મળનારી રકમનો ઉપયોગ કંપનીની મુખ્ય સબ્સિડિયરી, રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડ (RJIL)ના દેવાની ચુકવણી માટે કરવામાં આવશે. આ ઉપરાંત જનરલ કોર્પોરેટ કામો માટે પણ ભંડોળનો ઉપયોગ કરવામાં આવશે.

ઈશ્યૂ બાદ પ્રમોટર અને પ્રમોટર ગ્રુપની હિસ્સેદારી 66.43%થી ઘટીને 64.48% રહી જશે, જ્યારે જાહેર શેરહોલ્ડિંગ 33.57%થી વધીને 35.52% થઈ જશે.

કોઈપણ IPOમાં મોટા રોકાણકારો જેવા કે મ્યુચ્યુઅલ ફંડ્સ, વિદેશી રોકાણકારો અને વીમા કંપનીઓ માટે અનામત એક વિશેષ કોટા હોય છે. IPO સામાન્ય જનતા માટે ખુલવાના બરાબર એક દિવસ પહેલાં આ મોટા રોકાણકારોને એન્કર બુક હેઠળ શેર ફાળવવામાં આવે છે.

સરળ શબ્દોમાં કહીએ તો, આ કંપનીના IPO માટે એક પ્રકારની 'અગાઉની કસોટી' હોય છે. જ્યારે મોટા અને અનુભવી રોકાણકારો કોઈ કંપનીની એન્કર બુકમાં મોટી રકમનું રોકાણ કરે છે, ત્યારે તેનાથી કંપનીની વિશ્વસનીયતા મજબૂત થાય છે અને રિટેલ રોકાણકારોનો પણ IPO પર વિશ્વાસ વધે છે.

SBIની સ્પેશિયલ ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ: દર વર્ષે 7.05% સુધીનું વ્યાજ મળશે, બેંકની સામાન્ય FD કરતાં વધારે ફાયદો

નવી દિલ્હી, તા.23

દેશની સૌથી મોટી સરકારી બેંક સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા (SBI)ની સ્પેશિયલ ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ 'અમૃત વૃષ્ટિ' રોકાણકારોમાં ઘણી લોકપ્રિય છે. જો તમે સુરક્ષિત જગ્યાએ રોકાણ કરીને શાનદાર રિટર્ન મેળવવા માંગતા હો, તો 444 દિવસની આ ખાસ સ્કીમમાં તમારા માટે એક બેસ્ટ ઓપ્શન બની શકે છે. જાણો આ સ્પેશિયલ ટેન્યોર સ્કીમની દરેક જરૂરી વાત.

વ્યાજદર: કોને કેટલો લાભ મળશે? આ સ્કીમ હેઠળ અલગ-અલગ વયજૂથના રોકાણકારો માટે વ્યાજ દરો નક્કી કરવામાં આવ્યા છે: સ્કીમની મુખ્ય વિશેષતાઓ અને નિયમો

સમયગાળો: આ FDની મેચ્યોરિટી અવધિ 444 દિવસ (લગભગ 14.5 મહિના) નક્કી કરવામાં આવી છે. ન્યૂનતમ અને મહત્તમ રકમ: આ યોજનામાં રિટેલ ડિપોઝિટ હેઠળ 1,000થી રોકાણ શરૂ કરી શકાય છે અને મહત્તમ રકમ 3 કરોડથી ઓછું હોવું જોઈએ.

કોણ રોકાણ કરી શકે: ભારતના સામાન્ય નાગરિકો, હિન્દુ અવિભાજિત પરિવાર (HUF) અને અનિવાસી ભારતીયો (NRIs) તેમાં રોકાણ કરવા પાત્ર છે. વ્યાજ ચૂકવણીના વિકલ્પો: રોકાણકારો પોતાની સુવિધા અનુસાર વ્યાજની ચૂકવણી માસિક, ત્રિમાસિક, છમાસિક અથવા મેચ્યોરિટી સમયે મેળવી શકે છે.

લોનની સુવિધા: જરૂર પડ્યે રોકાણકારોને આ FD પર લોન અથવા ઓવરડ્રાફ્ટની સુવિધા પણ મળે છે.

જો તમને મેચ્યોરિટી પહેલાં પૈસાની જરૂર પડી જાય અને તમે FD તોડાવો, તો બેંકના નિયમો હેઠળ પેનલ્ટી કાપવામાં આવે છે: ખાસ છૂટ: જો FD બુક કર્યાના 7 દિવસની અંદર બંધ કરવામાં આવે, તો કોઈ વ્યાજ મળતું નથી. જોકે, બેંકના કર્મચારીઓ અને પેન્શનર્સને આ પેનલ્ટીમાંથી છૂટ આપવામાં આવી છે.

SBIની આ સ્કીમનો લાભ લેવા માટે રોકાણકારોને બેંકમાં જવાની પણ જરૂર નથી, તેને ઘરે બેઠાં ઓનલાઈન પણ શરૂ કરી શકાય છે: SBI YONO App દ્વારા. SBIના સત્તાવાર ઈન્ટરનેટ બેંકિંગ પોર્ટલ પરથી. તમારી નજીકની SBIની કોઈપણ શાખામાં જઈને ફોર્મ ભરીને.

SBIની 444 દિવસની 'અમૃત વૃષ્ટિ' FDમાં જો તમે 5 લાખ રૂપિયાનું રોકાણ કરો છો, તો 6.45% વાર્ષિક વ્યાજ દરના આધારે સામાન્ય નાગરિકોને મેચ્યોરિટી પર લગભગ 39,800થી 40,000નું વ્યાજ મળશે, જેના કારણે કુલ રકમ વધીને લગભગ 5.40 લાખ થઈ જશે. જ્યારે 6.95%ના દરે વરિષ્ઠ નાગરિકોને કુલ 43,000થી 43,200 સુધીનું રિટર્ન મળશે, જેના કારણે તેમની કુલ રકમ 5.43 લાખને પાર પહોંચી જશે.

આ સ્કીમમાં 10 લાખની FD કરવા પર 6.45% વાર્ષિક ચક્રવૃદ્ધિ વ્યાજ દરના આધારે સામાન્ય નાગરિકોને મેચ્યોરિટી પર લગભગ 80,000થી 80,500 સુધીનું ચોખ્ખું રિટર્ન મળશે (કુલ મેચ્યોરિટી રકમ લગભગ 10.80 લાખ થઈ જશે). જ્યારે 6.95% વાર્ષિક વ્યાજ દર સાથે વરિષ્ઠ નાગરિકોને કુલ 86,500થી 87,000 સુધીનું વ્યાજ મળશે, જેના કારણે 444 દિવસ બાદ તેમની કુલ જમા રકમ વધીને લગભગ 10.87 લાખ થઈ જશે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2027: ગિફ્ટ સિટી અને IIM બેંગલુરુ 'ગિફ્ટ ફાઈનાન્સ ઓલિમ્પિયાડ- નેશનલ સ્ટુડન્ટ કેસ ચેલેન્જ 2026'નું આયોજન કરશે

નવી દિલ્હી, તા.23

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ બેંગલુરુ (IIM બેંગલુરુ)ના સહયોગથી ગિફ્ટ સિટી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2027ની પૂર્વતૈયારીના ભાગરૂપે 'ગિફ્ટ ફાઈનાન્સ ઓલિમ્પિયાડ - નેશનલ સ્ટુડન્ટ કેસ ચેલેન્જ 2026'નું આયોજન કરશે. આ સ્પર્ધામાં દેશભરના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને ભાગ લેવા આમંત્રણ આપવામાં આવશે. વિદ્યાર્થીઓએ ગિફ્ટ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર (ગિફ્ટ આઈએફએસસી) સાથે સંબંધિત વાસ્તવિક પડકારોના પુરાવા અને તથ્યો પર આધારિત સોલ્યુશન્સ તૈયાર કરવાના રહેશે.

આ સ્પર્ધાનું આયોજન IIM બેંગલુરુના સેન્ટર ફોર કેપિટલ માર્કેટ્સ એન્ડ રિસ્ક મેનેજમેન્ટના સહયોગથી કરવામાં આવશે. તેમાં ભારતની કોઈપણ માન્યતા પ્રાપ્ત કોલેજ, યુનિવર્સિટી કે બિઝનેસ સ્કૂલમાં અભ્યાસ કરતા અનુસ્નાતક વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. વિદ્યાર્થીઓ કોઈપણ વિષયના હોય તો પણ તેઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. દરેક ટીમમાં ચાર વિદ્યાર્થીઓ હોવા જરૂરી છે. જુદા જુદા વિષયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંયુક્ત ટીમોને પ્રોત્સાહન આપવામાં આવશે.

આ સ્પર્ધા ત્રણ તબક્કામાં યોજાશે. તેમાં રાષ્ટ્રીય સ્તરની ઓનલાઈન કેસ ચેલેન્જ, ચાર શહેરોમાં રિજનલ ફાઈનલ અને ગ્રાન્ડ ફિનાલેનો સમાવેશ થાય છે. પ્રથમ તબક્કા માટેના સબમિશન કરવાની છેલ્લી તારીખ 31 ઓક્ટોબર, 2026 છે.

સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ વિશ્લેષણ માટેના બેમાંથી કોઈ એક વિષયની પસંદગી કરી શકશે. 'માર્કેટ્સ એન્ડ પ્રોડક્ટ ડિઝાઈન' હેઠળ ગિફ્ટ આઈએફએસસી મારફતે વૈશ્વિક રોકાણકારો માટે ભારતની મોટી કંપનીઓ સાથે જોડાયેલા સિંગલ-સ્ટોક ફ્યુચર્સ શરૂ કરવાની દરખાસ્તનો અભ્યાસ કરવાનો રહેશે. 'ઈન્સ્ટિટ્યૂશનલ સ્ટ્રેટેજી એન્ડ ગવર્નન્સ' હેઠળ ગિફ્ટ આઈએફએસસીમાં કાર્યરત એક્સચેન્જો અને ક્લિયરિંગ કોર્પોરેશનો વૈશ્વિક એક્સચેન્જો, કસ્ટોડિયન્સ તથા બજારના અન્ય માળખાકીય સંસ્થાઓ સાથેની ભાગીદારીનું મૂલ્યાંકન કેવી રીતે કરે અને તેને યોગ્ય સ્વરૂપ કેવી રીતે આપે, તેના પર ધ્યાન કેન્દ્રિત કરાશે.

રિજનલ ફાઈનલ 2026માં 21 નવેમ્બરે દિલ્હીમાં, 28 નવેમ્બરે બેંગાલુરુમાં, 30 નવેમ્બરે કોલકાતામાં અને 5 ડિસેમ્બરે મુંબઈમાં યોજાશે. પસંદગી પામેલી ટીમે સ્થળ પર યોજાનારા કેસ રાઉન્ડમાં ભાગ લેવાનો રહેશે. તેમાં લાઈવ પ્રેઝન્ટેશન કરવાની સાથે જ્યુરીના પ્રશ્નોના જવાબ પણ આપવાના રહેશે. દરેક શહેરની વિજેતા ટીમ ગ્રાન્ડ ફિનાલેમાં પ્રવેશ મેળવશે. અહીં અંતિમ તબક્કામાં પહોંચેલી ટીમોને વધુ વિસ્તૃત કેસનો અભ્યાસ કરીને તેના આધારે પોતાની ભલામણો રજૂ કરવાની રહેશે.

સ્પર્ધામાં મળેલી રજૂઆતોનું મૂલ્યાંકન વિશ્લેષણની ગુણવત્તા, વ્યૂહાત્મક ઊંડાણ, ઉકેલનો વ્યવહારિક અમલ શક્ય છે કે નહીં, બજારના વિવિધ વિકલ્પો વચ્ચેના ફાયદા-ગેરફાયદાની સમજ અને રજૂઆતના આધારે કરવામાં આવશે. વિદ્યાર્થીઓ સંશોધન અને લેખન માટે એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરી શકશે, પરંતુ તેમણે આ ઉપયોગની સ્પષ્ટ જાણકારી આપવી પડશે. મૂલ્યાંકન દરમિયાન વિદ્યાર્થીઓના પોતાના વિશ્લેષણ, ઉકેલના વ્યવહારિક અમલની શક્યતા તથા તેમાં રહેલા જોખમો અને વિવિધ વિકલ્પો વચ્ચેના ફાયદા-ગેરફાયદાની સ્પષ્ટ સમજ પર ખાસ ભાર મૂકવામાં આવશે.

આ સ્પર્ધા વિદ્યાર્થીઓને ગિફ્ટ આઈએફએસસીમાં નવી નાણાંકીય પ્રોડક્ટ્સ વિકસાવવા અને બજારના માળખાને વધુ મજબૂત બનાવવા સાથે સંકળાયેલા વ્યાપારી, નિયમનકારી અને કામગીરીને લગતા પડકારોનો અભ્યાસ કરવાની તક પૂરી પાડશે. નવી પ્રોડક્ટ્સમાં નવીનતા, સંસ્થાઓ વચ્ચેની ભાગીદારી અને સુશાસન જેવા વાસ્તવિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને આ પહેલ વ્યવહારુ ઉકેલોને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરશે. આવા ઉકેલો આંતરરાષ્ટ્રીય નાણાંકીય કેન્દ્ર તરીકે ગિફ્ટ આઈએફએસસીની લાંબા ગાળાની સ્પર્ધાત્મકતા વધારવામાં યોગદાન આપી શકે છે.

ચાંદી 10 મહિના બાદ ₹2 લાખથી નીચે આવી: 4 દિવસમાં ચાંદી ₹15,891 સસ્તી થઈ, સોનું પણ ₹4,978 ઘટ્યું

નવી દિલ્હી, તા.23

ફેસ્ટિવ સીઝન દરમિયાન સોનું અને ચાંદી ખરીદવાનું આયોજન કરી રહેલા લોકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. સોના-ચાંદીના ભાવમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે, જેના કારણે ગ્રાહકોને ખરીદી માટે અગાઉની સરખામણીએ થોડી રાહત મળી રહી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA)ના જણાવ્યા અનુસાર, એક કિલો ચાંદીના ભાવમાં 4,750નો ઘટાડો થયો છે અને ભાવ ઘટીને 1.95 લાખ પર આવી ગયો છે. અગાઉ ગુરુવારે ચાંદીનો ભાવ પ્રતિ કિલો 2 લાખ હતો. આ ઘટાડા સાથે ચાંદી લગભગ 10 મહિના બાદ ફરી એક વખત 2 લાખના સ્તરથી નીચે આવી છે.

સોનાના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. 10 ગ્રામ 24 કેરેટ સોનાની કિંમત 1,246 ઘટીને 1.41 લાખ થઈ ગઈ છે. અગાઉ 22 ઑક્ટોબરે સોનાનો ભાવ 10 ગ્રામ દીઠ આશરે 1.43 લાખ હતો. છેલ્લા ચાર દિવસથી સોના-ચાંદીના ભાવમાં સતત ઘટાડો નોંધાતાં ગ્રાહકો માટે બજારના ભાવ પર નજર રાખવી વધુ મહત્ત્વપૂર્ણ બની છે. જોકે, સ્થાનિક જ્વેલર્સ પાસેથી ઘરેણાં ખરીદતી વખતે મેકિંગ ચાર્જ, GST અને અન્ય લાગુ પડતા ખર્ચને કારણે અંતિમ કિંમતમાં ફેરફાર થઈ શકે છે.

છેલ્લા ચાર દિવસ દરમિયાન સોના અને ચાંદીના ભાવમાં થયેલા ઘટાડાએ બજારમાં નોંધપાત્ર ફેરફાર કર્યો છે. ઉપલબ્ધ આંકડા અનુસાર, આ સમયગાળામાં 10 ગ્રામ સોનું 4,978 સસ્તું થયું છે, જ્યારે એક કિલો ચાંદીના ભાવમાં 15,891નો ઘટાડો નોંધાયો છે. 16 ઑક્ટોબરે સોનાની કિંમત 10 ગ્રામ દીઠ 1.46 લાખ હતી, જ્યારે ચાંદીનો ભાવ પ્રતિ કિલો 2.10 લાખ હતો. ત્યારથી બંને કિંમતી ધાતુઓના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે.

સોના-ચાંદીના ભાવમાં થતી વધઘટની સીધી અસર ઘરેણાં ખરીદનારાઓ, જ્વેલર્સ અને રોકાણકારો પર પડે છે. ખાસ કરીને તહેવારો દરમિયાન સોનું અને ચાંદી ખરીદવાનું પ્રમાણ વધતું હોવાથી ભાવમાં થતો ઘટાડો ગ્રાહકો માટે મહત્ત્વનો બની રહે છે. લગ્નસરાની ખરીદી, દિવાળી જેવા તહેવારો અને પરંપરાગત રીતે સોનું ખરીદવાની પ્રથા ધરાવતા પરિવારો માટે ભાવમાં ઘટાડો રાહતરૂપ બની શકે છે.

જોકે, ભાવ ઘટ્યા હોવા છતાં ગ્રાહકોએ ખરીદી કરતાં પહેલાં સ્થાનિક જ્વેલર્સ પાસેથી તાજા દર જાણી લેવા જોઈએ. IBJA દ્વારા જાહેર કરવામાં આવતા દરો અને જ્વેલરીની દુકાનોમાં ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવતી અંતિમ કિંમત વચ્ચે તફાવત હોઈ શકે છે. ઘરેણાંની ડિઝાઈન, શુદ્ધતા, મેકિંગ ચાર્જ અને અન્ય કરના આધારે ખરીદીનો કુલ ખર્ચ બદલાઈ શકે છે.

ચાંદીના ભાવમાં થયેલો તાજેતરનો ઘટાડો ખાસ ધ્યાન ખેંચી રહ્યો છે. ઉપલબ્ધ માહિતી અનુસાર, 17 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીનો ભાવ પ્રથમ વખત પ્રતિ કિલો 2 લાખના સ્તરને પાર ગયો હતો. ત્યારબાદ ચાંદીના ભાવમાં વધુ તેજી જોવા મળી હતી અને આ વર્ષે જાન્યુઆરીમાં તે રેકોર્ડ સપાટીએ પહોંચી હતી. હવે ભાવ ઘટીને 1.95 લાખ પર આવી જતાં ચાંદી ફરી 2 લાખથી નીચે આવી છે. ચાંદીનો ઉપયોગ માત્ર ઘરેણાં અને સિક્કા બનાવવા પૂરતો મર્યાદિત નથી. ઉદ્યોગોમાં પણ ચાંદીનો ઉપયોગ થાય છે, ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ, સોલર પેનલ અને અન્ય ટેક્નોલોજી સંબંધિત ઉત્પાદનોમાં તેની માંગ રહે છે. આ કારણે ચાંદીના ભાવ પર રોકાણકારોની ખરીદી ઉપરાંત ઔદ્યોગિક માંગ અને વૈશ્વિક પુરવઠાની પણ અસર પડે છે.

જ્યારે ચાંદીના ભાવમાં ઝડપથી વધારો થાય છે, ત્યારે કેટલાક ગ્રાહકો ખરીદી મુલતવી રાખે છે. બીજી તરફ, ભાવ ઘટે ત્યારે ઘરેણાં, સિક્કા અથવા રોકાણ માટે ચાંદી ખરીદવાની ઈચ્છા વધી શકે છે. તેમ છતાં, ભાવમાં ઘટાડો થયો છે એટલે આગળ પણ ભાવ સતત ઘટશે એવું માનવું યોગ્ય નથી. કિંમતી ધાતુઓના ભાવમાં વૈશ્વિક બજારની સ્થિતિ પ્રમાણે ફરી વધારો પણ થઈ શકે છે.

આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. ઉપલબ્ધ આંકડા અનુસાર, 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીનો ભાવ પ્રતિ કિલો 2.30 લાખ હતો. ત્યારબાદ 29 જાન્યુઆરીએ તેમાં જોરદાર તેજી જોવા મળી હતી અને ચાંદીનો ભાવ 3.86 લાખની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચ્યો હતો. જોકે, ત્યારપછીના સમયગાળામાં ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. આપેલા આંકડા પ્રમાણે, રેકોર્ડ સપાટીથી ચાંદી લગભગ 1.85 લાખ સસ્તી થઈ છે. આટલા મોટા ઘટાડાથી ચાંદીના બજારમાં જોવા મળેલી તેજી અને ત્યારબાદના સુધારા વચ્ચેનો તફાવત સ્પષ્ટ થાય છે.

ડ્રાઈવિંગ લાઈસન્સ માટેના ટેસ્ટમાં 75% ગુણ લાવવા પડશે: પહેલા 60% ગુણ જરૂરી હતા, કાર્ડમાં નામ-સરનામું બદલાવવું મફત

નવી દિલ્હી, તા.23

જો તમને નવું ડ્રાઈવિંગ લાઈસન્સ બનાવડાવવું હોય, તો હવે ટેસ્ટમાં પાસ થવા માટે 75% ગુણ મેળવવા પડશે. પહેલાં ટેસ્ટમાં પાસ થવા માટે ઓછામાં ઓછા 60% ગુણ જરૂરી હતા.

પરિવહન મંત્રાલયે ડ્રાઈવિંગ લાઈસન્સના નિયમોનો નવો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. તેના અંતર્ગત ઓછામાં ઓછા 30 મિનિટનું 'સેફ-ડ્રાઈવિંગ ટ્યુટોરિયલ' જોયા પછી ટેસ્ટ પાસ કરવો જરૂરી રહેશે.

આ ઉપરાંત સરકારે આધાર વેરિફિકેશન દ્વારા ઑનલાઈન મળતી કેટલીક સેવાઓની ફી માફ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમાં કાર્ડમાં નામ, સરનામું બદલાવવા જેવી સેવાઓ સામેલ છે.

હવે નવું ડ્રાઈવિંગ લાઈસન્સ બનાવડાવતી વખતે અથવા જૂનું રિન્યૂ કરાવતી વખતે તમને સામાન્ય કાગળને બદલે 'ફોર્મ 7' વાળું મજબૂત અને વોટરપ્રૂફ PVC કાર્ડ જ મળશે. આ દસ્તાવેજો માન્ય રહેશે: ઓળખ, ઉંમર અને સરનામાના પુરાવા તરીકે તમે આધાર કાર્ડ, પાસપોર્ટ, મતદાર ID, ઈ-રેશન કાર્ડ અને જન્મ પ્રમાણપત્રનો ઉપયોગ કરી શકો છો. જો તમે ડ્રાઈવિંગ લાઈસન્સમાં તમારું નામ, સરનામું અથવા અન્ય કોઈ માહિતી બદલાવવા માટે અરજી કરો છો, તો RTO અધિકારીએ 15 દિવસની અંદર તમારું કામ પૂર્ણ કરવું પડશે અથવા અરજી નામંજૂર કરવી પડશે. જો તમારી અરજી કોઈ કારણસર નામંજૂર કરવામાં આવે, તો RTOએ તેનું યોગ્ય અને સ્પષ્ટ કારણ પણ લેખિતમાં જણાવવું પડશે. જો તમે ઓનલાઈન તમારા આધાર વેરિફિકેશન દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સમાં નામ અથવા સરનામું બદલાવો છો, તો તમારી પાસેથી એક પણ રૂપિયાની ફી લેવામાં આવશે નહીં.

ડિજિટલ સેવાઓને પ્રોત્સાહન આપવા માટે સરકારે નામ, સરનામું અને અન્ય વ્યક્તિગત વિગતો અપડેટ કરવા માટેનો ચાર્જ સંપૂર્ણપણે માફ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

સરકારે આ નવા નિયમનો ડ્રાફ્ટ જાહેર કરી દીધો છે અને સામાન્ય જનતા તેમજ નિષ્ણાતો પાસેથી 30 દિવસની અંદર સૂચનો અથવા વાંધાઓ મંગાવ્યા છે. લોકો પાસેથી મળેલા પ્રતિસાદની સમીક્ષા કર્યા બાદ જ આ નવા નિયમોને અંતિમ સ્વરૂપ આપીને લાગુ કરવામાં આવશે. જો તમે ડ્રાઈવિંગ લાઈસન્સમાં તમારું નામ, સરનામું અથવા અન્ય કોઈ માહિતી બદલાવવા માટે અરજી કરો છો, તો RTO અધિકારીએ 15 દિવસની અંદર તમારું કામ પૂર્ણ કરવું પડશે અથવા અરજી નામંજૂર કરવી પડશે. જો તમારી અરજી કોઈ કારણસર નામંજૂર કરવામાં આવે, તો RTOએ તેનું યોગ્ય અને સ્પષ્ટ કારણ પણ લેખિતમાં જણાવવું પડશે.

લિવ ઈનમાં લેખિત કરાર હોય તો દુષ્કર્મનો આરોપ ના ટકી શકે, ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

ગાંધીનગર, તા.23

ગુજરાત હાઈકોર્ટે એક અગત્યના ચુકાદા મારફતે ઠરાવ્યું છે કે, જ્યારે બે પુખ્ત વયના લોકો પરસ્પર સંમતિથી થયેલા લેખિત કરાર હેઠળ સાથે રહે છે અને ત્યારબાદ લેખિત કરાર દ્વારા તેમની ગોઠવણનો અંત લાવે છે, ત્યારે લગ્નના ખોટા વચન પર પીડિતાનો દુષ્કર્મનો દાવો ટકાવી રાખવો મુશ્કેલ બની જાય છે. જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ આર. ટી. વાચ્છાણીની ખંડપીઠે પૂર્વ લિવ ઈન પાર્ટનર મહિલાની અપીલ ફગાવી દીધી હતી અને પીડિતાએ આરોપી પુરુષ સામે નોંધાવેલી દુષ્કર્મની ફરિયાદના કેસમાં આરોપી પુરુષને નિર્દોષ ઠરાવતાં ટ્રાયલ કોર્ટના ચુકાદાને બહાલ રાખ્યો હતો.

ટૂંકમાં હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે, લિવ ઈન રિલેશનશિપમાં લાંબા સમય સુધી સાથે રહેતા પુખ્ત વયના બે વ્યક્તિઓના સંબંધો, તેમના વર્તન અને સંજોગોને ધ્યાનમાં લીધા વિના માત્ર લગ્ન કરવાની ના પાડવામાં આવી હોવાના કારણે માત્ર પુરુષ વિરૂદ્ધ દુષ્કર્મની ફોજદારી કાર્યવાહી ચલાવી શકાય નહીં. અલબત્ત, લગ્નનું વચન શરૂઆતથી જ ખોટા ઈરાદાથી આપવામાં આવ્યું હોય અને તેનો ઉપયોગ મહિલાની સંમતિ મેળવવા માટે થયો હોય, તો તે અલગ કાનૂની પરિસ્થિતિ હોઈ શકે.

ગુજરાત હાઈકોર્ટે બહુ મહત્ત્વપૂર્ણ અવલોકન કરતાં જણાવ્યું કે, 'લાંબા સમયથી ચાલતા લિવ-ઈન સંબંધ જેવા કિસ્સામાં, એવા પ્રસંગો ઊભા થઈ શકે છે જ્યાં તે સંબંધમાં રહેલા પક્ષકારો લગ્નની મહોર દ્વારા તેને ઔપચારિક બનાવવાની તેમની ઈચ્છા અથવા મહેચ્છા વ્યક્ત કરે છે, પરંતુ આ ઈચ્છાની અભિવ્યક્તિ પોતે જ આ સંબંધને એક પ્રકારનો સંબંધ માનતી નથી. આજકાલ, એ સામાન્ય છે કે સ્ત્રી આર્થિક રીતે સ્વતંત્ર છે અને પોતાની શરતો પર પોતાનું જીવન બનાવવા માટે સક્ષમ નિર્ણયો લેવાની ક્ષમતા ધરાવે છે, જેમાં નાણાકીય સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે જેના કારણે આવા લિવ-ઈન સંબંધોનો ફેલાવો થયો છે. અને ફક્ત એટલા માટે કે પક્ષકારો વચ્ચે કોઈ પણ કારણોસર મતભેદ અને વિવાદ ઉદ્ભવે છે, તેટલા કારણ માત્રથી તેને ફોજદારી કાર્યવાહીનો રંગ આપી શકાય નહીં.'

ખંડપીઠે નોંધ્યું કે આ કેસમાં બંને વચ્ચેના લેખિત કરારોમાં પોતાની મરજીથી સાથે રહેવાનો અને આ

માટે કોઈ દબાણ કે લાલચ ન હોવાનો ઉલ્લેખ હતો. 29મી જાન્યુઆરી, 2020ના રોજ થયેલા બીજા કરારમાં પણ બંનેએ પોતાની ઈચ્છાથી અલગ રહેવાનો નિર્ણય કર્યા હોવાનું સ્પષ્ટ થાય છે. આ દસ્તાવેજોમાં મારીપીટ, ધમકી કે બળજબરીથી શારીરિક સંબંધના આક્ષેપોનો ઉલ્લેખ ન હતો.

ફરિયાદી યુવતી અમદાવાદની કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી અને આરોપી સાથે લગભગ એક વર્ષથી પ્રેમસંબંધમાં હતી. ફરિયાદ મુજબ, 14મી ઓગસ્ટ 2019ના રોજ બંને વચ્ચે સાથે રહેવા અને ભવિષ્યમાં લગ્ન કરવા અંગે લેખિત સમજૂતી થઈ હતી. યુવતી તેના માતા-પિતા અને કાકાની જાણકારીમાં યુવક સાથે અલગ રહેવા ગઈ હતી, બંને ભાડાના મકાનમાં પણ સાથે રહેતાં હતાં. ફરિયાદ મુજબ, 29મી જાન્યુઆરી 2020ના રોજ અગાઉનો કરાર રદ કરવા અંગે બીજી સમજૂતી કરવામાં આવી હતી. લિવ ઈન કરાર રદ થયા બાદ યુવતીએ પ્રતિવાદી યુવક વિરૂદ્ધ બીજા દિવસે પોલીસમાં દુષ્કર્મ સહિતના આક્ષેપોની ફરિયાદ નોંધાવી હતી.

આ કેસમાં 31 જાન્યુઆરી 2026એ ટ્રાયલ કોર્ટે યુવકને નિર્દોષ છોડી મૂક્યો હતો. આ ચુકાદાથી નારાજ યુવતીએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. જો કે, હાઈકોર્ટે પણ તેની અપીલ ફગાવી દીધી હતી અને સ્પષ્ટ કર્યું કે, ખોટા લગ્નવચનના આધારે બળાત્કારનો ગુનો સાબિત કરવા માટે માત્ર લગ્ન ન થયાં હોવું પૂરતું નથી. વચન આપતી વખતે આરોપીનો ઈરાદો શરૂઆતથી જ તેને પાળવાનો ન હતો અને મહિલાને શારીરિક સંબંધ માટે ભ્રમિત કરવાનો હતો, તે સાબિત થવું જરૂરી છે.

હાઈકોર્ટના જણાવ્યાનુસાર, અપીલકર્તા અને પ્રતિવાદીનો લાંબા સમયથી ચાલતો સંબંધ, જેમાં તેમના સાથે રહેવા અને એકબીજા સાથે સહવાસ કરવાના સંજોગોનો સમાવેશ થાય છે, તે પણ ફરિયાદીના માતા પિતાની જાણકારી સાથે અલગ ભાડાના રહેઠાણમાં, એવી ધારણાને જન્મ આપે છે કે તેમનો સંબંધ માન્ય સંમતિ પર આધારિત હતો. જ્યારે બે પુખ્ત વયના લોકો, એક લેખિત વ્યવસ્થા હેઠળ ઘણા મહિનાઓ સુધી સાથે રહ્યા પછી, જે પોતે જ સ્વતંત્ર સંમતિ જાહેર કરે છે, ત્યારે પરસ્પર એક લેખિત દસ્તાવેજ દ્વારા તે વ્યવસ્થાનો અંત લાવે છે, ત્યારે તેમાં કોઈ બળજબરી થઈ હોય તે વાત અસ્થાને છે. સાથે સાથે પીડિતા એટલે કે, ફરિયાદ પક્ષનો કેસ કે આ સંબંધ લગ્નના ખોટા વચન અને વારંવાર બળજબરીથી ઉત્પન્ન થયો હતો તે ટકાવી રાખવો મુશ્કેલ બની જાય છે. આ કેસમાં મહિલા અને પ્રતિવાદી પુરુષ વચ્ચેના શારીરિક સંબંધ પણ ફરિયાદીની સતત સંમતિ પર આધારિત હતા અને અલગ થવું પણ સ્વેચ્છિક હતું.

હાઈકોર્ટે એ વાતની પણ નોંધ લીધી હતી કે, લિવ ઈન રિલેશનશિપના કરાર મુજબ, સમજૂતી દસ્તાવેજને અમલમાં મૂકતી વખતે પ્રતિવાદી 20 વર્ષનો હતો અને તે 21 વર્ષનો થાય પછી અપીલકર્તા (પીડિતા) સાથે લગ્ન કરશે તેવી સમજૂતી હતી પરંતુ આવા દસ્તાવેજને કાયદેસર કહી શકાય નહીં કારણ કે, જાહેર નીતિ અને કાયદાની વિરૂદ્ધ છે. ફરિયાદી દ્વારા આક્ષેપ કરાયેલી રીતે પણ તેનો ઉપયોગ કરી શકાતો નથી. આ કેસ શરૂઆતથી જ અપ્રામાણિક ઈરાદાથી લગ્ન કરવાના વચનનો નથી, જેથી આવા વચનની આડમાં જાતીય લાભ મેળવી શકાય.

અહીં પક્ષકારોએ પરસ્પર સંમતિથી સાથે રહેવા માટે લેખિત કરાર કર્યો હતો અને ત્યારબાદ બીજા દસ્તાવેજ દ્વારા તેને પરસ્પર રદ કર્યો હતો. બંને જણાએ કોઈપણ ત્રીજા વ્યક્તિના દબાણ અથવા દબાણ વિના, પોતાની મરજીથી સાથે રહેવાનું નક્કી કર્યું હતું, તેથી પ્રતિવાદી પુરુષ વિરૂદ્ધ લગ્નના ખોટા વચનના આધારે કેસને દુષ્કર્મના દાયરામાં લાવી શકાય નહીં.

અમદાવાદના ચાંગોદરમાં 3.19 લાખની નશાકારક કફ સીરપ સાથે ત્રણ પકડાયા

અમદાવાદ, તા.23

અમદાવાદ ગ્રામ્યના ચાંગોદર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એન્ટી નાર્કોટિક્સ વિંગ (ANW) અને ચાંગોદર પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને મોટા પ્રમાણમાં નશાકારક પદાર્થ ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને પ્રતિબંધિત કોડેઈન યુક્ત નશાકારક કફ સીરપની કુલ 600 બોટલો જપ્ત કરી છે અને આ પ્રકરણમાં સંડોવાયેલા ત્રણ શખસોની ધરપકડ કરીને તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, પોલીસને મળેલી બાતમીના આધારે આ દરોડો કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે નશાકારક કફ સીરપના જથ્થા ઉપરાંત ગુનામાં વપરાયેલી એક કાર, 4 મોબાઈલ ફોન અને કફ સીરપની બોટલો મળીને કુલ 3,19,000 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, પકડાયેલા શખસો આ નશાકારક જથ્થો ગેરકાયદે રીતે ઊંચા ભાવે વેચાણ અર્થે લાવ્યા હતા. આ મામલે પોલીસે અરબાઝખાન અયુબખાન પઠાણ (રહે. ધોળકા), રમઝાનશા કરીમશા ફકીર (રહે. ધોળકા) અને કીરણ ચૌહાણ (રહે. ડરણ ગામ, સાણંદ)ની ધરપકડ કરી છે.

પકડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટ (નારકોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટેન્સ એક્ટ)ની કલમ હેઠળ ચાંગોદર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ નશાકારક કફ સીરપનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કઈ જગ્યાએ પહોંચાડવાનો હતો તે અંગે પોલીસ દ્વારા વધુ ઊંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે.

ગુજરાતના 7 સ્ટેશનો પર નવા કવર શેડ તૈયાર કરાયા, મુસાફરોને તડકા અને વરસાદથી રાહત મળશે....

અમદાવાદ, તા.23

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સગવડ અને સુવિધાઓમાં વધારો કરવાના ભાગરૂપે એક મહત્ત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના ભાવનગર ડિવિઝન હેઠળ આવતા સાત રેલવે સ્ટેશનો પર મુસાફરોની સુવિધા માટે નવા કવર શેડનું નિર્માણ કાર્ય પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ ભાવનગર મંડળના કુંડલી, લાઠીદડ, અલમપર, વઢવાણ સિટી, સોનગઢ, ખોડિયાર મંદિર અને રાણપુર સ્ટેશનોનો સમાવેશ થાય છે.

સ્ટેશનો પર પ્લેટફોર્મ કવર શેડ તૈયાર થઈ જતાં હવે મુસાફરોને કાળઝાળ ગરમી, અસહ્ય તડકો અને ચોમાસામાં વરસાદ જેવી પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓનો સામનો કરવો નહીં પડે અને ટ્રેનની રાહ જોવી વધુ આરામદાયક બનશે. મંડળ રેલ પ્રબંધક (DRM)ના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવી છે, જેનાથી સ્ટેશન પર પ્રાથમિક માળખાકીય સુવિધાઓ વધુ મજબૂત બની છે.

આ અંગે માહિતી આપતાં વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક (Sr. DCM) અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, 'મંડળ રેલ પ્રબંધકના નિર્દેશ મુજબ ભાવનગર ડિવિઝન મુસાફરોની જરૂરિયાતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહ્યું છે. રેલવે સ્ટેશનોના પુનર્વિકાસ અને પાયાની સવલતોના આધુનિકીકરણ દ્વારા પ્રવાસીઓનો મુસાફરીનો અનુભવ શ્રેષ્ઠ બનાવવાનો અમારો સતત પ્રયાસ રહ્યો છે. સ્ટેશન પરિસરોના ઉન્નતીકરણ અને મુસાફર સંતોષમાં સતત વધારો કરવા માટે આગામી સમયમાં પણ આ પ્રકારના સુવિધાજનક કાર્યો ચાલુ રાખવામાં આવશે.'

અમદાવાદના વસ્ત્રાલમાં વેપારી સાથે IT કંપની અને સરકારી પ્રોજેક્ટના નામે ₹1.07 કરોડની છેતરપિંડી, બે સામે ફરિયાદ

અમદાવાદ, તા.23

અમદાવાદના વસ્ત્રાલમાં રહેતા 43 વર્ષીય વેપારી અને તેમના મિત્રને આઈટી કંપનીમાં ડિરેક્ટર બનાવવાની તેમજ ઉંચા નફાની લાલચ આપી બે શખસોએ કુલ 1,07,55,000 રૂપિયાની છેતરપિંડી કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. દુબઈથી પાછા આવેલા માધવ રાજપૂત અને મયુર રાજપૂતે વિદ્યાસેતુ નામની ફેક કંપનીમાં AI પ્રોજેક્ટ્સ અને સરકારી કામકાજના બહાને લાખો રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. અંતે આ માત્ર વિદેશમાં રૂપિયા ટ્રાન્સફર કરવાનું કૌભાંડ હોવાની જાણ થતાં વેપારીએ પોતાના રૂપિયા પાછા માંગતા આરોપીઓ ધમકી આપીને રાતોરાત ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયા છે.

મળતી માહિતી અનુસાર, વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા અને વેપાર કરતા 43 વર્ષીય તેજસ પટેલ દ્વારા મયુર પ્રમોદસિંગ રાજપૂત અને માધવ પ્રમોદસિંગ રાજપૂત વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે. વર્ષ 2018-2019માં વસ્ત્રાલ ખાતે આવેલા એક જીમમાં ફરિયાદી અને આરોપીઓ વચ્ચે મુલાકાત થઈ હતી અને તેઓએ નાના નાણાકીય વ્યવહારો કરી ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો. જાન્યુઆરી 2025માં માધવ દુબઈથી પરત આવ્યો અને તેણે ફરિયાદીને વિદ્યાસેતુ પ્રા. લી. નામની આઈટી કંપનીમાં રોકાણ કરવા જણાવ્યું, જેની વેલ્યુ ટૂંક સમયમાં 140 કરોડ રૂપિયા થવાનું હોવાની લાલચ આપી હતી. શખસે AI સોફ્ટવેર અને દુબઈમાં સફળ પ્રોજેક્ટ્સ ચાલતા હોવાનું કહી તેમજ પોતાની ઓફિસ બતાવી ફરિયાદીને રોકાણ કરવા માટે લાલચ આપી હતી.

આરોપીઓએ ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે પ્રોજેક્ટ કરવાના હોવાનો અને તેમાં કમિશન એજન્ટ તરીકે કામ કરવાનું હોવાનો ખોટો દાવો કરી ફરિયાદીને વધુ વિશ્વાસમાં લીધા હતા. તેઓએ ફરિયાદીને કંપનીમાં 4 ટકા શેર અને ડિરેક્ટર બનાવવાની લાલચ આપી અંગ્રેજીમાં લખેલા લખાણો પર સહીઓ કરાવી લીધી હતી. ત્યારબાદ ફરિયાદી પાસેથી ફેબ્રુઆરીથી એપ્રિલ 2025 સુધી 23,00,000 રોકડા રૂપિયા અને બેંકથી 35,00,000 રૂપિયા સહિત કુલ રૂપિયા 58,00,000 પડાવી લીધા હતા. આ ઉપરાંત ફરિયાદીના મિત્ર મયુરભાઈ મનસુખભાઈ પટેલ પાસેથી પણ 49,50,000 રૂપિયા સહિત બંને પાસેથી કુલ રૂપિયા 1,07,55,000નું રોકાણ કરાવ્યું હતું.

થોડા સમય બાદ કંપનીમાં કામ કરતા એક માણસ દ્વારા ફરિયાદીને જાણવા મળ્યું કે આ કંપની કોઈ સાચા પ્રોજેક્ટ્સ કરતી નથી અને તે માત્ર લોકોના રૂપિયા પડાવીને વિદેશમાં ટ્રાન્સફર કરવાનું કૌભાંડ છે. જ્યારે ફરિયાદીએ પોતાના રૂપિયા પાછા માંગ્યા ત્યારે આરોપીઓએ તેમને બેંક ઓફ બરોડાનો એક ચેક આપ્યો હતો. પરંતુ ફોન પર ધમકી આપી હતી કે ચેક બેંકમાં જમા કરાવવો નહીં અને તેઓ કોઈ રૂપિયા પાછા આપવાના નથી. અંતે આરોપીઓ પોતાની ઓફિસ બંધ કરીને ભાગી ગયા હતા. જેના કારણે ફરિયાદીએ પોતાની અને અન્ય લોકોની રકમ પછી ના મળતા આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ડ્રાઈવિંગ લાઈસન્સ ટેસ્ટમાં હવે 75 ટકા માર્ક્સ ફરજિયાત! એફિડેવિટ પણ નહીં ચાલે, નિયમોમાં ફેરબદલની તૈયારી

અમદાવાદ, તા.23

કેન્દ્ર સરકારે ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા અને તેમાં સુધારા કરાવવાની પ્રક્રિયામાં મોટા ફેરફારો કરવાની દરખાસ્ત રજૂ કરી છે. માર્ગ પરિવહન મંત્રાલયે મોટર વાહન નિયમોમાં સુધારા માટે મુસદ્દો જાહેર કર્યો છે. તેમાં ભારતીય અને વિદેશી નાગરિકો માટે અલગ રંગનાં ડ્રાઈવિંગ લાઈસન્સ, લાઈસન્સધારકની નાગરિકતાનો ઉલ્લેખ, બ્લડ ગ્રુપ અને ઈમરજન્સી સંપર્કની વિગતો ફરજિયાત કરવા સહિતની જોગવાઈઓ સામેલ છે. જોકે, આ ફેરફારો હાલ દરખાસ્તના તબક્કામાં છે.

મુસદ્દા મુજબ, ડ્રાઈવિંગ લાઈસન્સ પર ધારકની નાગરિકતાનો ઉલ્લેખ કરવાની અને ભારતીયો તથા વિદેશી નાગરિકો માટે અલગ રંગની પદ્ધતિ દાખલ કરવાની દરખાસ્ત છે. આ ઉપરાંત લાઈસન્સમાં બ્લડ ગ્રુપ, મોબાઈલ નંબર અને કટોકટીના સમયે સંપર્ક કરી શકાય તેવી વ્યક્તિની વિગતો ફરજિયાત કરવાની જોગવાઈ પણ સૂચવવામાં આવી છે.

હાલના નિયમો હેઠળ માન્ય દસ્તાવેજો રજૂ કરવામાં અસમર્થ અરજદારો ઉંમર અને સરનામાના પુરાવા તરીકે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, ન્યાયિક મેજિસ્ટ્રેટ અથવા નોટરી સમક્ષ કરેલું સોગંદનામું રજૂ કરી શકે છે. નવી



દરખાસ્તમાં આ વિકલ્પ દૂર કરવાની જોગવાઈ છે. જીવન વીમાની પૉલિસીને પણ પુરાવા તરીકે સ્વીકારવામાં નહીં આવે. સરનામાના પુરાવા તરીકે આધાર કાર્ડ, મતદાર ઓળખપત્ર, ઈ-રેશન કાર્ડ તથા અગાઉના ત્રણ મહિનાનાં વીજળી કે ગૅસનાં બિલનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિદેશી નાગરિકોએ ભારતમાં કાયદેસર રીતે રહેતા હોવાનો પુરાવો આપવાનો રહેશે. ઉંમરના પુરાવા તરીકે પાસપોર્ટ, શાળાની બોર્ડની માર્કશીટ, જન્મ પ્રમાણપત્ર અને સરકારી વિભાગ દ્વારા અપાયેલાં ઓળખપત્રો સ્વીકારવાની દરખાસ્ત છે. ઓળખના પુરાવા તરીકે આધાર, પાસપોર્ટ, ઈ-રેશન કાર્ડ અને પાન કાર્ડનો સમાવેશ થાય છે.

સલામત વાહન ચલાવવા અંગેના ઓનલાઈન ટ્યુટોરિયલની કસોટીમાં પાસ થવા માટેના લઘુતમ ગુણ 60 થી વધારીને 75 કરવાની દરખાસ્ત છે. ઉપરાંત આ ટ્યુટોરિયલ ઓછામાં ઓછું 30 મિનિટનું હોવું જોઈએ.

આધાર આધારિત ઓનલાઈન ચકાસણી દ્વારા અરજી કરનારા લોકોને લાઈસન્સમાં સરનામું, નામ અને સંપર્ક નંબર બદલવા જેવી નિર્ધારિત સેવાઓ માટે ફીમાંથી મુક્તિ આપવાની દરખાસ્ત છે. લાઈસન્સની વિગતોમાં ફેરફાર માટેની ઓનલાઈન અરજી 15 દિવસમાં મંજૂર અથવા નામંજૂર કરવાની રહેશે. અરજી નામંજૂર કરવામાં આવે તો તેનું કારણ જણાવવું પડશે. સરનામું બદલવાની અરજી 30 દિવસ સુધી નિર્ણય વિના બાકી રહે તો તેને મંજૂર ગણવાની પણ દરખાસ્ત છે. આ ઉપરાંત લાઈસન્સ રિન્યુઅલ, ડુપ્લિકેટ લાઈસન્સ, વાહનનો નવો વર્ગ ઉમેરવા અને વ્યક્તિગત વિગતોમાં ફેરફાર જેવી સેવાઓ માટે એક સંકલિત અરજીપત્રક રજૂ કરવાનું સૂચવાયું છે. ઉપલબ્ધ વિગતો સારથી પોર્ટલ પરથી ઈલેક્ટ્રોનિક રીતે મેળવવાની જોગવાઈ પણ સામેલ છે.

અમદાવાદ મ્યુનિસિપાલિટીના 7 ઝોનલ સિવિક સેન્ટરો હવે સપ્તાહના સાતેય દિવસ ચાલુ......

અમદાવાદ, તા.23

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સાત જોનના સિવિક સેન્ટરો હવેથી સપ્તાહના સાતેય દિવસ ચાલુ રાખવાનો નિર્ણય કરાયો છે. એટલે કે રજાના દિવસે પણ લોકોને મ્યુનિસિપલની મુખ્ય તમામ સેવાઓ જોનલ સિવિક સેન્ટરો પરથી મળી રહેશે.

સરકારી કચેરીઓની કોઈ પણ ઓફલાઈન કામગીરી સામાન્ય રીતે કામકાજના દિવસો દરમિયાન જ ચાલતી હોય છે. તેના માટે લોકોએ પોતાના નોકરી-ધંધામાંથી સમય કાઢવો પડે છે. આ બાબતને ધ્યાને લઈને હવે અમદાવાદ મ્યુનિસિપલના સાત ઝોન મુજબના સિવિક સેન્ટરો બીજા અને ચોથા શનિવાર તથા દરેક રવિવારની રજાના દિવસે પણ સવારે 9થી બપોરે 4:30 વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવશે. જ્યાં લોકોને ટેક્સ, જન્મ-મરણના દાખલા, હોલ બુકિંગ સહિતની મહત્ત્વની સેવાઓ મળી રહેશે. સૂત્રોના જણાવ્યાનુસાર સિવિક સેન્ટરોમાં વિવિધ કામ માટે દરરોજ આશરે 10થી 12 હજાર શહેરીજનો આવતા હોય છે.

ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ લેતા પહેલાં ચેતજો: અમદાવાદમાં APK ફાઇલ ડાઉનલોડ કરાવી શિક્ષિકાનું ખાતું સાફ

અમદાવાદ, તા.23

અમદાવાદના સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા 60 વર્ષીય નિવૃત્ત મહિલા શિક્ષિકાને બીમાર પુત્ર માટે ડૉક્ટરની અપોઈન્ટમેન્ટ લેવાના બહાને APK ફાઈલ મોકલી સાયબર ગઠિયાએ બેંક ખાતામાંથી 4.32 લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. ઠગબાજોએ મહિલાના ફોનમાં અપોઈન્ટમેન્ટ બુકિંગના નામે APK ફાઈલ ડાઉનલોડ કરાવી સમગ્ર ફોન અને OTP સહિતના મેસેજ અન્ય નંબર પર ફોરવર્ડ કરાવી લીધા હતા.નકશા જુઓ

મળતી માહિતી અનુસાર, સરદારનગર માયા સિનેમા રોડ પર આવેલા ગોપાલપાર્કમાં રહેતા નિવૃત્ત શિક્ષિકા મંજુશ્રી દુર્ગાચરણસિંહ રાજપૂત (ઉં.વ. 60)ના દીકરા સમ્રાટસિંગની તબિયત ખરાબ થઈ હતી. જેથી તેણે ગુગલ પરથી ડૉક્ટર રવિન્દ્રકુમાર લોઢાનો સંપર્ક નંબર મેળવી ફોન કર્યો હતો. સામેવાળા શખસે અપોઈન્ટમેન્ટ ફોર્મ ભરવાના બહાને વોટ્સએપ નંબર પરથી 'appartment_booking_FUD.apk' નામની ફાઈલ મોકલી હતી અને 5 રૂપિયા ઓનલાઈન પ્રોસેસિંગ ફી ભરવા જણાવ્યું હતું. મહિલાએ ફાઈલ ઈન્સ્ટોલ કરી ગુગલ પે મારફતે ચુકવણીનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પેમેન્ટ ફેલ થતાં અને

સામેવાળા શખસની વાતચીત શંકાસ્પદ જણાતાં તેમણે વ્યવહાર અટકાવી દીધો હતો. જો કે, વૃદ્ધાના મોબાઈલ ફોનનો સંપૂર્ણ એક્સેસ અને મેસેજ અન્ય એક મોબાઈલ નંબર પર આપોઆપ ફોરવર્ડ થઈ ચૂક્યા હતા. ગત 21 ઓક્ટોબરના રોજ સવારે તેના બૅંક ખાતામાંથી 75 હજાર રૂપિયા કપાયાનો મેસેજ આવતાં તેઓ તાત્કાલિક માયા સિનેમા સ્થિત બૅંક શાખા ખાતે દોડી ગયા હતા અને એકાઉન્ટ ફ્રીઝ કરાવ્યું હતું. બૅંક સ્ટેટમેન્ટ તપાસતા સામે આવ્યું હતું કે 20મી ઓક્ટોબરના રોજ 1.65 લાખ રૂપિયા અને 21મી ઓક્ટોબરના રોજ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે 2. 69 લાખ રૂપિયા મળી કુલ 4.32 લાખ રૂપિયા ઉપડી ગયા હતા. આ મામલે સરદારનગર પોલીસે ઠગ ટોળકી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599